# અહલે સુન્નત વ જમાઅત

યા'ને

**મસલકે આ'લા હઝરતનું અજોડ મુખપત્ર.......**

બફયઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ

બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ

ISLAMIC WELFARE MISSION GRWB/057/BHARUCH/02 At.: Dayadara, Di. Bharuch Pin. 392020 Guj. India Ph. (02642) 282792, 282911

# બરકાતે ખ્વાજા برکات خواجہ

(માસિક)

**"બરકાતે ખ્વાજા" (માસિક)**

**૧-નવેમ્બર-૨૦૦૫**

રમઝાનુલ મુબારક-શવ્વાલ

હિજરી સન : ૧૪૨૬

વર્ષ : ૦૨ અંક : ૧૧, સળંગ અંક : ૨૩


**★ સ્થાપક અને પ્રકાશક ★**

**ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા**


**★ પત્ર વ્યવહારનુ સરનામું ★**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૨૯૧૧, ૨૮૨૭૯૨, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

Email User ID : islamic@sancharnet.in


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| ★ છુટક નકલ | રૂા. | ૧૦-૦૦ |
| ★ વાર્ષિક લવાજમ | રૂા. | ૧૦૦-૦૦ |
| ★ વિદેશ માટે | £ | 15-00 |
| ★ પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૧૦૦૦-૦૦ |
| ★ આજીવન | રૂા. | ૨૫૦૦-૦૦ |
| ★ વિદેશ માટે પેટ્રન | £ | 150-00 |
| ★ વિદેશ માટે આજીવન | £ | 250-00 |

## ✪ આપ है બેમિષ્લ આકા આપ सा કોઈ नहीं ✪

આપ है બેમિષ્લ આકા આપ सा કોઈ नहीं
આપ के જૈસા જહાં में દુસરા કોઈ नहीं

આપ को તખ્લીક ફર્માકર મસીહાને કહા
ઐ मेरे પ્યારે પયમ્બર આપ सा કોઈ नहीं

કોઈ ઉંચે से ભી ઉંચા हो तो नीया ही रहे
આપ के કદ के બરાબર દુસરા કોઈ नहीं

नक्शे पाએ मुस्तફા पर है ફિદા शम्सो કમર
मोहतरम ઈतना જહાંमें नक्शे पा કોઈ नहीं

કૈસે हो सकता है षानीये ખૈરુલ वरा
જબ જહાંमें षानीये गौषुल वरा કોઈ नहीं

यूं तो दुनिया में હઝારોં हैं षना ખ્વાને નબી
लेકિन ઉનમें षानीये અહમદ રઝા કોઈ नहीं

જા नशीने બૂ हनीફા મઝહરે અહમદ રઝા
मुફतीये આ'ઝમ के જૈસા બા सફા કોઈ नहीं

ઐ तબस्सुम જિनકા દામન है तुम्हारे हाथमें
ઉન से બઢકર शाફએ रोઝે જઝા કોઈ नहीं


**★ માનદ તંત્રી ★**

**પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (B.sc)**


**નોંધ :** ગ્રાહક નંબર.................. આપનું લવાજમ તા. ............................થી પૂરું થાય છે, નવા વર્ષ માટે લવાજમ મોકલી આપી આભારી કરશો.


નૂરાની આર્ટ, દયાદરા, ફોન : (૦૨૬૪૨) ૨૮૨૭૯૨, ૨૮૨૯૧૧, મોબાઈલ : ૯૪૨૭૪ ૬૪૪૧૧

# બરકાતે ખ્વાજા *(માસિક)* નવેમ્બર-૨૦૦૫

★ વર્ષ : ૦૨ ★ અંક : ૧૧ ★ સળંગ અંક : ૨૩


| નં. | લેખ | લેખક/સંપાદક/રજૂકર્તા | પેજ નં. |
|---|---|---|---|
| ૦૧. | **તંત્રી લેખ : છે કોઈ ગુમરાહી ફેલાવતાં વર્તમાનપત્રો પાસે જવાબ માંગનાર ?!** | **રજૂકર્તા** : પટેલ શબ્બીર અલી રઝવી | ૦૩ |
| ૦૨. | તફસીરે ઝિયાઉલ કુર્આન | **લેખક** : હઝરત પીર કરમશાહ અઝહરી (કાર્યાલય) | ૧૧ |
| ૦૩. | (દર્સે હદીષ) મિર્કાત શર્હે મિશ્કાત | **અઝ** : મુફ્તી અહમદ યારખાં નઈમી رحمۃ اللہ علیہ | ૧૩ |
| ૦૪. | શિફા શરીફ | **લેખક** : હઝરત ઈમામ કાઝી અયાઝ رحمۃ اللہ علیہ<br>(ગુજરાતી અનુવાદક) ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશરફી | ૧૪ |
| ૦૫. | દરેક મુસ્લિમે જાણવો જરૂરી ઈલ્મ એટલે **કાનૂને શરીઅત** | **લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ<br>**અનુવાદક** જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી | ૧૬ |
| ૦૬. | ફતવા વિભાગ | **કાર્યાલય** | ૧૯ |
| ૦૭. | ઈસ્લામ અને આધુનિક શોધો | **લેખક** : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની<br>(ગુજરાતી અનુવાદક) પટેલ શબ્બીર અલી રઝવી | ૨૧ |
| ૦૮. | અનોખો સોદો | **અઝ** : હઝરત મૌલાના હસન આદમ કોલવનવી | ૨૪ |
| ૦૯. | સોનું ચાંદી અને અઝાબ | **કાર્યાલય** | ૨૬ |
| ૧૦. | જાપાનમાં ઈસ્લામ | **રજૂકર્તા** : અલ્તાફ હુસૈન કુરચનવી | ૨૭ |
| ૧૧. | બુદ્ધિવાદ અને ઈસ્લામી અહકામ (હુકમો) | **લેખક** : મૌલાના મુહમ્મદ ઈસ્હાક રઝવી મિસ્બાહી<br>**અનુવાદક** : મૌલાના મુહમ્મદ શાકિર પટેલ મિસ્બાહી | ૨૯ |
| ૧૨. | દારુલ કઝાની વિરૂધ્ધ દંગલખોરોનો બળવો હિંદના બંધારણનું અપમાન છે ! | **લેખક** : જનાબ ખુશ્તર નૂરાની (તંત્રી : જામે નૂર)<br>**રજૂકર્તા** : મુહમ્મદ ઈમરાન રઝા–દયાદરા | ૩૮ |
| ૧૩. | બાળકોનો તર્બિયતી ગુલશન | **કાર્યાલય** | ૪૫ |
| ૧૪. | બરકાતે ખ્વાજાની ટપાલ | **કાર્યાલય** | ૪૬ |


**નોંધ : સ્થળ સંકોચને કારણે લેખમાળા "ગુનાહોનો ઈલાજ", "ઔરતોની હિકાયતો", તથા "અઝવાજે મુતહ્હરાત"નો આ અંકમાં સમાવેશ કર્યો નથી, આવતા અંકથી રાબેતા મુજબ ચાલશે. (ઈન્શાઅલ્લાહ !)**

તંત્રી લેખ

# છે કોઈ ગુમરાહી ફેલાવતાં વર્તમાનપત્રો પાસે જવાબ માંગનાર ?!

ઈસ્લામ એક પાકીઝા મઝહબ છે અને તમામ પ્રકારની બુરાઈઓથી માનવને બચાવવા ચાહે છે. આજે જેનામાં બુદ્ધિનો છાંટો પણ હશે તે સમજી શકે છે કે વ્યભિચાર (ઝિના) એ ખતરનાક બુરાઈ છે અને આડો સંબંધ એ અતિ નીચ કૃત્ય છે. આજે પણ કહેવાતા પ્રગતિશીલ યુગમાં પણ આવા સંબંધો રાખનારને નીચ તથા હલકટ ગણવામાં આવે છે. વ્યભિચારની અતિશયતાનું જ પરિણામ છે કે "ઝિનાની ભેટ એટલે એઈડ્ઝ" જેવી ખતરનાક બીમારીએ જન્મ લીધો. ઉપરાંત વ્યભિચારથી સમાજ વ્યવસ્થા તથા જીવનના બંધારણમાં જે ખલેલ પડે છે તેને સૌ અનુભવી રહ્યા છે કે એના પરિણામે કાંઈ કેટલાય આત્મહત્યાના તથા ખૂનના બનાવો બની રહ્યા છે, કાંઈ કેટલાંય ઘરો વિરાન થઈ ગયાં, સંસ્કૃતિનો નાશ થઈ રહ્યો છે. સુસંસ્કૃત સમાજમાં જીવેલાં માં બાપો પરેશાન છે કે અમારી ઔલાદનું શું થશે ?! પશ્ચિમના અનુકરણમાં આઝાદ ખયાલી તથા સ્વચ્છંદતાએ યુવાન યુવતીઓને ભટકાવી દીધાં છે.

ઈસ્લામ માનવજીવનને ચૈન તથા સુકૂન અર્પવા ચાહે છે એટલે જ યૂરોપની જાનવર જેવી સંસ્કૃતિની જીવન પદ્ધતિથી રોકી પાકીઝા જીવન શૈલી મુજબ જીવવાના આદેશો એણે આપ્યા છે. આજે ઈસ્લામના વિરોધીઓ એને સ્ત્રી આઝાદીનું નામ આપે છે કે સ્ત્રી અંગ પ્રદર્શન કરી છૂટતી પર પુરૂષો સાથે મોજ મજાથી ફરે. પોતાનાં અંગોને દુનિયા સમક્ષ ખોલે, પુરૂષોની જેમ પર પુરૂષો સાથે હરે ફરે અને કુર્આન હદીષનાં ફર્માનોની વિરૂધ્ધ વર્તે તેને પ્રગતિશીલ તથા બોલ્ડ (બહાદુર) મહિલા કહેવાય છે ! તથા કેટલાક વિઘ્ન સંતોષીઓ મુસ્લિમ મહિલાઓને ઉશ્કેરવા માટે ઈસ્લામ વિરૂધ્ધ બગાવત કરવા પ્રેરતા લેખો પણ લખતા ફરે છે. જેમ કે તા. ૨૮–૯–૨૦૦૫ના ગુજરાત સમાચારના પેજ નં. ૮ ઉપર ગુણવંત શાહનો એક લેખ મુસ્લિમ મહિલાઓને ઈસ્લામ વિરૂધ્ધ ઉશ્કેરતો તથા ઈસ્લામના ઉલમા તથા મુફતીઓને "પેલા ફતવાબાજો" જેવા ટીકાત્મક શબ્દો સાથે સંબોધતો રજૂ થયો છે.

લખાણની શૈલી પરથી કોઈપણ ન્યાયપ્રિય વ્યક્તિ સમજી શકે છે કે આ લેખમાં જગા જગા અતિશ્યોક્તિભર્યાં લખાણો રજૂ કર્યાં છે અને "પેલા ફતવાબાજો" શબ્દના ઓથા હેઠળ ઈસ્લામની જ સીધી ટીકા કરવામાં આવી છે. કાશ ! કે લેખક ઈસ્લામનો અભ્યાસ પૂર્વગ્રહના ચશ્મા કાઢીને કરત તો પરિણામ કાંઈ જૂદુ હોત, પણ વાતનું વતેસર અને અર્થના અનર્થ કરીને આડેધડ કલમ ચલાવી વાણી સ્વાતંત્ર્યતાના હક્કનો જાણે દુરુપયોગ થઈ રહ્યો છે.

સૌથી પહેલી વાત તો એ છે કે આ અખ્બાર તથા લેખ લખનારને મુસ્લિમ મહિલાઓની એટલી જ બધી લાગણી છે તો ત્યારે ક્યાં ગયા હતા જ્યારે ફેબ્રુઆરી–માર્ચ ૨૦૦૨ના ગુજરાતનાં કોમી તોફાનોમાં

મુસ્લિમ મહિલાઓના પતિ, પિતા, ભાઈઓ તથા દીકરાઓને સામુહિક રીતે જીવતા સળગાવી દેવામાં આવ્યા હતા, તેમના મકાનોને, તેમની મિલ્કતોને આગ લગાડી દેવામાં આવી હતી, મુસ્લિમ મહિલાઓને જીવતી જલાવી દેવામાં આવી, તેમના પર બળાત્કારો થયા, સગર્ભા સ્ત્રીઓના પેટ ચીરીને બાળકોને હવામાં ઉછાળી તલ્વારની અણી પર ઝીલી મારી નાખવામાં આવ્યાં, ત્યારે આ મુસ્લિમ મહિલાના હમદર્દો ક્યાં હતા ? ત્યારે કેમ એક શબ્દનો દિલાસો ન આપ્યો કે એ દુષ્કૃત્ય કરનારાઓની ટીકાઓ કેમ ન કરી ?! અને મુસ્લિમોના અંગત મામલામાં અત્યારે શા માટે આટલો રસ લઈ રહ્યા છે ?!

અન્ય ધર્મની મહિલાઓ પ્રતિ આંગળી કરતાં પહેલાં પોતાના સમાજની મહિલાઓના હાલ પણ જુઓ ! સ્વામીઓ અને સાધુઓ થકી વ્યભિચાર તથા બળાત્કારનો જુલ્મ સ્ત્રીઓ પર થવાના રોજ નવા નવા સમાચારો તો તમો પેપરોમાં આપો છો ! તેના વિરૂધ્ધ પ્રથમ ચળવળ ઉપાડો ! અહીં એવું તો કાંઈ જ નથી ! (અલ્હમ્દુલિલ્લાહ !) અને ઈસ્લામ ધર્મને પછાત ધર્મથી તાબીર કરનારા પોતાના જ મઝહબનો અભ્યાસ કરે કે ત્યાં સ્ત્રીઓની તથા દલીતોની શું કિમત છે ? અને કેટલી કદર થઈ રહી છે ? આંખે બરાબર દેખાતુ હોય અને ઈસ્લામ પ્રતિના પૂર્વગ્રહથી મગજ બહેર ન મારી ગયું હોત તો વર્તમાન પત્રોમાં રોજ રોજ તેમના પોતાના સમાજમાં દહેજના વાંકે સ્ત્રીઓને જીવતી સળગાવી દેવાના તેમજ બળાત્કારના, છેડતીના, આપઘાતના, ગળુ દબાવી દેવાના બનાવોનો અભ્યાસ કરે અને પ્રથમ પોતાના સમાજમાં સ્ત્રીઓ પર થતા આ જુલ્મ સામે રણશીંગુ ફૂંકી તેનો અંત લાવે ! પછી મુસલમાન સ્ત્રીઓ પ્રતિ હમદર્દી દાખવવા આવે !

ભાઈઓ તથા બહેનો ! વાત કાંઈ જુદી છે ! "દુઃખે પેટ અને કૂટે માથુ !" અસલમાં એમને તકલીફ ઈસ્લામથી છે એટલે એને નીચો સાબિત કરવા જે બહાનુ હાથ ચડે તેને લઈને ફાંફાં મારી રહ્યા છે પણ..

ઈસ્લામ કી ફિતરતમેં કુદરતને લચક દી હૈ-જિત્ના હી દબાઓગે ઉત્ના હી યે ઉભરેગા

મુસ્લિમ મહિલાઓને ઈસ્લામથી બગાવત માટે ઉભારવા ઉશ્કેરણીજનક વાક્યો લેખકે લખ્યાં છે : જેમ કે "મુસ્લિમ સ્ત્રીઓને બુરખાની કેદ વગર જીવવાના દિવસો હવે આવી ગયા છે." "સમગ્ર મુસ્લિમ સમાજને પછાત, ગરીબ, અશિક્ષિત રાખનાર ફતવાબાજોના દિવસો હવે ગણાવા લાગ્યા છે." "મુસ્લિમ મહિલાઓ પેલા ફત્વાબાજોની વિરૂધ્ધ પોતાનો અવાજ બુલંદ કરવા લાગી છે." વગેરે ભ્રામક વાતો ગુજરાત સમાચારના એ લેખમાં લખેલી છે.

લેખક મુસ્લિમ સમાજથી તદ્દન અજાણ હોય તેમ જાણે મુસ્લિમ ઔરતોને બળપૂર્વક બુરખામાં બાંધી કેદમાં પૂરી દીધી હોય તેમ લખે છે કે, "બુરખાની કેદ વગર જીવવાના દિવસો આવી ગયા !" જ્યારે કે ઈસ્લામમાં પર્દો કુર્આન તથા હદીષ (અલ્લાહના તથા રસૂલના ફર્માન) થકી ફર્ઝ થયેલો જ છે ! એ "પેલા" ફત્વાબાજોનો મનઘડત કાનૂન નથી ! પણ એ અલ્લાહનો હુકમ છે અને પર્દો પહેરવામાં પ્રગતિની નિશાની છે. સાંભળો ! કુર્આનમાં અલ્લાહ તઆલાનો આ બાબતે શો હુકમ છે :–

"હે સ્ત્રીઓ ! ઘરોમાં જામીને બેસી રહો ! (એટલે શરઈ જરૂરત વિના ન નીકળો) અને જાહિલિયત (અજ્ઞાનતા, પછાતપણા)ના જમાના જેવો બનાવ શિંગાર ન બનાવતી ફરો !" *(સૂરએ અહઝાબ, રૂકૂઅ–૪)*

સાંભળ્યું ! બેપર્દા ફરવું, અંગ પ્રદર્શન કરવું એ જ જહાલત (અજ્ઞાનતા) છે ! આ તો કુર્આનનો હુકમ છે. કોઈ ફત્વાબાજની વાત નથી ? આગળ સાંભળો કે કઈ કઈ ચીજો પછાત લોકોની છે ?

ઈસ્લામના આગમન પહેલાં સ્ત્રીઓ બેપર્દા રહેતી હતી અને તેમનો ઉપયોગ રમકડાની જેમ નચાવવા થતો હતો. ઉપરાંત તરહ તરહના જુલ્મ થતા હતા. *(વાંચો બરકાતે ખ્વાજા (માસિક), તંત્રી લેખ, ડિસેમ્બર–૨૦૦૪)* સ્ત્રીઓને આ નાચવા નચાવવાનું કાર્ય એ જહાલતનું કાર્ય એટલે કે પછાતપણુ હતું. ઈસ્લામે આવીને સ્ત્રીને પર્દો આપી ઈજ્જતવાન બનાવી અને પછાતપણુ દૂર કર્યું. જૂના માણસો હજીય સાક્ષી આપશે કે નાચવા ગાવાનુ કામ પછાત કહેવાતી જાતીના લોકોની સ્ત્રીઓ તથા પુરૂષો જ કરતા હતા. એટલે એ પ્રકારની હાલની કહેવાતી આઝાદી એ પછાતપણુ જ છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : "જો અલ્લાહથી ડરતી હોઉ તો નઝાકતની વાત ન કરો કે જેથી દિલનો રોગી કાંઈક લાલચ કરે, હા ! સારી વાત કહો !" *(સૂરએ અહઝાબ, પારા–૨૨, રુકૂઅ–૧)*

એટલે કે પર પુરૂષો સાથે નઝાકતભરી રીતે મસ્તીભર્યા રીતે અંદાઝમાં વાત કરવી એ પ્રગતિ નથી પણ પછાતપણુ છે કેમ કે એવી રીતે બદ્‌માશ પ્રકૃતિવાળાને આગળ વધવાનો મોકો મળે છે અથવા સારો માણસ પણ ભટકી જાય છે.

આપણા રબનું ફર્માન છે કે : "અને મો'મિન સ્ત્રીઓથી ફર્માવી દો કે પોતાની નજરો નીચી રાખે." *(સૂરએ નૂર, પારા–૧૮, રુકૂઅ–૧૦)*

આ માહોલ પવિત્ર રાખવાના આદેશો છે જો એના પર દુનિયા ચાલે તો રોજ બરોજ થતા બળાત્કારના તથા ઉકરડામાંથી નવજાત શીશુઓ મળવાના તથા આત્મહત્યાના બનાવો જોવા ન મળત.

એ જ લેખમાં લેખકે લખ્યું કે, "કુર્આનમાં સ્ત્રીઓને પર્દામાં રહેવાનું નથી કહેવાયું કે માથાથી પાની સુધી શરીર ઢાંકેલુ રાખવાનું પણ નથી કહેવાયું." *(ગુજરાત સમાચાર, ૨૮–૯–૨૦૦૫)*

તો શું અંગપ્રદર્શનનું કહેવાયું છે ? સાંભળો ! ક્યાં આગળ પર્દાનો હુકમ છે તેને જોતા ચાલો :–

"અય નબી ! તમારી પત્નીઓ, દીકરીઓ અને મુસલમાનોની સ્ત્રીઓને કહી દો કે પોતાના ચહેરા પર ચાદર નાખેલ રાખે એનાથી તેણીઓ ઓળખવામાં આવશે અને એમને તકલીફ નહીં આપવામાં આવશે. અને અલ્લાહ બખ્શનાર મહેરબાન છે." *(સૂરએ અહઝાબ, રુકૂઅ–૫)*

અને સહાબાને હુકમ થયો કે :–

"જો તમે એમનાથી કોઈ ચીજ માંગો તો પર્દાની બહારથી માંગો, એમાં તમારી અને એમના દિલોની વધારે પવિત્રતા તથા પાકીઝગી છે." *(સૂરએ અહઝાબ, પારા–૨૨, રુકૂઅ–૪)*

હવે એક વાત નોંધી લો કે આવા કેટલાય હુકમો છતાં મોટાભાગની મુસ્લિમ સ્ત્રીઓ પર્દો નથી કરતી એ જ દર્શાવે છે કે એમના પર જબરદસ્તી નથી થતી, નહીં તો એ મુસ્લિમ બાનુઓ આટલી બેપર્દા જોવા ન મળત. અને **અફસોસ એ વાતનો છે કે જો મુસ્લિમ મહિલાઓએ સર્વેએ તથા પુરૂષોએ પણ કુર્આન હદીષના હુકમોનું માન રાખ્યું હોત અને એ હુકમની અવગણના ન કરી હોત તો સમગ્ર મુસ્લિમ સમાજ પર્દાવાળો, યુવાનો નીચી નિગાહ રાખનારા બાઅખ્લાક બાહયા હોત, યુવતીઓ બાઅદબ બાપર્દા હોત તો આવા ઈસ્લામના વિરોધી વર્તમાનપત્રોને મોકો જ ન મળત.** કોઈ ખેલાડી હોય કે મુસ્લિમ નામવાળી હિરોઈનો હોય જો તેણીઓ શરમો હયા અપનાવી પોતાની જાંગો તથા શરીરના અન્ય ભાગો રમતના

દરમ્યાન કે કલાના બહાને પ્રદર્શનમાં ન મૂકત તો આજે વિરોધીઓને આંગળી કરવાનો મોકો જ ન મળત. પણ દુનિયા કમાવા કે નામના પામવાની લાલચમાં કૌમનું નામ બોળનારી આવી કેટલીક મુસ્લિમ નામધારી સ્ત્રીઓના કારણે ઈસ્લામ પર ગૈરો જાત જાતના હુમ્લા કરી રહ્યા છે.

એ લેખકે વિ□ની ઘણી કહેવાતી મુસ્લિમ સ્ત્રીઓનાં નામો તેમનાં કારનામાંઓ સાથે લખ્યાં છે, એમાંથી જેમણે શરીઅતના વર્તુળમાં રહીને જે કાંઈ પોઝીટીવ કાર્યો કર્યાં હશે એમને અમે પણ આવકારીએ છીએ, પણ જેમણે ખુદા તથા રસૂલના આદેશોથી બગાવત કરીને અને તમારી જેવા ચઢામણી કરનારાઓની ચઢામણીમાં આવી શરીઅત વિરૂધ્ધ કામો કર્યાં છે તેમનું આજે પણ બહુમતી મુસ્લિમ સમાજમાં કોઈ જ સ્થાન નથી ! અને અમેરિકાના ચર્ચમાં જુમ્આની નમાઝની ઈમામ બનવાનું નાટક રચનારી અમીના વદૂદ તથા તેણીની સાથી તથા વ્યભિચારીણી, નબાપા પુત્રની માતા ! ઈસ્રા નોઅમાની, એમને સમગ્ર દુનિયાના અને ખૂદ અમેરિકાના સમગ્ર મુસ્લિમ સમાજે વખોડી કાઢેલ છે અને એમને સમગ્ર સમાજ ધિક્કારની દષ્ટિએ જુએ છે.

માટે તમારાં મુસ્લિમ મહિલાઓને ઉશ્કેરણી કરતાં વાક્યોથી કોઈ મહિલા ઉશ્કેરાઈને ઈસ્લામથી ફરી જવાની નથી ! આજે પણ તમે જેમને "પેલા ફત્વાબાજો" કહી વ્યંગમાં સંબોધો છે તેમને જ બહુમતી મુસ્લિમ મહિલાઓ ઈજ્જત સાથે માને છે અને સદા માનતી રહેશે કારણ કે એ "ફત્વાબાજો" કાંઈ મોઢાની વાતો તમારી જેમ નથી હાંકતા બલ્કે અલ્લાહના કલામ કુર્આન તથા રસૂલુલ્લાહ ﷺની વાણીના અભ્યાસના નિષ્ણાત બનીને તેના આધારે ફત્વા આપે છે અને એમાંય કોઈ જબરદસ્તી હિંદ ભરમાં તેના પાલન માટે નથી થતી એ જગજાહેર વાત છે. અને તમે જેને "પેલા ફત્વાબાજો" કહો છો તેમનો મર્તબો ઈસ્લામમાં શું છે તે પણ જોઈ લો :–

રબ તઆલા "ઈમાનવાળા બાઅમલ ઉલમા" માટે ફર્માવે છે : **(અર્થ)** : "હે ઈમાનવાળાઓ ! અલ્લાહનું આજ્ઞાપાલન કરો અને રસૂલનું આજ્ઞાપાલન કરો અને જેઓ તમારામાં ઉલુલઅમ્ર (આલિમો) છે." *(પારા–૫, રુકૂઅ–૫)* એની તફસીરમાં છે કે, **"બાદશાહો હાકિમ છે તો રૈયત પર, પણ ઉલમા બાદશાહો પર હાકિમ છે."** *(તફસીરે કબીર, ભાગ–૧, પેજ–૨૭૪નો ભાવાર્થ)*

મિશ્કાતની એક હદીષમાં છે કે : "આલિમો નબીઓના વારસો છે." અને હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما ની રિવાયત છે કે : "આલિમની સાથે બેસવું ઈબાદત છે." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧૦, પેજ–૮૪)*

મસનદુલ ફિરદૌસમાં હઝરત અબૂઝરથી રિવાયત છે : **અર્થાત** : "આલિમ જમીનમાં અલ્લાહની હુજ્જત અને દલીલ છે તો જેણે આલિમમાં અયબ કાઢયો એ હલાક થઈ ગયો." *(કન્ઝુલ ઉમ્માલ, ભાગ–૧, પેજ–૭૭)*

તૌબીખમાં શૈખે રિવાયત કરી, હઝરત જાબિર બિન અબ્દુલ્લાહ અન્સારીથી નબી ﷺ એ ફર્માવ્યું :

**અર્થાત** : "ઉલમાનો હક્ક હલકો નહીં જાણે પણ ખુલ્લો મુનાફિક." *(ફતાવા રઝવિય્યા, ભાગ–૧૦, પેજ–૧૪૦)*

તફસીરે કબીરમાં છે, નબી ﷺ એ ફર્માવ્યું :–

**અર્થાત :** "જેણે આલિમની તૌહીન કરી એણે ઈલ્મે દીનની નિઃશંક ! તૌહીન કરી અને જેણે ઈલ્મે દીનનું અપમાન કર્યું એણે નબીનું અપમાન કર્યું, અને જેણે નબીની બેઈજ્જતી કરી એણે જિબ્રઈલની બેઈજ્જતી કરી અને જેણે જિબ્રઈલ (علیہ السلام)નું અપમાન કર્યું એણે અલ્લાહનું અપમાન કર્યું, અને જેણે અલ્લાહનું અપમાન કર્યું એનું અલ્લાહ કિયામતના દિવસે અપમાન કરશે." *(તફસીરે કબીર, ભાગ–૧, પેજ–૨૮૧)* આ છે મર્તબો "પેલા ફત્વાબાજો"નો જેઓ બાઈમાન તથા બાઅમલ છે !

આ હતો એક ગૈર મુસ્લિમ વર્તમાન પત્રની ગૈર મુસ્લિમ બેજવાબદાર લેખકની વાતનો જવાબ ! પણ **આપણુ કહેવાતુ મુસ્લિમોનું એક જવાબદાર વર્તમાન પત્ર "ગુજરાત ટુ ડે" દૈનિક જે શરૂ થતાં આપણને ગર્વ હતો કે આપણુ અખ્બાર શરૂ થયું ! પણ તેને શું થયું કે આજકાલ ત્રણ તલાકને એકમાં ફેરવવાની તેને એટલી ફિકર છે જાણે કે કોઈના ઘરમાં કોઈ એવો પ્રસંગ બની ગયો હોય અને અંગત ફિકર દૂર કરવા એ ત્રણ તલાકને એકમાં ફેરવવા મથી રહ્યો હોય !** તા. ૨૫–૯–૨૦૦૫ રવિવારના "ગુજરાત ટુ ડે"માં પેજ નં. ૬ ઉપર પ્રો. ડો. તાહિર મેહમૂદનો "દષ્ટિકોણ" નામે "તલાક અને મુસ્લિમ પર્સનલ લો" એ હેડિંગથી એક લેખ છે તેમજ તા. ૭–૧૦–૨૦૦૫ના ગુજરાત ટુ ડે પેજ નં. ૧૧ ઉપર એ જ મસ્અલાના સંબંધે ન્યૂઝને હાઈ લાઈટ કરવા બ્લોકમાં મૂક્યાં છે. તેનો સાર એ છે કે મુસ્લિમો **ત્રણ તલાકને એક જ માને !** આ રીતે સ્વેચ્છીક વ્યભિચારનો એક મોટો દરવાજો ખુલી રહ્યો છે. કારણ કે ઉમ્મતનો એના પર ઈજમાઅ છે અને ૧૪૦૦ વરસથી રસૂલે પાક, સહાબા તથા ઈમામો, ઉલમા એ જ ફેંસલા પર છે કે **ત્રણ તલાક એટલે ત્રણ જ તલાક ! ત્રણ એટલે એક નહીં ! અને બહુમતી મુસ્લિમોની આબાદી એને માનનારી છે,** પણ ન જાણે આપણુ કહેવાતુ આ "ગુજરાત ટુ ડે" છાપુ કયા લાભ હેઠળ અથવા કઈ મસ્લેહત હેઠળ બહુમતી મુસ્લિમો વિરૂધ્ધ જઈને અમુકના પ્રભાવમાં આવી "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"ના **નવા કાયદા સંગ્રહને જાણે કુર્આનનો તથા હદીષનો આદેશ સમજીને** રસૂલ, સહાબા તથા ઉલમાના મઝહબને પીઠ પાછળ નાખીને તલાકના કાયદામાં છેડછાડ ઉભી કરી બહુમતી મુસ્લિમોને રંજમાં નાખી રહેલ છે. ગૈરો તરફથી થતા હુમ્લા ઓછા પડયા તો આ ઘરમાંથી જ ફાયરીંગ શરૂ કરી આપ્યું !

**આ મઝહબ કોઈ પ્રોફેસરો કે ડોકટરોનાં મંતવ્યોનો મોહતાજ નથી ન તો તલાકના નવા કાયદાનો મોહતાજ છે, આ કાયદામાં કોઈ નવી વૈજ્ઞાનિક શોધ નથી ઉમેરાઈ કે તેહકીક કરવી પડે બલ્કે એના કાયદા વરસોથી રસૂલે પાકે, સહાબાએ તથા ઉમ્મતના મહાન ઈમામોએ ઘડેલા જ છે જેથી એમાં કોઈ બુદ્ધિજીવીને ચાંચ ડૂબાડવાની જરૂરત રહેતી જ નથી, પછી શા માટે કોમ સાથે આ બધું થઈ રહ્યું છે ?!**

"ગુજરાત ટુ ડે"ના એ લેખમાં મુખ્ય વાત એ છે કે :–

"ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"ના નવા કાયદાના પુસ્તકમાં છૂટાછેડા અંગેના પ્રકરણમાં ભાગ ૨૭૮માં સ્પષ્ટપણે જણાવ્યું છે કે, "જો કોઈ વ્યક્તિ તેની પત્ની માટે ત્રણ વાર "તલાક, તલાક, તલાક" શબ્દો ઉચ્ચારે અને ત્યારબાદ સોગંદ પર એવી જાહેરાત કરે કે હકીકતમાં તેનો ઈરાદો પાત્ર

એક તલાક કહેવાનો હતો અને સામાન્ય પ્રથા અનુસાર માત્ર ભાર મૂકવા માટે જ તેણે એક શબ્દને ત્રણવાર ઉચ્ચાર્યો હતો, તો આવા સંજોગોમાં તેનું ત્રણવાર "તલાક" ઉચ્ચારણ માત્ર એક જ વખતની "તલાક" ગણાશે. અહીં નોંધનીય એ છે કે એકવારની "તલાક"ને ઈદ્દતના સમયગાળા દરમિયાન પુરૂષ દ્વારા રદ પણ કરી શકાય છે." *(ગુજરાત ટુ ડે, તા. ૨૫–૯–૦૫)*

કેટલું સરસ ! હવે જે પણ ત્રણ તલાક બોલે પછી કહી દે કે મેં તો ભાર મૂકવા ત્રણવાર કહ્યું ! અને આ વખતમાં સોગંદ શું કુર્આન પણ ઊંચકી લે ! અને કસમ પણ ખાઈ લે ! એવા લોકો મૌજૂદ છે. કેમ કે તલાક આપ્યા બાદ મોટા ભાગે વાસ્તવિક્તાનું ભાન થતાં રસ્તા શોધનારા બહુ લોકો છે. તેમને તો આ મોટો દરવાજો મળી ગયો ! હવે હલાલા વિના પત્નીને ઘરમાં રાખી વ્યભિચારમાં રહેશે અને તે પણ તેને હરામ સમજ્યા વિના વ્યભિચારમાં જીવનભર રહેશે !

જોઈ લો ! અગાઉ પણ અમે ૧–ડિસેમ્બર–૨૦૦૪ બરકાતે ખ્વાજા (માસિક)ના સ્ત્રી વિશેષાંકમાં આ સંબંધે જણાવી ચૂક્યા છીએ. (જેને અવલોકન અર્થે ગુજરાત ટુ ડેને મોકલેલ) **હિંદુસ્તાનની મશ્હૂર અરબી યુનિ. જામિઆ અશ્રફિયા મુબારકપુર**ના સદર મુફતીનો ફત્વો એમાં જોઈ શકો છે કે, **"મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"નું એક મજલિસમાં ત્રણ તલાકોને ખત્મ કરવું અથવા એમાં ફેરફાર કરવું શરીઅતની રોશનીમાં સહીહ નથી બલ્કે ગલત તથા બાતિલ છે.** તેમજ **"મુસ્લિમ પર્સનલ લો બોર્ડ" એ કાંઈ સર્વ મુસ્લિમોની પ્રતિનિધિ સંસ્થા નથી."** *(બરકાતે ખ્વાજા, ડિસેમ્બર–૨૦૦૪)*

આવો ! "મુસ્લિમ પર્સનલ લો બોર્ડ"ના નવા સર્જન કરેલા કાયદાની હકીકત જોઈ લઈએ ! એ માટે નીચેનો પ્રશ્ન તથા જવાબ વાંચો અને ગુમરાહીથી તથા ગુમરાહી ફેલાવતા અખ્બારોથી સાવધાન રહો !

## ત્રણ તલાક સંબંધે સવાલ

શું ફર્માવે છે શરીઅતે પાકના મુફતીઓ નીચેના મસ્અલામાં કે :– ઝયદે આ શબ્દોમાં પોતાની પત્નીને તલાક આપી કે, "તને તલાક, તલાક, તલાક !" તલાક આપ્યા બાદ ઝયદ કસમ ખાઈને કહે છે કે મેં કેવળ એક તલાક આપવાની નિય્યત કરી હતી અને ત્રણ તલાકની નિય્યત ન હતી. તો પ્રશ્ન એ છે કે આ સંજોગોમાં એક તલાક પડશે કે ત્રણ તલાક ? જવાબ અર્પણ કરીને શુક્રિયાનો મોકો આપશો.

-**પ્રશ્નકર્તા :** પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી (ગુજરાત ભરૂચ) *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

**અલ્જવાબ :** મદખુલા (સંભોગ પામેલ) પત્નીને ત્રણ તલાક આપવાથી ત્રણેવ લાગુ થઈ જશે, ચાહે એક મજલિસમાં આપવામાં આવે અથવા વિવિધ મજલિસોમાં, એક સાથે ત્રણેવ આપવામાં આવે અથવા અલગ અલગ આપે. એ જ ચારેવ ઈમામો હઝરત ઈમામે આ'ઝમ અબૂ હનીફા, હઝરત ઈમામ શાફઈ, હઝરત ઈમામ માલિક તથા હઝરત ઈમામ અહમદ ઈબ્ને હંબલ તથા બહુમતી સહાબીઓ رِضْوَانُ اللّٰهِ تَعَالٰی عَلَيْهِمْ اَجْمَعِيْنَનો મઝહબ છે. હઝરત ઈમામ નવવી મુસ્લિમ શરીફની શરહ ભાગ–૧, પેજ–૪૭૮માં લખે છે :–

مَنْ قَالَ لِاِ مْرَاتِهِ اَنْتِ طَالِقٌ ثَلٰثًا فَقَالَ الشَّافِعِیّ وَمَالِكٌ وَاَبُوْحَنِيْفَةَ وَاحْمَدُ وَجَمَاهِيْرُ الْعُلَمَاءِ مِنَ السَّلَفِ وَالْخَلَفِ يَقَعُ الثَّلَاثُ۔

મુસ્લિમ શરીફ, ભાગ–૧, પેજ–૪૬૩માં હઝરત આઈશા સિદીકા رضی اللہ عنہا થી રિવાયત થયેલ છે :

طَلَّقَ رَجُلٌ اِمْرَتَهُ ثَلَاثًا فَتَزَوَّجَهَا ثُمَّ طَلَّقَهَا قَبْلَ اَنْ يُدْخِلَ بِهَا فَارَادَ زَوْجُهَا الْاَوَّلُ اَنْ يَتَزَوَّجَهَا فَسُئِلَ رَسُوْلُ اللّٰهِ ﷺ عَنْ ذَالِكَ فَقَالَ لَا حَتّٰى يَذُوْقَ الْآخَرُ مِنْ عُسَيْلَتِهَا مَاذَاقَ الْاَوَّلُ۔

એક માણસે પોતાની પત્નીને ત્રણ તલાકો આપી દીધી. તે સ્ત્રી સાથે કોઈ અન્ય માણસે નિકાહ કર્યો. પછી બીજા પતિએ તેણી સાથે વતી (સંભોગ) કર્યા વિના તલાક આપી દીધી. પછી તે સ્ત્રીના પ્રથમ પતિએ તેણી સાથે ફરીથી નિકાહ કરવા ઈચ્છયું. એના વિશે રસૂલુલ્લાહ ﷺ ને પૂછવામાં આવ્યું તો આપે ઈર્શાદ ફર્માવ્યો કે, નહીં ! જ્યાં સુધી બીજો પતિ સંભોગ ન કરી લે જેવી રીતે કે પ્રથમ પતિએ સંભોગ કર્યો હતો. આ હદીષ બુખારી શરીફ, ભાગ–૨, પેજ–૭૯૧, ૭૯૨માં પણ છે. આ હદીષથી સાબિત થયું કે ત્રણ તલાક આપ્યા બાદ ઔરતને રજઅત (તલાક પાછી) નથી થઈ શક્તી. એના માટે શરીઅતના તરીકા પ્રમાણે શરઈ "હલાલો" જરૂરી છે. સુનને ઈબ્ને માજહ, પેજ–૧૪૭માં હઝરત આમિર શઅબીથી રિવાયત થયેલ છે. ફર્માવે છે :–

قُلْتُ لِفَاطِمَةَ بِنْتِ قَيْسٍ حَدِّثِيْنِىْ عَنْ طَلَاقِكِ قَالَتْ طَلَّقَنِىْ زَوْجِىْ ثَلَاثًا وَهُمْ خَارِجٌ اِلٰى الْيَمَنْ فَاَجَازَ ذَالِكَ رَسُوْلُ اللّٰهِ ﷺ۔

મેં ફાતિમા બિન્તે કૈસને કહ્યું કે, મને તમારી તલાકનો પ્રસંગ વર્ણવો. તેમણે જણાવ્યું કે મારા પતિએ યમન જતાં ત્રણ તલાકો આપી હતી તો રસૂલુલ્લાહ ﷺ એ ત્રણેવ તલાકોને લાગુ કરી દીધી. ફાતિમા બિન્તે કૈસના પતિએ ત્રણેવ તલાકો એક જ બેઠકમાં બલ્કે એક જ વાક્યમાં આપી હતી જેમ કે દારેકિતન, ભાગ–૨, પેજ–૪૩૦ની રિવાયતમાં છે :–

اَنَّ حَفْصَ بِنْ الْمُغِيْرَ طَلَّقَ اِمْرَأَتَهُ فَاطِمَةَ بِنْتَ قَيْسٍ عَلٰى عَهْدِ رَسُوْلِ اللّٰهِ ﷺ ثَلٰثَ تَطْلِيْقَاتٍ فِىْ كَلِمَةٍ وَاحِدَةٍ فَأَبَانَهَا مِنْهُ النَّبِىُّ ﷺ

હફસ ઈબ્ને મુગીરહએ પોતાની પત્ની ફાતિમા બિન્તે કૈસને રસૂલુલ્લાહ ﷺના જમાનામાં એક જ વાક્યમાં ત્રણ તલાકો આપી હતી તો હુઝૂર ﷺ એ બંનેમાં જુદાઈ કરી આપી.

રહી ગયું ઝયદનું ત્રણ તલાક આપ્યા બાદ એવું કહેવું કે **મેં ત્રણ તલાક આપવાની નિય્યતથી આ વાક્ય નથી કહ્યું બલ્કે એક જ તલાકની નિય્યતથી ત્રણેવ શબ્દો (તલાક, તલાક, તલાક) કહ્યા એ વાત સ્વીકાર્ય નથી. તલાક, તલાક, તલાક સ્પષ્ટ શબ્દો તલાકના છે અને સ્પષ્ટ શબ્દોમાં નિય્યતની જરૂરત નથી, નિય્યત વિના પણ સ્પષ્ટ શબ્દોથી તલાક લાગુ થઈ જાય છે.** તન્વીરુલ અબ્સાર ભાગ–૨, પેજ–૪૨૯, ૪૩૧માં છે :–

صَرِيْحُهُ مَالَمْ يُسْتَعْمَلُ اِلَّا فِيْهِ وَيَقَعُ بِهَا وَاحِدَةً رَجْعِيَةً وَاِنْ نَوٰى اَوْلَمْ يَنْوِ شَيْئًا۔

દુર્રે મુખ્તારમાં છે :– كَرَّرَلَفْظُ الطَلَاقِ وَقَعَ الْكُلُّ وَاِنْ نَوٰى التَّاكِيْدَيْنَ۔ એના હેઠળ રદુલ મુહતાર

ભાગ–૨, પેજ–૪૬૦માં છે :–

اَیْ وَقَعَ الْکُلُّ قَضَاءً وَکَذَا اِذَا اَطْلَقَ اَشْبَاہٗ اَیْ بِاَنْ لَمْ یَنْوِ اِسْتِنَافاً وَلَاتَاکِیْداً لِاَنَّ الْاَصْلَ عَدَمُ التَّاکِیْدِ۔

એટલે કે જો કોઈએ પોતાની પત્નીને કેટલીયે વાર તલાક આપી, તલાક આપી, તલાક આપી, તલાક આપી, કહ્યું તો એના પર નિયમાનુસાર ત્રણેવ તલાકો પડી ગઈ, ભલે તે કહેતો હોય કે મેં કેવળ એક તલાક આપી છે અને બીજા તથા ત્રીજા શબ્દોને તાકીદ (ભાર દર્શાવવા)ની નિય્યતે કહ્યા છે, એ શબ્દોને મેં અલગ તલાક આપવાની નિય્યતે નથી કહ્યા. એ જ પ્રમાણે જો એવું કહે કે મેં બીજા તથા ત્રીજા શબ્દોને ન તો તાકીદના માટે કહ્યા છે અને ન એનાથી અલગ તલાક મુરાદ છે, છતાં પણ ત્રણેવ (તલાક) લાગુ થઈ જશે. હનફી ફિકહના મશહૂર કિતાબ "અલ ઈશ્બાહુવન્નઝાઈર"ભાગ–૧, પેજ–૩૭૬માં છે : اَلتَّاسِیْسُ خَیْرٌ مِنَ التَّاکِیْدِ فَاِذَا اَرَادَ اللَّفْظَ بَیْنَهُمَا۔۔۔ الخ મુજદ્દિદે આ'ઝમ આ'લા હઝરત قدس سرہ ને સવાલ કરવામાં આવ્યો :– ઝૈદનું હિંદાને ત્રણવાર તલાક આપવું એક તલાકનો હુકમ રાખે છે કે ત્રણેવ તલાકો લાગુ થઈ ? અને હલાલાની જરૂરત પડશે કે નહીં ? મના કરવા છતાં ઝયદનું ન માનવું અને સ્પષ્ટ શબ્દોમાં ત્રણવાર એવું કહેવું કે મેં તલાક આપી. આ સંજોગોમાં નિય્યત પર તલાકનો દારોમદાર રહેશે કે નહીં ? અને ઝયદનું એવું કહેવું કે પરત લેવાની નિય્યત હતી, એ વિ□સપાત્ર ગણાશે કે નહીં ?..... એના જવાબમાં આ'લા હઝરત લખે છે : **"વિના શંકાએ ચારેવ ઈમામોના ઈજમાઅ (સર્વસંમતિ)થી ત્રણ તલાકો લાગુ થઈ ગઈ. અને તેણી "હલાલા" વિના તેના માટે હલાલ નથી થઈ શક્તી.** અલ્લાહ તઆલા ફર્માવે છે :–

قَالَ اللّٰهُ تَعَلٰی فَاِنْ طَلَّقَهَا فَلَا تَحِلُّ لَهٗ مِنْ اَحَدٍ حَتّٰی تَنْکِحَ زَوْجاً غَیْرَهٗ۔ આ સંજોગોમાં તલાક પરત લેવાની નિય્યત અલ્લાહના હુકમને બદલવું છે અને આ શબ્દો સ્પષ્ટ છે સ્પષ્ટમાં નિય્યતની જરૂરત નથી હોતી. જેણે એવો ફત્વો આપ્યો છે કે રજઅત (તલાક પરત લેવાની) નિય્યત હતી તો એક રજઈ (પરત લઈ શકાય તેવી તલાક) થઈ તે "ગુમરાહ" છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૫, પેજ–૬૩૮, ૬૩૯)*

એટલા માટે દર્શાવેલ સંજોગોમાં ઝયદની પત્ની પર ત્રણ તલાક મુગ઼લ્લતા થઈ ગઈ (હવે હલાલા વિના તેણી સાથે કદી નિકાહ ન થશે) તેની નિય્યત તથા સોગંદપૂર્વક કહેવાને સ્વીકારવામાં આવશે નહીં. અલ્લાહ બેહતર જાણનાર છે. **લખનાર : (मुफ्ती) मुहम्मद नसीम** *(ખાદિમુલ ઈફતા જામિઆ અશ્રફિયા મુબારકપુર, ૨૮–શાબાન, હિ.સ. ૧૪૨૬ અને ઈ.સ. પ્રમાણે તા. ૩–૧૦–૨૦૦૫)*

આટલી સ્પષ્ટતા પછી આશા છે કે મજકૂર અખ્બાર તલાકના મસ્અલાની સાચી સ્પષ્ટતા કરશે. વળી જો એને ખરેખર મુસ્લિમોની લાગણી જ છે તો મુસલમાન જેનો કલમો પઢે છે તે નબી પાક ﷺના ચારિત્ર્ય પર હુમ્લો કરી બેઅદબી કરતી ફિલ્મ એક અમેરિકન વેબ સાઈટ પર દેખાડવામાં આવી રહી છે એવા સમાચારો મળ્યા છે જેનો મુંબઈમાં તથા સૌરાષ્ટ્રમાં ઉલમાએ તથા આમ મુસ્લિમોએ વિરોધ દર્શાવ્યો છે એની તેહકીક કરીને એના વિરોધમાં, એના બચાવમાં કાંઈક લખશે, કેમ કે નબી પાક ﷺની ઈજ્જત પર હુમ્લો એ અતિ ધૃણાસ્પદ કૃત્ય છે જેને દરેક કલ્મા ગો વખોડશે જ જો તેને તેના નબીથી મહોબ્બત હશે તો ! જો એ મુસ્લિમોનું જ અખ્બાર હોય તો પોતાના નબીની ઈજ્જત પર થતા હુમ્લાઓનો પણ જવાબ આપશે એવી આશા છે.

કુર્આને પાકની તફસીર

# તફસીરે ઝિયાઉલ કુર્આન

ضیاء القرآن

અઝ : ઝિયાઉલ ઉમ્મત હઝરત અલ્લામા પીર કરમશાહ અઝહરી, સજ્જાદાનશીન ભીરા શરીફ (પાક.)

## ★ સૂરએ બકરહ્‌ની તફસીર ★

وَاِذْاَخَذْنَا مِيْثَاقَكُمْ وَرَفَعْنَا فَوْقَكُمُ الطُّوْرَ ط
خُذُوْا مَآاٰتَيْنٰكُمْ بِقُوَّةٍ وَّاسْمَعُوْا ط قَالُوْا سَمِعْنَا
وَعَصَيْنَا ق وَاُشْرِبُوْا فِىْ قُلُوْبِهِمُ الْعِجْلَ بِكُفْرِهِمْ ط
قُلْ بِئْسَمَا يَاْمُرُكُمْ بِهٖٓ اِيْمَانُكُمْ اِنْ كُنْتُمْ
مُّؤْمِنِيْنَ ○ قُلْ اِنْ كَانَتْ لَكُمُ الدَّارُالْاٰخِرَةُ
عِنْدَاللّٰهِ خَالِصَةً مِّنْ دُوْنِ النَّاسِ فَتَمَنَّوُاالْمَوْتَ
اِنْ كُنْتُمْ صٰدِقِيْنَ ○ وَلَنْ يَّتَمَنَّوْهُ اَبَدًا م بِمَاقَدَّمَتْ
اَيْدِيْهِمْ ط وَاللّٰهُ عَلِيْمٌ م بِالظّٰلِمِيْنَ ○ وَلَتَجِدَنَّهُمْ
اَحْرَصَ النَّاسِ عَلٰى حَيٰوةٍ ج وَمِنَ الَّذِيْنَ
اَشْرَكُوْا ج يَوَدُّاَحَدُهُمْ لَوْيُعَمَّرُ اَلْفَ سَنَةٍ ج وَمَاهُوَ
بِمُزَحْزِحِهٖ مِنَ الْعَذَابِ اَنْ يُّعَمَّرَ ط وَاللّٰهُ بَصِيْرٌ
بِمَا يَعْمَلُوْنَ ○ ع قُلْ مَنْ كَانَ عَدُوًّا لِّجِبْرِيْلَ فَاِنَّهٗ
نَزَّلَهٗ عَلٰى قَلْبِكَ بِاِذْنِ اللّٰهِ مُصَدِّقًا لِّمَا بَيْنَ يَدَيْهِ
وَهُدًى وَّبُشْرٰى لِلْمُؤْمِنِيْنَ ○

**તર્જુમો** : "અને યાદ કરો ! જ્યારે અમે લીધો તમારાથી પાકો વાયદો અને બુલંદ કર્યો તમારાં માથાંઓ પર તૂર પહાડ અને તમને હુકમ આપ્યો કે પકડી લો જે અમે તમને આપ્યું મજબૂતીથી, અને (ખૂબ ધ્યાનપૂર્વક) સાંભળો. તેમણે (જીભ વડે) કહ્યું, અમે સાંભળી લીધું અને (દિલમાં કહ્યું) માન્યું નહીં, તૃપ્ત થઈ ચૂક્યા હતાં તેમનાં દિલો વાછરડા(ના ઈશ્ક)થી, એ તેમના સતત ઈન્કારની નહૂસત હતી. ફર્માવો ! ઘણુ જ બુરુ છે જેનો હુકમ કરે છે તમને (આ) તમારું (વિચિત્ર પ્રકારનું) ઈમાન, જો તમે ઈમાનદાર હોઉ[૧૦૮]. તમે ફર્માવો કે જો તમારા માટે જ આખેરતના ઘર(ની રાહતો) અલ્લાહને ત્યાં ખાસ છે સર્વ લોકોને છોડીને તો ભલા આરઝૂ તો કરો મૌતની જો તમે સાચુ કહો છો[૧૦૯]. અને તેઓ હરગિઝ કદી પણ એની તમન્ના કરશે નહીં પોતાના કારસ્તાનો (કરતૂતો)ના ડરથી, અને અલ્લાહ સારી રીતે જાણે છે જાલિમોને અને તમે યકીનન ! પામશો તેઓને સૌ લોકોથી વિશેષ હવસ રાખનારા જિંદગીની એટલે સુધી કે મુશ્રિકો કરતાં પણ (જીવવા માટે અધિક લાલચી છે) એમાંનો દરેક ચાહે છે કે જીવતા રહેવા દેવામાં આવે હજાર વરસ, અને નથી બચાવી શક્તું એમને અઝાબથી આટલા વરસ જીવતા રહેવું અને અલ્લાહ દરેક સમયે જોઈ રહ્યો છે જે કાંઈ તેઓ કરે છે. તમે ફર્માવો ! જે દુશ્મન હોય જિબ્રઈલ (علیہ الصلوٰۃ والتسلیم)નો (તેને ખબર હોવી જોઈએ) કે તેણે ઉતાર્યું કુર્આન આપના દિલ પર અલ્લાહ તઆલાના હુકમથી[૧૧૦] (એ) સમર્થન કરનાર છે એ કિતાબોની જેનાથી અગાઉ ઉતરી, અને સંપૂર્ણપણે હિદાયત તથા ખુશખબરી છે ઈમાનવાળાઓના માટે.

## ★ તફસીર ★

**૧૦૮.** જો આવા બુરા ગુનાહો અને દરેક અલ્લાહના હુકમની ખુલ્લી બગાવત (વિદ્રોહ) છતાં તમને ઈમાનનો દાવો છે ! તો વિચિત્ર છે તમારું આ ઈમાન ! જે તમને બુરાઈ માટે પ્રેરે છે અને નેકીઓથી દૂર રાખે છે ! આ છે કુર્આને કરીમનો દિલને હચમચાવી દેનારા બયાનનો અંદાઝ ! દા'વતે હક્કનો હક્ક અદા કરી આપ્યો. પરંતુ જેમનાં દિલો મુર્દા થઈ ચૂક્યાં હતાં તેઓ એનાથી લાભ ન ઉઠાવી શક્યા.

**૧૦૯.** જે ચીજે એમને હક્કના ઈન્કાર માટે અડગ કરી દીધા હતા તે **એમનો એ અકીદો હતો કે તેમની નજાત યકીની છે અને જન્નતને કેવળ તેમના ખાતર દુલ્હનની જેમ સજાવવામાં આવી રહી છે.** કુર્આને હકીમ તેમના આ પર્દાના પણ ચીરે ચીરા કરી નાખે છે. જો તમે આ દાવામાં સાચા છો તો જરા તમારા માટે મરવાની દુઆ તો કરો ! જેથી આ રંજ તથા તકલીફોના ઘર (દુનિયા)થી નીકળીને જન્નતી કાયમી નેઅમતોથી લાભવંત થાવ. અલ્લાહ તઆલા પેશનગોઈ ફર્માવે છે કે તેઓ કદાપિ કદાપિ એવું નહીં કરે ! અને સાચે જ એઓ એવું ન કરી શક્યા. તેમના માટે કેટલું સરળ હતું કે મરવાની આરઝૂ કરીને કુર્આનના આ એલાનને જૂઠલાવી દેતા ! પરંતુ તેઓ દિલના ઊંડાણોમાં સારી રીતે જાણતા હતા કે આ ખેલ નથી ! જો તેમણે તમન્ના કરી તો તેમની જિંદગીનો ચિરાગ તે જ પળે બુઝાવી દેવામાં આવશે. હુઝૂર ﷺ થી રિવાયત છે કે **જો યહૂદીઓ એ વખતે મરવાની તમન્ના કરતા તો એક પણ જીવંત ન બચત.**

**૧૧૦.** યહૂદીના એક આલિમ અબ્દુલ્લાહ ઈબ્ને સોરયાએ હુઝૂર કરીમ ﷺ ને પૂછયું કે કયો ફરિશ્તો વહી લઈને તમારી પાસે આવે છે ? હુઝૂરે ફર્માવ્યું, જિબ્રઈલ અમીન. ઈબ્ને સોરયા કહેવા લાગ્યો કે તે તો અમારો જૂનો દુશ્મન છે, હમેશાં ગઝબ તથા અઝાબ જ લઈને અમારા પર ઉતરતો રહ્યો ! અમે તેની લાવેલી વહી પર ઈમાન લાવવાથી લાચાર છીએ ! (એટલે ઈમાન નહીં લાવીએ) આ આયતમાં એને રદિયો આપવામાં આવી રહ્યો છે કે **જિબ્રઈલ عليه السلام પોતાના તરફથી તો કાંઈ નથી કરતા, તેઓ અલ્લાહ તઆલાના આજ્ઞાપાલન માટે નિયુક્ત છે. જો જિબ્રઈલથી તમને દુશ્મની છે તો અલ્લાહ તઆલા પણ તમારો દુશ્મન છે !**

**૧૧૧.** આ શબ્દો વડે ચેતવણી આપી દીધી કે આ વિચિત્ર પ્રકારના લોકો છે જે વહી લઈને અત્યારે જિબ્રઈલ عليه السلام ઉતરી રહ્યા છે તેનાથી તો તૌરાત તથા સર્વ બની ઈસ્રાઈલના અંબિયાનું સમર્થન થઈ રહ્યું છે ! એવું હોવું જોઈતું હતું કે દોડીને તેના પર ઈમાન લાવતા, આ ઉલ્ટી ખોપરીવાળા (યહૂદીઓ) પોતાના દોસ્ત તથા દુશ્મનને પણ **નથી ઓળખતા !**

## આ હતા ઈમાનવાળા લોકો !

હિ.સ. ૫૦માં આફ્રિકાના એક ભયાનક જંગલમાં ૧૦ હજાર મુજાહિદોનું એક સૈન્ય રોકાયું. ત્યાં જયાં જાનવરો, ઝેરીલા સાપ અધિકત્તર હતા. કામિલ ઈબ્ને અસીરમાં છે, હઝરત ઉકબા બિન નાફેઅ رضي الله عنه લશ્કરના અમીર હતા. આપ જંગલની સરહદે આવ્યા અને જંગલી જાનવરોને ઊંચા સ્વરે કહ્યું, "અય સાપો ! જંગલી હિંસક પશુઓ ! નિઃશંક ! અમે રસૂલે ખુદાના સહાબા છીએ ! તમે અહીંથી ચાલ્યા જાવ ! કેમ કે અમે અહીં ઉતરેલા છીએ. હવે પછી મળશે તેને અમે કતલ કરી નાખીશું."

હઝરત ઉકબાનું ફર્માન સાંભળીને જાનવરો પોતાનાં બચ્ચાંઓને પીઠો પર રાખીને ત્યાંથી જવા લાગ્યાં. ત્યાંના રહેવાસી આ કરામત જોઈને મુસલમાન બની ગયા. *(તોહફાએ નજાત, ભાગ-૮, પેજ-૧૯૪)*

દર્સે હદીષે પાક

મિર્આતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

એટલે

# મિર્આત શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની عليه الرحمة والرضوان

(કાર્યાલય)

## ★ હદીષ : ૩૨ ★

હઝરત મઆઝ ઈબ્ને જબલ رضی اللہ عنہથી રિવાયત છે : ફર્માવે છે કે મેં હુઝૂર صلی اللہ علیہ وسلمને ફર્માવતાં સાંભળ્યા કે જે અલ્લાહને એ હાલમાં મળે કે તેની સાથે કોઈ ચીજને શરીક ન કરતો હોય[૧] પાંચેવ નમાઝો અને રમઝાનના રોઝા અદા કરતો હોય તેને બખ્શવામાં આવશે[૨]. મેં કહ્યું કે શું હું લોકોને આ બશારત ન આપી દઉં ? ફર્માવ્યું, એમને રહેવા દો કે અમલ કરે છે[૩]. તેમનાથી જ રિવાયત છે કે તેમણે નબી કરીમ صلی اللہ علیہ وسلم થી **કામિલ ઈમાન**ના વિશે[૪] પૂછયું. ફર્માવ્યું, એ કે **તમે અલ્લાહના માટે મહોબ્બત તથા અદાવત કરો** અને પોતાની જીભને અલ્લાહના ઝિક્રમાં મશ્ગૂલ રાખો[૫]. અર્ઝ કરી, બીજુ શું યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ફર્માવ્યું કે **લોકોના માટે તે જ પસંદ કરો જે પોતાના માટે ચાહો અને તેમના માટે તે નાપસંદ કરો જે પોતાના માટે પસંદ કરો** છો. *(અહમદ)*

## ★ સમજૂતી ★

**૧.** એટલે કે સર્વ અકીદા ઈસ્લામના ધરાવતો હોય, નજાતના માટે કેવળ તૌહીદનો અકીદો પૂરતો નથી, નહીં તો શૈતાન પણ મુવહ્હિદ (અલ્લાહને એક માનનાર) છે અને તેહકીક પહેલાં કરી લેવામાં આવી છે કે આ પ્રકારની દલીલોમાં (નસોમાં) શિર્કથી મુરાદ કુફ્ર છે.

**૨.** પ્રથમથી જ અથવા છેવટે. કેમ કે તે સમય સુધી જેહાદ, ઝકાત તથા હજ્જ ફર્ઝ ન થયાં હતાં અથવા દરેક શખ્સ એના કાબિલ નથી જેથી એનો ઉલ્લેખ નથી થયો. બખ્શિશથી મુરાદ સગીરા ગુનાહોની બખ્શિશ છે, નહીં તો કબીરા ગુનાહો તૌબા વિના એના બંદાઓના હક્ક અદા કર્યા વિના માફ નથી થતા. (اِلَّاۤ اَنْ یَّشَآءَ رَبُّنَا)

**૩.** એટલે અવામમાં મુજમલ (ખુલાસા વિનાની) હદીષ ન ફેલાવો કે તેઓ એનો મતલબ સમજશે નહીં અને અમલમાં કોશિશ છોડી દેશે. અમે અગાઉ અર્ઝ કરી ચૂક્યા છીએ કે આ હદીષોનું બાદમાં પ્રસિદ્ધ કરવું એટલા માટે હતું કે ઈલ્મે દીન છુપાવવાનો જુર્મ ન લાગુ થઈ જાય. **અને આવી હદીષો મુજતહિદો થકી પબ્લિકના માટે ફાયદામંદ છે.** (કે જેમાં ખુલાસા હોય છે.)

**૪.** એટલે કે મો'મિનની કઈ સ્થિતિ અને કઈ આદત બેહતર છે ? જેમ કે જવાબથી જણાઈ રહ્યું છે.

**૫.** જેથી ઝિક્રની બરકત જીભ સુધી પહોંચે અને એનાથી ઈમાનને શક્તિ પ્રાપ્ત થાય. જે જીભ ઝિકુલ્લાહથી તર રહેશે તે ઈન્શાઅલ્લાહ ! દોઝખની આગથી સળગશે નહીં. ★★★

## જર્સી ગાય વિશે સવાલનો જવાબ

**જર્સી ગાય જ્યારે કે ગાયના પેટથી પેદા થઈ છે તો તેને પાળવી, તેનું દૂધ પીવું, તેનો ગોશ્ત ખાવો સૌ જાઈઝ તથા દુરુસ્ત છે, એટલા માટે કે જાનવરોમાં વંશ (નસબ)નો એતબાર માં થકી હોય છે. માં હલાલ છે તો બચ્ચુ પણ હલાલ છે અને માં હરામ છે તો બચ્ચુ પણ હરામ છે.** ***(રદ્દુલ મુહતાર, પેજ-૪૪, ફતાવા આલમગીરી, ભાગ-૫, પેજ-૨૯૭)*** **ફતાવા રઝવિય્યહ્, ભાગ-૯, નિસ્ફ આખર, પેજ-૭,માં છે : માં જ્યારે હલાલ છે તો બચ્ચુ હલાલ છે કેમ કે જાનવરમાં વંશ માં થકી છે ન કે બાપ થકી.** ***(બહવાલા ફતાવા મર્કઝે તર્બિયતે ઈફતા નં. ૮-ઓઝાગંજ)***

شفا شریف شفا شریف

# શિફા શરીફ

મૂળ લેખક : ફકીહ કાઝી ઈમામ અબુલ્ ફઝ્લ અયાઝ માલિકી ઉન્દલુસી رحمۃ اللہ علیہ

★ ગુજરાતી અનુવાદક ★

ગુલામ હુસૈન આદમભાઈ મો'મિન અશ્રફી *(પાટડીવાળા)*

**(વિભાગ-૫)**

## હુઝૂર ﷺ ની ફસાહત (વાતચીતની મધુરતા) અને બલાગત (સરળ અને સુંદર વાતચીત)

ભાષા અને વર્ણનમાં હબીબે ખુદા ﷺ ની ફસાહત અને બલાગત (મધૂર તથા સુંદર વાતચીતની શૈલી)ની શાન એટલી ઉંચાઈ પર છે કે આપની આ ખૂબીથી કોઈ બુદ્ધિમાન અજાણ નથી. કોઈ બુલંદ હિમ્મત, મિતભાષી (ઓછુ બોલનાર), સરળ અને સુંદર ભાષા બોલનાર, ઈલ્મ અને વિદ્યાના જાણકાર, અંગત અર્થઘટન અને કૃત્રિમતાથી બચનાર પર આ કાર્ય ગુપ્ત નથી કે :–

**અર્થાત** : નબી કરીમ ﷺ ને ભરચક ખૂબીઓ આપેલી છે અને નિરાળી હિકમતો સાથે વિશિષ્ટતા બખ્શવામાં આવી છે. અરબની તમામ ભાષાઓ આપને શિખવાડવામાં આવી જેથી આપ અરબના દરેક કબીલાવાળાથી તેમની ભાષામાં વાતચીત કરતા હતા. અને તેમની દરરોજની બોલચાલની અલંકારિક શૈલી સાથે લેહાઝ રાખતા હતા, એટલે સુધી કે આપના કેટલાય ગૈરવતની (વતન બહારના) સહાબા નબી કરીમ ﷺ થી આપના હુકમોની સમજૂતી અને તફસીરની પૂછપરછ કરતા રહેતા હતા. *(પેજ–૫૮)*

જે આપની વાતચીત, વતર્ણૂકમાં ચિંતન કરે તેના પર ઉક્ત બયાનાતની સચ્ચાઈ સંપૂર્ણપણે :5Ú Y. HX[V G[GALSZLD ﷺ ની મક્કાના કુરૈશ, મદીનાના અન્સાર અને હિજાઝવાસીઓના સાથે વાતચીત એવી ન હતી જેવી ઝી શઆર અલ્હમદાની, તઅમતુલ્હિન્દી, કતન બિન હારિષ અલીમી, અશ્અષ બિન કૈસ અને વાઈલ બિન હજર અલ્કન્દી વિગેરે હઝરમૂતના અમીરો અને યમનના બાદશાહોના સાથે વાતચીત કરતા હતા. જેને આ સિલસિલામાં સંશોધન કરવાનો શોખ હોય તેઓ તે મુબારક પત્રોનું ચિંતન કરે જેને આપે હમદાનને લખ્યા હતા. તેમાં આ પણ લખાણ હતું :–

તમારા માટે ઊંચી, નીચી અને કાંકરીયોવાળી જમીન છે. તો તેનો ખોરાક ખાવ અને તેમાં રોકટોક સિવાય ચરાવો. આપણા માટે તેમના જાનવરો અને ખળાઓથી તે હિસ્સો છે જેને તેઓ વચન અને અમાનતના સાથે આપશે. તેમના માટે સદકાના માલથી ઘરડા ઊંટ અને ઘરડી ઊંટણીઓ છે. અથવા ઊંટનાં બચ્ચાં, ઘરડાં અને ઘેર ઊભાં રહેવાવાળાં ઊંટ જેની ચામડીનાં બિછૌના (પથારી) બને છે. તેમના પર તે ગાય અને બકરી છે જે છટ્ઠા વર્ષમાં હોય અને તે ઊંટ જે પાંચમાં વર્ષમાં હોય. *(પેજ–૫૮)*

અને તે "કલામ"નું ચિંતન કરવું જોઈએ જે આપે "નહદ"થી કર્યું હતું :–

અય અલ્લાહ ! તું તેમના દૂધ, દહીં અને લસ્સીમાં બરકત આપ. અને તેના અમીરને માલ અર્પણ કર અને તેમના માટે થોડું પાણી વહેવડાવ અને તેમના માલ અને ઔલાદમાં બરકત દે. જે નમાઝ કાયમ કરે તેઓ મુસલમાન છે અને જે ઝકાત અદા કરે તે સખી છે. જે સાક્ષી આપે કે અલ્લાહના સિવાય કોઈ મા'બૂદ નથી તેઓ સાચા છે. અય બની નહદ ! તમારા માટે એક શિર્ક અનામત છે અને બીજા માલનો વઝીફો, પરંતુ ઝકાત રોકવી નહીં અને દુનિયવી જિંદગી પર આશિક થઈને રહેવું નહીં અને

નમાઝને પોતાના ઉપર બોજ ગણવો નહીં. *(પેજ: ૫૮–૫૯)*

અને તેમના માટે આપે ફરીઝાના વઝીફાના સિલસિલામાં આ લખ્યું હતું :–

તમારા માટે ઉંમર લાયક ઊંટ, ગાય, અને નવું બચ્ચુ જણેલ, અને ઘોડા સવારીના યોગ્ય અને તોફાની વાછરડો અને રોકવામાં નહીં આવે તમારા પાલતુ જાનવરો અને કાપવામાં નહીં આવે તમારાં કાંટાવાળાં ઝાડ ફળે નહીં ત્યાં સુધી અને રોકવામાં નહીં આવે તમારાં જાનવર જ્યાં સુધી તમારા હૃદયમાં નિફાક ન આવશે. જો વચનભંગ ન કરશો તો વચન પાલન કરવામાં આવશે જેણે વચનભંગ કર્યુ તેણે જુર્મ કર્યુ. *(પેજ–૫૯)*

સંશોધનના ઈચ્છુકે અપેક્ષા રાખવી જોઈએ કે આપના મુબારક પત્રને જુએ જે આપે વાઈલ બિન હજર (નજદના અમીર) અને સરદાર ખુશરુને લખ્યો હતો. આ મુબારક પત્રમાં પણ આ લખાણ લખ્યું હતું : ચોવીસ બકરીઓમાંથી એક બકરી જે દુબળી ન હોય ન તે ઘણી જાડી હોય એટલે માધ્યમ હોય ન કે નાની અને મોટી, અને જમીનની ઉપજમાંથી પાંચમો ભાગ અને જો કુંવારીઓથી વ્યભિચાર કરે તો સો કોરડા મારો અને એક વર્ષ માટે વતન બહાર કરો અને શાદી કરેલ વ્યભિચારીને પથ્થરોથી માર્યા કરો કેમ કે દીનમાં ઢીલ અને પ્રેમ નથી અને અલ્લાહની ફર્ઝોમાં ગુપ્ત રાખવાનું નથી અને નશાવાળી દરેક વસ્તુ હરામ છે અને વાઈલ બિન હજર અમીરો પર હુકૂમત કરે. *(પેજ–૫૯)*

આ મુબારક પત્રની તે મહાન સહીફા (ધર્મગ્રંથ)ને ધ્યાનમાં લેતાં બરાબરીની ભાષા નથી જે આપે અનસ બિન માલિક رضی اللہ عنہ માટે મોકલ્યો હતો ? તે લોકોની વાતચીતની રીત આજ હતી, તેમના ત્યાં બલાગત (અલંકારિક વર્ણન શૈલી) અને લખાણનો અંદાજ આ જ હતો એ માટે જે પ્રકારના શબ્દો તેઓ વાપરતા હતા આબેહૂબ આપે તેમના મામલાઓના સમયે તે જ શબ્દોનો ઉપયોગ કર્યો જેથી લોકોને તેમની ભાષામાં સારી રીતે સમજાવી દેવામાં આવે. સમજાવવાના માટે આપ કુર્આને કરીમની આયતનો સારાંશ પણ તેમની જ ભાષામાં બયાન કરતા હતા જે તે લોકો ઉપયોગ કરતા અને સારી રીતે સમજતા હોય. જેમ કે હદીષે અતીયતુસ્અદીમાં આપે ફર્માવ્યું હતું : "બેશક ! ઊંચો હાથ તે જે આપનારો છે, અને લેવાવાળો હાથ તો નીચો છે." *(પેજ. ૫૯)*

તે લોકો કહેતા હતા કે રસૂલ ﷺ એ અમારા સાથે અમારી જ ભાષામાં વાતચીત કરી છે. અને એ જ પ્રમાણે હદીષે આમિરીમાં છે કે જ્યારે આપનાથી સવાલ પૂછવામાં આવ્યો ત્યારે રસૂલ ﷺ એ ફર્માવ્યું : سَلُ عَنْكَ اَیْ سَلُ عَمَّ شِئْتَ એટલે જે ઈચ્છો તે પૂછો ! سَلُ عَنْكَ કહેવું બની આમિરની બોલી છે.

**શું તમે જાણો છો ?!**

**સવાલ :** નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરે ઈબાદતો શારીરિક કે આર્થિક (બદની તથા માલી) **ફર્ઝો**નો સવાબ માં બાપ વગેરે મૃત્યુ પામેલાંને ઈસાલે સવાબ કરી શકીએ છીએ કે નહીં ? ***(પ્રશ્નકર્તા :** મુહમ્મદ કલીમ મૌલાના ઈકબાલ વોરાસમનીવાળા, બોલ્ટન, યુ.કે.)*

**જવાબ :** નમાઝ, રોઝા, હજ્જ, ઝકાત વગેરે ઈબાદતનો શારીરિક તથા આર્થિક, **ફર્ઝો** તથા **નફલો** સૌનો સવાબ મૈયતને પહોંચાડવો **જાઈઝ** તથા **મુસ્તહબ** છે અને એનાથી મૈયતને ફાયદો પહોંચે છે. જેમ કે રદુલ મુહતારમાં કિતાબુલ જનાઈઝ, ભાગ-ર, પેજ-ર૪૩માં બહરથી તેમજ ફતાવા હિંદિયામાં પણ છે. ***(હવાલો :** કન્ઝુલ ઈમાન ઉર્દૂ માસિક-દિલ્હી, ઓક્ટો-૦૫)*

દરેક મુસ્લિમે જાણવી જરૂરી છે

એટલે

# કાનૂને શરીઅત

**લેખક** : અલ્લામા શમ્સુદ્દીન જોનપૂરી رحمۃ اللہ علیہ

**અનુવાદક** : જનાબ હાફેઝ મૂસા ઝંઘારવી

## જિનનું બયાન

જિન (જિન્નાત)ને આગથી પેદા કર્યા છે. એમાં અમુકને અલ્લાહ તઆલાએ તાકાત આપી છે કે જે શિકલ ચાહે તે બની શકે છે. શરારતખોર, બદ્કાર જિન્નાતને શયતાન કહે છે. એઓ આદમીની જેમ અક્કલ, રૂહ અને શરીર પણ ધરાવે છે. ખાવું, પીવું, જીવવું, મરવું, વંશવૃદ્ધિ કરવી વગેરે માણસની જેમ ગુણો ધરાવે છે, એમનામાં કાફિર, મુસલમાન, સુન્ની બદ્મઝહબ દરેક પ્રકારના હોય છે. એમનામાં બદ્કાર (ખરાબ) જિન્નાતના વજૂદને ન માનવું અને એમ કહેવું કે જિન અને શૈતાન ખરાબ કામની તાકાતનું નામ છે એ **કુફ્ર** છે. (એ પણ નેચરીઓનો અકીદો છે. *-પ્રકાશક*)

## મૌત અને કબ્રનું બયાન

દરેક માણસની ઉંમર નક્કી જ થયેલી છે. ન તો એમાં ઘટાડો થઈ શકે છે, ન તો વધારો. જ્યારે જિંદગીનો ટાઈમ પૂરો થાય છે ત્યારે હઝરત ઈઝરાઈલ علیہ السلام રૂહ ખેંચવા આવી જ પહોંચે છે એ વેળા મરનારને ડાબે જમણે જ્યાં સુધી તેની દૃષ્ટિ પહોંચે છે ત્યાં સુધી ફરિશ્તા જ ફરિશ્તા દેખાય છે. મુસલમાનની પાસે રહમતના ફરિશ્તા હોય છે જ્યારે કાફિર પાસે અઝાબના ફરિશ્તા આવે છે અને એ વેળાએ કાફિરને પણ ઈસ્લામ જ સાચો છે તેનું પૂરું યકીન થઈ જાય છે, પરંતુ એ વેળાનું ઈમાન વિ□સપાત્ર ગણાતું નથી. કારણ કે **ઈમાન તો અલ્લાહ અને તેના રસૂલની વાતો ઉપર જોયા વિના યકીન કરવાનું નામ** છે. જ્યારે હવે એ તો ફરિશ્તાઓને જોયા પછી ઈમાન લાવે છે, માટે જ એવા વખતે ઈમાન લાવવાથી મુસલમાન નહીં થઈ શકે. મુસલમાનની રૂહ (જીવ) સહેલાઈથી ખેંચવામાં આવે છે અને રહમતના ફરિશ્તા ઈજ્જતથી લઈ જાય છે. જ્યારે એનાથી ઉલટું કાફિરની રૂહ ઘણી જ સખ્તાઈથી ખેંચવામાં આવે છે. એને અઝાબના ફરિશ્તાઓ ઘણી જ બેઈજ્જતી સાથે લઈ જાય છે. **મૃત્યુ પછી રૂહ બીજાના શરીરમાં જઈ ફરીથી પેદા થઈ શક્તી નથી બલ્કે કયામત સુધી આલમે બરઝખમાં રહે છે. એમ માનવું કે રૂહ કોઈ બીજા શરીરમાં ચાલી જાય છે (ભલે માણસ હોય કે જાનવર કે ઝાડ પાન) એ તદ્દન ખોટુ-જૂઠું છે, એવું માનવું કુફ્ર છે.** એને જ અવાગુન–તનાસુખ કે અવતાર કહે છે. (જે હિંદુઓની માન્યતા છે. *-પ્રકાશક*)

**મૃત્યુ** : એ છે કે રૂહ (જીવ) શરીરમાંથી નીકળી જાય પરંતુ તે નીકળીને નાબૂદ નથી થતી બલ્કે બરઝખની દુનિયામાં રહે છે. ઈમાન અને અમલ (કરણી)ના આધારે દરેક રૂહને માટે અલગ જગ્યા નક્કી છે. કયામત આવતા સુધી ત્યાં જ રહેશે. કોઈની અર્શની નીચે તો કોઈની આ'લા ઈલ્લીય્યીનમાં, તો કોઈની ઝમઝમના કૂવામાં, તો કોઈની જગા એની કબ્ર ઉપર છે. અને કાફિરોની રૂહ કેદમાં રહે છે. કોઈની બરહુત નામના કૂવામાં, કોઈની સીજ્જિનમાં, તો કોઈની એના મરઘટ કે કબ્ર ઉપર. મતલબ કે રૂહ મરતી કે મટતી નથી બલ્કે બાકી રહે છે. અને જે સ્થિતિમાં પણ હોય અને જ્યાં પણ હોય પોતાના શરીરથી એક પ્રકારનો સંબંધ કાયમ રાખે છે. શરીરની તકલીફથી તેને તકલીફ અને શરીરના આરામથી તેને આરામ મળે છે. જે કોઈ પણ કબ્ર પર આવે તેને જુએ છે ઓળખે છે અને તેની વાત પણ સાંભળે છે. મુસલમાનના માટે તો હદીષ શરીફમાં આવ્યું છે કે જ્યારે મુસલમાન મૃત્યુ પામે

છે તો તેને માટે રસ્તો ખુલ્લો કરી દેવામાં આવે છે કે તે જ્યાં ચાહે ત્યાં જાય.

**નોંધ (૧)** : દુનિયા અને આખેરતની વચ્ચે એક બીજી દુનિયા છે જેને **બરઝખ** કહે છે. મૃત્યુ પછીથી કયામત સુધી દરેક મનુષ્ય તથા જિન્નાતની રૂહોને પોતાના મરતબા પ્રમાણે ત્યાં રહેવાનું છે. દુનિયા કરતાં બરઝખ ઘણુ જ મોટું છે. દુનિયા સાથે બરઝખને એવી જ નિસ્બત છે જેવી રીતે માંના પેટ સાથે દુનિયાને. *(તકમીલુલ ઈમાન અને બહારે શરીઅત)*

**નોંધ (૨)** : ઈમામ ગિઝાલી رحمۃ اللہ علیہ અહયાઉલ ઉલૂમમાં ફર્માવે છે કે કલામે પાકની આયતો, હદીષો અને અકલી દલીલો આ વાત પર ગવાહ છે કે મૌત (મૃત્યુ)નો અર્થ એ જ છે કે ફક્ત હાલતનું બદલાઈ જવું. શરીરથી અલગ થયા બાદ રૂહ બાકી રહે છે ભલે પછી તે અઝાબમાં રહે કે નેઅમતમાં (સુખમાં). શરીરથી અલગ થવાનો મતલબ કે રૂહના તસર્રુફનું બંધન દૂર થઈ જવું, કેમ કે શરીરમાં રૂહની તાબેદારીની શક્તિ ન રહી. એ જ ઈમામ સાહબ પોતાના રિસાલા લદુન્નિયાહ્‌માં ફર્માવે છે કે રૂહ શરીરના મરવાથી મરતી નથી.

હઝરત શાહ અબ્દુલ અઝીઝ رحمۃ اللہ علیہ લખે છે કે, "રૂહકા કુર્બ વ બુઅદ યકસાં અસ્ત" અર્થાત : રૂહને માટે કોઈ જગા દૂર હોય કે નજીક બધું જ બરાબર છે. કોઈ એમ માને કે મરવા પછી રૂહ પણ નેસ્ત–નાબૂદ થઈ જાય છે તે ગુમરાહ (ભટકેલો), બદ્‌મઝહબ છે. મુડદું વાત પણ કરે છે, એની વાત ઈન્સાન અને જિન્નાત સિવાય તમામ જાનવરો પણ સાંભળે છે. દફન કર્યા પછી કબ્ર મુડદાને દબાવે છે. મો'મિન મુસલમાનને એવી રીતે જેવી રીતે માં પોતાના બાળકને પ્યારથી છાતી સાથે દબાવે છે અને કાફિરોને એવી રીતે કે આ તરફની પાંસળીઓ તે તરફ થઈ જાય છે.

જ્યારે લોકો દફન કરીને પાછા ફરે છે, તો મુડદુ તેમના જોડાનો અવાજ પણ સાંભળે છે. તે વેળા મુન્કર–નકીર બે ફરિશ્તા જમીનને ચીરતા આવે છે. એમનો દેખાવ ઘણો જ ડરામણો હોય છે, એમનું શરીર કાળુ, આંખો લીલી અને કાળી, ઉપરાંત ઘણી જ મોટી કે જેમાંથી આગના અંગારા ઝરે છે. એમના બિહામણા વાળ માથાથી પગ સુધી હોય છે. દાંતોથી જમીનને ચીરતા આવે છે. મુડદાને ઢંઢોળીને ગભરાવી મૂકે તેવી રીતે ઉઠાડે છે અને ગુસ્સાથી અવાજની ભયંકરતા વધારીને ત્રણ સવાલ કરે છે :–

**(૧)** તારો ખુદા કોણ છે ? **(૨)** તારો દીન કયો છે ? **(૩)** આ મર્દના વિષયમાં તું શું કહેતો હતો ?

મુડદું જો મુસલમાન છે તો પહેલા સવાલનો જવાબ આપશે કે મારો રબ અલ્લાહ છે. બીજા સવાલનો જવાબ આપશે કે મારો દીન ઈસ્લામ છે અને ત્રીજા સવાલનો જવાબ આપશે કે આ તો અલ્લાહના રસૂલ છે, એમના પર અલ્લાહના તરફથી સલામ અને રહમતો નાઝિલ થાય. હવે આસમાનથી એવો અવાજ આવશે કે મારા બંદાએ સાચું કહ્યું ! એને માટે જન્નતનું પાથરણું પાથરો અને જન્નતનાં કપડાં પહેરાવો, એને માટે જન્નતનો દરવાજો ખોલી દો. હવે જન્નતની ઠંડી ઠંડી અને ખુશબુદાર હવા આવતી રહેશે. જ્યાં સુધી નજર પહોંચશે ત્યાં સુધી કબ્રને વિશાળ અને ચમકતી કરી દેવામાં આવશે. ફરિશ્તાઓ કહેશે, આરામથી સૂઈ જા ! જેવી રીતે શાદીની પ્રથમ રાત્રિએ પરણનાર સૂએ છે. આ નેક અને પરહેઝગાર મુસલમાનો માટે છે, પરંતુ ગુનેહગારોને એમના ગુનાહોના પ્રમાણમાં અઝાબ પણ થશે અને તે એક નક્કી કરેલી મુદ્દત સુધી, પછીથી બુઝુર્ગોની શફાઅત કે ઈસાલે સવાબ કે દુઆએ મગફેરત કે ફક્ત અલ્લાહની મહેરબાનીથી એમના ઉપરથી અઝાબ ઉઠાવી લેવામાં આવશે. પછી આરામ અને આરામ જ છે. અને જો મુડદું કાફિર છે, તો સવાલોના જવાબો આપી નહીં શકે અને કહેશે કે અફસોસ ! મને તો કંઈ જ ખબર નથી ! હવે એક અવાજ આપવાવાળો આસમાનમાંથી અવાજ આપશે કે એ જૂઠો છે ! એને માટે આગના પાથરણા પાંથરો અને આગનાં કપડાં પહેરાવો અને એને માટે

દોઝખનો એક દરવાજો ખોલી દો જેની ગરમી એને પહોંચતી રહે ! પછી અઝાબ આપનારા બે ફરિશ્તાઓ મુકર્રર થઈ ગયા હશે જે મોટા મોટા હથોડાથી એને મારતા રહેશે, અને સાપ, વીંછી પણ કરડતા રહેશે. કયામત સુધી જુદા જુદા અઝાબો થતા રહેશે.

**ચેતવણી** : નબીઓ عَلَيْهِمُ السَّلَام થી કબ્રમાં સવાલો પણ નહીં થાય અને એમને કબ્ર દબાવશે પણ નહીં.બલ્કે સવાલો તો કેટલાક ઉમ્મતીઓને પણ નહીં થાય. જેમ કે જુમ્આ અને રમઝાનમાં મરવાવાળા મુસલમાનોને અને દરરોજ રાત્રે સૂરએ મુલ્ક પઢનારને. કબ્રની અંદર અઝાબ તથા રાહત હોવું સત્ય છે અને એ અઝાબ અને સવાબ બદન અને રૂહ બંને પર છે. બદન પછી ભલે સડી જાય, બળી જાય, કે ધૂળમાં મળી જાય, પરંતુ તેના મૂળ રજકણો કયામત સુધી બાકી રહેશે અને તેના પર જ સવાબ–અઝાબ થશે. અને તેમના પરથી કયામતના દિવસે ફરીથી બદન (શરીર) તૈયાર થશે, અને આ રજકણો કરોડના હાડકામાં ઘણા જ બારીક અને ઘણા જ નાના હોય છે, જે સુક્ષ્મદર્શક યંત્ર વડે પણ જોઈ શકાતાં નથી. ન તેને આગ બાળી શકે છે, ન તો જમીન ખાઈ શકે છે, અને એ જ શરીરનાં બીજ છે, એ જ રજકણોની સાથે શરીરના બીજા ભાગોને અલ્લાહ તઆલા ભેગા કરશે જે ભાગો, ધૂળ, માટી, બનીને આમ તેમ ફેલાઈ ગયેલા હશે. તે ફરી પ્રથમ જેમ શરીરનું રૂપ ધારણ કરી લેશે. રૂહ (આત્મા) એ જ શરીરમાં પ્રવેશી કયામતના મેદાનમાં આવશે એનું નામ હશ્ર છે.

**હશ્ર** : કયામતના દિવસે રૂહોને એમના પહેલાંના શરીરોમાં જ પાછી ફેરવવામાં આવશે, બીજા નવીન શરીરોમાં નહીં. કેમ કે મૂળ રજકણોનું બાકી રહેવું અને વધારાના ભાગોમાં ફેરફાર થવો એથી મૂળ ચીજ બદલાઈ ગએલી ગણાતી નથી પરંતુ એવા ફેરફારો પછી પણ તે અસલ ચીજ રહે છે. જુઓ જેવી રીતે બાળક પેદા થાય છે તો તે કેટલું હોય છે અને કેવું હોય છે, વળી જુવાન થતા સુધીમાં એની શરીર રચના, આકૃતિ, દેખાવ વગેરેમાં ફેરફારો થાય છે. પરંતુ હર પળે, હર સમયે એ તે જ મૂળ બાળક રહે છે. એને પોતાને પણ ખાત્રી હોય છે કે હું મૂળ અસલ તે જ છું જે આજથી પાંચ દસ વર્ષ પહેલાં હતો, તે વેળા પણ હું, હું પોતે જ હતો અને આ આજે પણ હું, હું પોતે જ છું. અને આ વાતને હમેશાં દરેક માણસ દરેક વયમાં સમજે છે. પોતાને માટે પણ અને બીજાને માટે પણ. મુડદાને કબ્રમાં દાટવામાં ન આવે તો પણ જ્યાં પડી રહ્યું હશે અથવા ગમે ત્યાં ફેંકી દીધું હશે, મતલબ કે ગમે ત્યાં હોય તેનાથી ત્યાં સવાલ થશે જ અને ત્યાં અઝાબ અને સવાબ પહોંચશે. એટલે સુધી કે અગર કોઈને વાઘ ખાઈ ગયો હશે તેને વાઘના પેટમાં પણ સવાલ થશે અને ત્યાં તેને અઝાબ અને સવાબ પણ પહોંચશે. કબ્રના અઝાબ અને સવાબનો ઈન્કાર કરવાવાળો **ગુમરાહ** કહેવાશે.

**મસ્અલો** : નબી, વલી, આલિમે દીન, શહીદ, **હાફિઝે કુર્આન કે જે કુર્આન પર અમલ પણ કરતો હોય** અને તે લોકો કે જે મહોબ્બતના દરજ્જાની ઉપર હોય અને તેઓ કે જેમણે કદી કોઈ ગુનોહ નથી કર્યો અને તે કે **જે હમેશાં દુરૂદ શરીફ પઢયા કરે** છે, તેમના શરીરોને કબ્રમાં માટી નહીં ખાઈ શકે. જે માણસ અંબિયાએ કિરામ માટે એવું બોલે કે, "મરીને માટીમાં મળી ગયા" તે ગુમરાહ, બદ્દીન, ખબીષ, અને તૌહીન કરવાવાળાઓમાંથી છે, (જેમ કે દેવબંદી પેશવા ઈસ્માઈલ દહેલ્વીએ એવું જ "તકવિયતુલ ઈમાન"માં જાહેર કર્યું છે. *-પ્રકાશક*) હઝરત શૈખ અબ્દુલહક્ક મુહદ્દિષ દહેલ્વી (رحمۃ اللہ علیہ) પોતાની કિતાબ "સલુક અકરબુસુબુલ"માં લખે છે. બીજા મસ્અલાઓમાં ઘણા ઈખ્તેલાફો અને ઘણા મઝહબો હોવા છતાં ઉમ્મતના આલિમોમાં આ બાબતમાં કોઈ ઈખ્તેલાફ નથી બલ્કે બધા સહમત છે કે હઝરત નબી કરીમ ﷺ કોઈ પણ જાતની તાવીલ–મતલબ ઘડયા વગર, કોઈ પણ જાતના શક વિના પોતાની હકીકી જિંદગીની સાથે કાયમ અને બાકી છે, અને તેઓ ઉમ્મતના અમલોને જુએ અને જાણે છે.




# फतवा विभाग

**સવાલ** : "ઝયદ" સઊદી અરબમાં રહે છે. ત્યાં એક દિવસ અગાઉ ચાંદ નીકળ્યો અને ઝયદે રોઝા રાખવો શરૂ કરી આપ્યો. ૨૮ રમઝાનુલ મુબારકે ઝયદ પોતાના વતન હિંદુસ્તાન આવ્યો. એટલે સુધી કે તેને જાણવા મળ્યું કે લોકોનો અત્યારે સત્તાવીસમો રોઝો છે. હિંદુસ્તાનના લોકોએ ૨૯ રમઝાનુલ મુબારકે ઈદનો ચાંદ જોયો. નજર ન આવ્યો તો ઝયદે કહ્યું કે, "હુઝૂરે અકદસ ﷺએ ઈર્શાદ ફર્માવ્યો કે ચાંદ જોઈને રોઝા રાખો અને ચાંદ જોઈને ઈદ કરો અને જો વાદળ હોય તો ત્રીસની ગણત્રી પૂરી કરો. ઝયદે કહ્યું, મેં ચાંદ જોઈને રોઝા રાખ્યા અને ત્રીસની ગણત્રી પૂરી કરી લીધી. હવે મારા માટે ૩૧મો રોઝો નથી." તો શું ઝયદ પર તમામ મુસલમાનોની જેમ રોઝા રાખવા જરૂરી છે ? બૈયનૂ તુજરૂ

*[**પૂછનાર** : મુહમ્મદઅખ્લાક અહમદ નિઝામી, દારુલ ઉલૂમ અહલે સુન્નત ફયઝુર્રહ્માન–બસ્તી]*

**જવાબ** : ઝૈદ પર સર્વે મુસલમાનોની જેમ રોઝો રાખવો વાજિબ છે કેમ કે અહીં "શહૂદે શહર" એટલે માહે રમઝાનનું હોવું મુતહક્કિક છે. અને માહે રમઝાનને પામે તેણે રોઝા રાખવાનો હુકમ છે. ઈર્શાદે બારી તઆલા છે :– فَمَنْ شَهِدَ مِنكُمُ الشَّهْرَ فَلْيَصُمْهُ.
*(પારા–૨, સૂરએ બકરહ, આયત–૧૫૮)*

તેનું દષ્ટાંત એ છે કે કોઈકે રમઝાનુલ મુબારક અથવા ઈદનો ચાંદ જોયો પણ તેની ગવાહી કોઈક કારણસર રદ કરી દેવામાં આવી દા.ત. ફાસિક છે અથવા ઈદનો ચાંદ એણે એકલાએ જોયો, તો તેનો હુકમ છે કે રોઝો રાખે, ભલે તે ઈદનો ચાંદ જોઈ ચૂક્યો છે. અથવા ઈસ્લામી બાદશાહે ખૂદ ઈદનો ચાંદ જોયો પણ એકલો એણે જ જોયો તો તેને પણ જાઈઝ નથી કે બીજા દિવસે ઈફતાર કરે, બલ્કે તમામ મુસલમાનોની સાથે તેના ઉપર પણ રોઝો રાખવો વાજિબ છે. જેમ કે ફતાવા હિંદિયા, "બાબે સૌમ"માં છે :–

رجل رأى هلال الفطر وشهد ولم تقبل شهادته كان عليه أن يصوم.

અને તેની અમુક લીટીઓ પછી છે :–

ولو رأى الامام وحده أو القاضى وحده هلال شوال لا يخرج الى المصلى ولا يامر الناس بالخروج ولا يفطر لا سرا و لا جهر اكذافى السراج الوهاج.

*(ભાગ–૧, પેજ–૧૯૮)* વલ્લાહુ તઆલા અઅ્લમ.

★★★

**સવાલ** : જે શખ્સ રમઝાન મુબારકમાં ઉમરાના માટે હાજર થાય, પછી ત્યાં રોકાઈ જાય, એટલે સુધી કે હજ્જના દિવસો આવી જાય તો તેની હજ્જ થશે કે નહીં ? બૈયનૂ તુજરૂ

*[**પ્રશ્નકર્તા** : મૌલાના મુહમ્મદ મોહસિન સાહબ દયાદરવી, બોલ્ટન)*

**જવાબ** : જો તે શખ્સે રમઝાનુલ મુબારકમાં જ ઉમરા કરી લીધા અને શવ્વાલનો મહીનો શરૂ થયા બાદ ફરી કદી ઉમરો ન કર્યો તો હજ્જ કરી શકે છે અને તેની હજ્જ કશીય કરાહત વિના જાઈઝ છે, બલ્કે તેણે **જો પહેલાં ફર્ઝ હજ્જ અદા કરી ન હતી તો ફર્ઝ છે,** પણ તેના પર દરેક હાલતમાં જરૂરી છે કે શવ્વાલનો ચાંદ થયા બાદ ઉમરા ન કરે, કેમ કે જ્યારે તે મક્કા મોઅઝ્ઝમામાં મુકીમ થઈ ગયો તો આફાકી ન રહ્યો બલ્કે મક્કીના હુકમમાં થઈ ગયો અને મક્કીના માટે હજ્જે તમત્તુઅ જાઈઝ

નથી. જેમ કે રદ્દે મુહતાર કિતાબુલ હજ્જમાં છે :–

"قال فی البحر ولو أحج رجلا فحج ثم أقام بكمة جاز لان الفرض صار مؤدی والافضل ان يحج ثم يعود الی اهله" اھ

*–(ભાગ–૨, પેજ–૬૧૨)*

અને એમાં પેજ–૫૩૭ પર છે :–

"وصرح فی اللباب بأنه لا يعتمر (قبل الحج) أن بناء علی انه صارفی حکم المکی وأن المکی ممنوع من العمرة فی أشهر الحج وان لم يحج" اھ

અને એમાં પેજ–૫૪૦ પર છે :–

"ومن هذا قلنا لا تمتع لاهل مكة واهل المواقيت" اھ

વલ્લાહુ તઆલા અઅ્લમ. *(દારુલ ઈફતા અમજદિયા અર્શદુલ ઉલૂમ ઓઝાગંજ–બસ્તી બહવાલા : કન્ઝુલ ઈમાન ઉર્દૂ મંથલી, ઓકટો–૦૫)*

## મર્દે વિટીઓ તેમજ ચેઈન, લોકિટ વગેરે પહેરવું કેવું ?!

શરીઅતની રૂએ પુરૂષે ચાંદીની કેવળ એક વિટી, એક જ નંગની પહેરવી જાઈઝ છે જેનું વજન સાડા ચાર માશા (૪.૩ ગ્રામ)થી ઓછુ હોય. તેના સિવાય **પુરૂષ માટે કોઈ અલંકાર હલાલ નથી.** એકથી વધારે વિટીઓ અથવા કોઈ અલંકાર પણ ધાતુ કે કોઈ પણ ચીજનું બનેલ હોય એ પહેરવું સૌ **ગુનોહ તથા નાજાઈઝ** છે.

પણ વર્તમાનકાળમાં ઘણા યુવાનો ગળામાં સોનાની કે અન્ય ધાતુની ચેનો, કડાં, લોકિટ વગેરે પહેરી શણગાર કરે છે. **પબ્લિક તો પબ્લિક કેટલાક જાહિલ કહેવાતા સૂફીઓ તથા બનાવટી પીરોએ વધારે ને વધારે વિટીઓ પહેરવાને પોતે ફકીરી તથા તસવ્વુફ સમજી રાખ્યું છે** ! આ એક ચાંદીની વિટીથી અધિક વિટીઓ પહેરનારા ભલે તે સોનાની હોય કે ચાંદીની અથવા અન્ય કોઈ ધાતુની તમામે તમામ **હરામ** કાર્ય છે અને **તેઓ એ લાયક નથી કે તેમને પીર બનાવવામાં આવે.**

આપણા કેટલાક ભાઈઓ તાંબા, પિત્તળ તથા લોખંડનાં કડાં પહેરે છે (તથા એવી રીંગો આંગળીઓમાં પહેરે છે) અને તેને દર્દ વગેરે કોઈક બીમારીની શિફા ખયાલ કરે છે, તો **એ પણ ગલત** છે. અને **ઈલાજના રૂપે પણ નાજાઈઝ ઘરેણાં, કડાં વગેરે પહેરવાં નાજાઈઝ છે.** *(ફતાવા રઝવિય્યહ, ભાગ–૧૦, પેજ–૧૫)*

કેટલાક લોકો એવું કહે છે, **"આ કડુ તથા વિટી અમે મક્કા શરીફ, મદીના શરીફ કે અજમેર શરીફથી લાવ્યા છીએ !"** ભાઈઓ ! જો એ શરીઅત વિરૂધ્ધ છે તો મક્કા શરીફ, મદીના શરીફ તથા અજમેર શરીફના બજારમાં વેચાવાથી હલાલ નહીં થઈ જાય. અને ત્યાંના બજારોમાં શું શું નથી વેચાતું ?

ભાઈઓ ! તમે તો આજે ત્યાંના બજારોએથી લાવ્યા છો, પણ એને નાજાઈઝ થવાનો હુકમ ૧૪૦૦ વરસો અગાઉથી ત્યાંથી જ આવી ચૂકયો છે.

ખુલાસો એ કે **પવિત્ર શહેરોમાં વેચાવાથી હરામ ચીજ હલાલ નથી થઈ જતી.** (વળી કેટલાક ભાઈઓ હાથમાં હીરોની કે ક્રિકેટરોની નકલ કરતાં **પ્લાસ્ટીકનું રંગીન લોકેટ પહેરે છે** તો એ પણ **નાજાઈઝ** છે કેમ કે **મર્દે સ્ત્રી જેમ શણગાર કરવો જાઈઝ નથી.**)

ભાઈઓ ! અલ્લાહથી ડરો ! અને નાજાઈઝ વિટીઓ, અલંકારો, ચેઈનો, કડાં, લોકિટો પહેરીને અલ્લાહના નાફર્માન ન બનો ! *(અવામી ગલત ફહમિયાં ઔર ઉન્કી ઈસ્લાહ, પેજ–૩૩)*

**★ શું બરકાતે ખ્વાજા તમને ગમ્યું ?! ★**

**જો પસંદ પડયું હોય અને દીન તથા સુન્નિયતની લાગણી હોય તો આજે જ શક્ય તેટલા ગ્રાહકો બનાવીને લવાજમો રવાના કરો ! અને કલમી જેહાદમાં જોડાઈ જાવ !**

-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

Islam & Modern Inventions

# ઈસ્લામ અને આધુનિક શોધો


અરબી લેખક : અલ્લામા અહમદ ઈબ્ને મુહમ્મદ ગમારી હુસૈની

ઉર્દૂ અનુવાદક : અબૂ હમ્માદ મુફતી અહમદમિયાં બરકાતી મારહરવી (પાક.)

ગુજરાતી અનુવાદક : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અમામા છોડીને ઉઘાડા માથે અથવા તુર્કી ટોપીનો રિવાજ

ઈબ્ને લાલે કહ્યું, હઝરત ઈમરાન ઈબ્ને હુસૈનથી રિવાયત છે : રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું : **અમામા મો'મિનનો વકાર અને અરબની ઈજ્જત છે.** જ્યારે અરબો અમામો પહેરવાનું ત્યજી દેશે તો તેમની ઈજ્જત ખત્મ થઈ જશે.'' *–(ઈબ્ને લાલ)*

દયલમીએ મુસ્નદે ફિરદોસમાં હઝરત અબ્બાસથી રિવાયત કરી કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, ''અમામા અરબનો તાજ છે જ્યારે તેઓ તેને છોડી દેશે તો પોતાની ઈજ્જત ખોઈ બેસશે.'' *–(મુસ્નદે ફિરદોસ)*

એ પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના મો'જિઝાઓમાંથી છે, કેમ કે અમામો અરબોના લિબાસમાં સામેલ હતો અને એ કલ્પના પણ ન કરી શકાતી હતી કે અરબો એને ત્યજી દેશે ! પરંતુ જ્યારે ઘણા બધા, અરબી શહેરો અને ઈસ્લામી શહેરોમાં તુર્કીની હુકૂમત કાયમ થઈ તો તુર્કી ટોપીનો રિવાજ પડી ગયો અને લોકોએ અમામા બાંધવા છોડી દીધા, તે વખતથી અરબે પોતાની ઈજ્જત ગુમાવી અને તેમના પર નવી રહેણાંક પધ્ધતિ સવાર થઈ ગઈ. તો જ્યારે નવી રહેણાંક પધ્ધતિએ પોતાના પગો જમાવી લીધા અને અરબોએ તેમની સંસ્કૃતિને અપનાવી લીધી અને દરેક ચીજમાં તેમનું અનુસરણ કર્યું અને કાફિરોએ પોતાનાં માથાં ઉઘાડાં કરી લીધાં, એટલે સુધી કે હેટ પણ ઉતારીને ફેંકી માર્યા તો અરબે એમાં તેમનું અનુસરણ કર્યું અને તેમણે પોતાનાં માથાંઓને ઉઘાડાં કરી લીધાં એટલે સુધી કે હેટ પણ ફેંકી માર્યા તો અરબે એમાં તેમનું અનુસરણ કર્યું અને તેમણે પણ પોતાનાં માથાંઓને ઉઘાડાં કરી લીધાં. અમામો અને તુર્કી ટોપી પણ ત્યજી દીધી, હવે અરબો જાણે ઈસ્લામી ફિતરતથી અલગ થઈ ગયા, કેમ કે તેમણે એ તમામ વાતોમાં એક નાપસંદ આંધળુ અનુકરણ કર્યું, જ્યારે કે પોતાની ઈજ્જત પહેલેથી જ ખોઈ ચૂક્યા હતા. એના બારામાં પણ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો જેને દયલમીએ ઈબ્ને રુકાનાથી રિવાયત કરી. રસૂલલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો, ''મારી ઉમ્મત તે સમય સુધી ફિતરત પર રહેશે જ્યાં સુધી ટોપીઓ ઉપર અમામા બાંધશે.'' (દયલમી) આ હદીષથી જેવી રીતે એક બાજુ એ જણાય છે કે લોકો ટોપી પર અમામો બાંધવાનું છોડી દેશે તેવી જ રીતે એ પણ જાણવા મળ્યું જેના પ્રતિ આજે લોકો અમામો ત્યજીને ઉઘાડે માથે અને અંગ્રેજોનું અનુકરણ કરતા ચાલી નીકળ્યા છે, એટલે દીને ફિતરતથી અલિપ્તતા અને દીન વિરૂધ્ધના અખ્લાકથી પરહેઝ.

## બિભત્સતા તથા બદ્કારી

એક અન્ય ચીજ અજબની એ છે કે યૂરોપના

યુવાનોમાં એક ગૃપ એવું છે જેમણે આ તુર્કી ટોપીમાં અધિક ફેરફાર કરતાં એમાં વિવિધ રંગી ટૂકડા લગાડયા જેમ કે કમ્બલ વગેરેમાં હોય છે. અને તેઓ એવું સમજ્યા કે આ અમારો કૌમી લિબાસ છે. એવા લોકોના બારામાં ખાસ રીતે હદીષોમાં વર્ણન મળે છે જેમ કે તિર્મિઝીએ નવાદિરુલ્ ઉસૂલમાં અનસમાં માલિક رضی اللہ عنہ થી રિવાયત કરી લખ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, "આખર જમાનામાં કારીઓ કીડીઓની જેમ (ખૂબ જ પ્રમાણમાં) જોવા મળશે તો જે વ્યક્તિ એ સમય મેળવે તે પનાહ માંગે એ લોકો ઘણા જ બદ્બૂદાર હશે, વળી રંગીન ટોપીઓ રિવાજ પામશે તો **એ સમયે ઝિનાથી કોઈ શરમ કરવામાં આવશે નહીં અને એ વખતે દીન પર કાયમ રહેવું એવું હશે જેમ કે મુઠ્ઠીમાં અંગારો પકડવો. જે એ સમયે દીન પર કાયમ રહેશે તેને પચાસ માણસો જેટલો બદલો મળશે.** સહાબાએ અર્ઝ કરી કે યા રસૂલલ્લાહ ! તેઓ અમારામાંથી હશે કે તેઓમાંથી ? ફર્માવ્યું, તમારામાંથી !" *(નવાદેરુલ ઉસૂલ, તિર્મિઝી)*

હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم એ રંગીન ટીપોઓનો ઉલ્લેખ કર્યો છે તે આ જ તુર્કી ટોપીઓ છે જે આજથી અગાઉ આટલી પ્રખ્યાત ન હતી. એ વાતનું સમર્થન એના પરથી પણ થાય છે કે આજે ઝિના (વ્યભિચાર) એટલા પ્રમાણમાં આમ છે કે કોઈ એનાથી શરમાતુ પણ નથી ! આ તુર્કી ટોપીઓના રિવાજથી લગભગ પાંચ વરસ બાદ જ્યારે બીજુ વિ□યુદ્ધ થયું તો સ્પેન તથા યૂરોપના લશ્કર શહેર તન્જામાં દાખલ થયાં અને તેમના સબબે એ વિસ્તારમાં વ્યભિચાર એટલા પ્રમાણમાં ફેલાયો કે એનાથી અગાઉ કોઈ ઈસ્લામી શહેરમાં ફેલાયો ન હતો. સ્પેની તથા પશ્ચિમી ફોજો એ હાલતમાં જોવા મળી કે તેઓ ક્યાં તો શહેર આસપાસના વિસ્તારોમાં, ઝાડોની નીચે અને ક્યાંક બાગોની દીવાલોના સહારે દિવસમાં ઔરતોની સાથે આ બિભત્સ કાર્યમાં વ્યસ્ત હતા. ઘણા લોકોએ તેને જોયું. લભગભ ત્રણ વરસ સુધી તન્જામાં એ જ હાલત રહી છેવટે સ્પેની (અલ્લાહની લઅનત તેમના પર) ત્યાંથી જતા રહ્યા તો હાલત કાંઈક સુધરી, જો કે ઘણા ત્યાં રોકાઈ ગયા હતા.

વિચારવાનો મકામ છે કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم નો કૌલ મુબારક :– فلا یستحی یومئذمن الزنا۔ **"તે વખતે ઝિનાથી શરમાવાનું ખત્મ થઈ જશે."** આ ચીજ પર ખૂબ જ ફીટ થાય છે જે તન્જામાં પેદા થઈ એટલે કે "વેશ્યાઘર" અને તમામ તે બિભત્સ કામો કરવાના અડ્ડા જે દુનિયાના દરેક ખૂણામાં સ્થાપિત થયેલા છે. કેમ કે તેમાં પ્રવેશીને બદ્કારી કરનારો તદ્દન શરમાતો નથી. ગવર્નમેન્ટ તથા હાકિમોની મદદથી આ બદ્કારીના અડ્ડાઓને ઉભા કરવા જ ઝિનાનું એલાન કરવું છે, વધુમાં એ કે ગવર્નમેન્ટ થકી આ મામલામાં તેમની મદદ કરવામાં આવે છે અને તેમનું ધ્યાન રાખવામાં આવે છે જેથી તે ઝિનાકાર સ્ત્રીઓની તંદુરસ્તી સચવાઈ રહે. એ ઝિનાકાર ઔરતોને એ હુકમો મળતો હોય છે કે તેણીઓ દર અઠવાડિયે ડોકટર પાસે પોતાને ચેકઅપ કરાવે જેથી તેમની ધારણા પ્રમાણે બીમારીઓ ન ફેલાય. (એ સૌના પર ખુદાની લઅ્નત !) વર્ણન કરેલી હદીષ એ વાતની સ્પષ્ટ દલીલ પૂરી પાડે છે કે નવ આબાદીના સ્થાપન માટે આવેલા લોકો ઈસ્લામી શહેરોમાં પણ બદ્કારીના અડ્ડા સ્થાપિત કરશે. અને એનું સમર્થન હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના આ કથન મુબારકથી થાય છે, "કિયામતની નિશાનીઓમાંથી એ છે કે ઈલ્મ ઉઠાવી લેવામા આવશે, અજ્ઞાનતાની અધિક્તા હશે, ઝિનાની અધિક્તા થશે અને શરાબપાન પુષ્કળ થશે." *(બુખારી, મુસ્લિમ)*

તે ઝિના જ છે જે આજે એટલા પ્રમાણમાં આમ (વ્યાપક) છે કે લોકો તેનાથી બિલકુલ નથી શરમાતા

કેમ કે વેશ્યાઘરોમાં થનારી બદ્‌કારીઓ ગવર્નમેન્ટના નિર્દેશો પર થાય છે. (આજે કેટલાક હિરો હિરોઈનો જાહેરમાં એકબીજા સાથે વ્યભિચાર ચાલતો હોવાનું એલાન કરે છે, જે વર્તમાન પત્રોમાં ટી.વી. પર પણ જણાવાય છે !)

## સ્કાઉટ અને પેન્ટ

એ વાત ઘણા ઓછા લોકો જાણે છે કે અમુક બદ્‌કિરદાર અંગ્રેજોએ છોકરાઓની ફોજનો પાયો નાખ્યો જેને આજે "સ્કાઉટ" કહે છે અને પછી એ ફોજના માટે **પેન્ટો તૈયાર કરી જેને પહેરવા છતાં પણ માનવ અંગો જાહેર રહે છે. પેન્ટ જેવો બેકાર લિબાસ ખૂબ જ જલ્દી ચોતરફ ફેલાઈ ગયો અને મુસલમાનોએ એમાં પણ અંગ્રેજોનું અનુકરણ કર્યું બલ્કે દરેક મામલામાં તે બદ્‌કિરદાર લોકોનું અનુકરણ કરી રહ્યા છે જેમ કે આપણે જોઈ રહ્યા છીએ.** હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું, **"આ ચીજ બદ્‌કારોનું કામ છે** અને આપની ઉમ્મત પણ એને કરશે. જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના ફર્માનના પ્રમાણેના ૧૪૦૦ વરસ પછીની ઉમ્મતમાં એ અમલ જાહેર થયો.

દયલમીએ મુસ્નદે ફિરદોસમાં અને અસાકિરે તારીખમાં રિવાયત કરી કે હુઝૂરે صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :-

خصال عملهاقوم لوط بهااهلكوا وتزيد ها امتى بخصلة

"કેટલીક આદતો હતી જેના પર અમલ કરવાથી લૂતની કૌમ હલાક થઈ, મારી ઉમ્મત એકનો વધારો ઓર કરશે." *(દયલમી)*

પછી આપે તે ખાસિયતો ગણાવી અને ફર્માવ્યું કે એનામાંથી આ છે, **"બજારમાં એવી રીતે ચાલશે કે તેમની જાંગો જાહેર રહેશે."** આ હદીષને અબૂ બશર દુલાબી તથા અસ્માએ પણ રિવાયત કરી છે અને એમાં વિશેષ અમુક આદતોનો ઉલ્લેખ કર્યો છે. તો જાણવા મળ્યું કે બજારોમાં ચાલવું તે સમયે રિવાજ પામ્યું જ્યારે સ્કાઉટ દળો તૈયાર કરવામાં આવવા લાગ્યાં, અને આ તમામ શરારત અંગ્રેજની છે. પછી અધિક પ્રગતિ થઈ તો આપણે જોયું કે જાંગો તદન (ઓપન) જાહેર થવા લાગી એટલે સુધી કે યૂરોપની કાફિર ઔરતો બજારોમાં જાંગો ખુલ્લી રાખીને (સ્કર્ટ પહેરીને) ચાલે છે. આ રીતે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ની એક અધિક પેશનગોઈ દુરુસ્ત ઠરી.

## દાઢી મૂંડાવવું

હુઝૂરે અકરમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ખબર આપી કે આપની ઉમ્મત દાઢી મુંડાવશે, જેમ કે તુર્કી તથા યૂરોપી. નવી રહેણાંક વ્યવસ્થાના સ્થાપન પછી લોકો એટલા અધિક પ્રમાણમાં દાઢી મુંડાવે તથા મૂંછો વધારે છે કે **જાણે એવું કરવું વાજિબ છે ! હરામ નથી ! નેકી છે ગુનો નથી ! કાફિરો તથા અગ્નિપૂજકો (મજૂસી)ઓનો તરીકો નથી બલ્કે સુન્નત છે !** (અલ્લાહની પનાહ !) જેમ કે સરકાર صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે આપની ઉમ્મત એના પર અમલમાં પાછલી કૌમોનું અનુસરણ કરશે જેવું કે આગળ વર્ણન કરવામાં આવશે અને આપે એ પણ ફર્માવ્યું કે આ લૂતની કૌમનાં કરતૂતો છે અને આપની ઉમ્મત પણ એ લોકોની જેમ એવું કરશે. જેમ કે તારીખ, ઈબ્ને અસાકિરમાં આ હદીષ હેઠળ આપે એમાં ઈર્શાદ ફર્માવ્યો, "કસ્સુલ લિહિયા" એટલે લોકો દાઢી સાફ કરશે. અને આપે જે વધારાની આદતનો ઉલ્લેખ કર્યો છે, તે "સ્ત્રીઓનો આપસમાં નાજાઈઝ તરીકાથી સંબંધ" છે.

# અનોખો સોદો

કુર્આન શરીફમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે :–

اِنَّ اللّٰهَ اشْتَرٰی مِنَ الْمُؤْمِنِیْنَ اَنْفُسَهُمْ وَاَمْوَالَهُمْ بِاَنَّ لَهُمُ الْجَنَّةَ ۝

**અર્થાત** : "અલ્લાહ તઆલાએ મુઅમિનો પાસેથી તેઓનો નફ્સ અને તેઓના માલ (દોલત) જન્નતની અવેજીમાં ખરીદી લીધેલ છે." નફ્સ માણસને ગુનાહો કરવાની ઉત્તેજના આપે છે અને માલ દોલત અલ્લાહના માર્ગે ચાલનાર માટે કસોટી છે. છતાં એ વસ્તુઓ જો મુઅમિનની હોય તો જન્નત જેવી ઉમદા વસ્તુ કિંમતમાં આપીને અલ્લાહ એનો સોદો કરવા તૈયાર છે. સુબ્હાનલ્લાહ ! મુઅમિનના મર્તબા પર કુર્બાન, એના નફ્સની કિંમત જન્નત છે તો એની રૂહની કિંમત શું હશે ?! એના માલદોલત પર જન્નતની બોલી બોલાય છે તો એની ફકીરીની કિંમત કેટલી ઊંચી હશે. કલ્પનાના ઘોડાની લગામ થોડી ઢીલી મૂકીએ તો અહીં એક પ્રશ્ન ઉપસ્થિત થાય છે. મુઅમિન પાસે બીજી સારી વસ્તુઓ પણ છે, એની પાસે એની રૂહ છે એની બુદ્ધિ છે એનું દિલ છે, આ બધી વસ્તુઓ પડતી મૂકીને અલ્લાહ તઆલાએ નફ્સ અને માલ ખરીદવાની વાત શા માટે કરી ? પણ આપણે આપણી ચિંતન શક્તિને કામે લગાડીશું તો આપણને એનો ઉત્તર મળી રહેશે. આપણે કોઈ વસ્તુ ખરીદીએ છીએ તો ઉત્તમ વસ્તુની પસંદગી એટલા માટે કરીએ છીએ કે ખરીદેલી વસ્તુ આપણે પોતાના વપરાશમાં લેવાની હોય છે. જયારે અલ્લાહ તઆલાને કોઈ વસ્તુની હાજત કે જરૂરત નથી. જયારે તેણે જોયું કે બંદાને મઅરિફતના માર્ગે આગેકુચ કરવામાં નફ્સ અને ધન બે વસ્તુઓ ખૂબ જ અડચણરૂપ છે તો તેણે ફર્માવ્યું; આ બે વસ્તુઓ તું મને આપી દે, અને હું જાણું છું કે આ બે વસ્તુઓની લિજ્જત તારા હૃદયમાં તાણા વાણાની જેમ વણાએલી છે પણ તું ગભરાઈશ નહીં, હું એની કિંમત પેટે તને જન્નત જેવી ઉમદા વસ્તુ આપીશ.

વ્હાલા વાંચક ! જરા થોભીને વિચાર કર, રદ્દી વસ્તુ આપીને ઉમદા વસ્તુ લેવાનું કોણ પસંદ નહીં કરે ?! અને તે પણ જન્નત જેવી ઉમદા વસ્તુ. હજી પણ જો તું નફ્સ અને ધનને છાતી સરસાં ચાંપીને એમની લિજ્જતોના વમળમાંથી બહાર નહીં આવે તો તારા જેવો મૂર્ખ બીજો કોણ હશે ?

આટલું વાંચ્યા પછી શક્ય છે કે કોઈ જાણકાર વ્યક્તિ "નફ્સ"ના અર્થઘટનમાં મતભેદ કરી એવું કહે કે આયતમાં દરેક માણસનો નફ્સ અને માલ ખરીદવાની વાત નથી, આયતમાં તો અલ્લાહ ખાતરના જિહાદમાં પોતાનો જાન, માલ ખપાવી દેનાર મુજાહિદની "જાન" અને માલના સોદાની વાત થઈ છે. આ વાત ખોટી નથી આયતના પાછલા શબ્દોમાં જિહાદમાં જાન માલ ખપાવનારા મુજાહિદોનું જ બયાન છે પણ થોડાક મનન પછી જણાઈ આવશે કે આ તનું ઉપરોક્ત અર્થઘટન આ વાતની વિરૂધ્ધ જતું નથી, કારણ કે મુજાહિદ જયારે જિહાદમાં જાય છે ત્યારે તેની સાથે ત્રણ વસ્તુઓ હોય છે : પ્રથમ તેનું શરીર, બીજું તેની રૂહ અથવા જાન અને ત્રીજો નફ્સ. કુર્આનના ફર્માન અનુસાર જો મુજાહિદ શહીદ થઈ જાય તો પણ તેનું શરીર નાશ પામતું નથી અને રૂહ તો દરેક માણસની હયાત જ રહે છે, રૂહ કદી મરતી નથી. તો પછી હવે કઈ વસ્તુ છે જે જિહાદમાં ખપી ગઈ ? એ નફ્સ જ હતો જે અનેક જાતનાં બહાનાઓ વડે અને જાત જાતના ભય દેખાડી મુજાહિદને જિહાદમાં ભાગ લેવાથી અટકાવતો હતો. પણ મુજાહિદે તેની વાતો પર કાન ધર્યા નહીં અને કહ્યું; હું તો તને વેચી ચૂક્યો છું એટલે તારા અટકાવ્યે

અઝ : હઝરત મૌલાના હસન આદમ કોલવનવી (લેંકાસ્ટર, યુ.કે.)

અટકવાનો નથી. અલ્લાહ તઆલા જ્યારે પોતાના બંદાનો આવો મક્કમ નિશ્ચય નિહાળે છે ભલે પછી તે બંદો જિહાદે અસગરમાં ભાગ લેનાર હોય કે જિહાદે અકબર કરનાર હોય ત્યારે તેની રહમત ઉભરાય પડીને કહે છે :–

يَا اَيَّتُهَا النَّفْسُ الْمُطْمَئِنَّةُ ارْجِعِىٓ اِلىٰ رَبِّكِ رَاضِيَةً مَّرْضِيَّةً ؕ فَادْخُلِىْ فِىْ عِبَادِىْ وَادْخُلِىْ جَنَّتِىْ۔

**અર્થાત** : "અય શાંતિમય નફ્સ ! તારા રબ તરફ પલ્ટી આવ, તું તેનાથી રાજી તે તારાથી ખુશ, તો પ્રવેશી જા મારા ખાસ બંદાઓના વર્ગમાં અને દાખલ થઈ જા મારી જન્નતમાં." જે નફ્સ જિહાદમાં જવાથી રોકતો હતો, જે નફ્સ ઈબાદતનાં કષ્ટો વેઠવાનો ઈન્કાર કરતો હતો તેને જ્યારે બંદાએ વેચી નાખ્યો ત્યારે અલ્લાહ તઆલાએ તેને ખરીદી લઈ તેનું શુદ્ધિકરણ કર્યું, પહેલાં તે "અમ્મારા" (ગુનાહોની પ્રેરણા આપનાર) હતો હવે તે "મુતમઈન્નહ્" (અલ્લાહની રહમતમાં શાંતિ અનુભવનાર) બની ગયો. જે માણસ પોતાના નફ્સનું બલિદાન આપશે જિહાદના મેદાનમાં હોય કે ઈબાદત રિયાઝતની ગુફામાં હોય કે, પછી સામાન્ય જીવનમાં એની ઈચ્છાઓને કચડીને હોય તેની કિંમત જન્નત જેવી નેઅમત સિવાય અન્ય કંઈ હોય શકે નહીં.

અલ્લાહ તઆલાએ નફ્સની કિંમત જન્નત નક્કી કરી તેમાં પણ એક રહસ્ય છે. આલીશાન મહેલોમાં મહાલવાની ઈચ્છા નફ્સ કરતો હોય છે. સ્વાદિષ્ટ ભોજનો અને ફળફુટ આરોગવાની ઈચ્છા પણ નફ્સની જ હોય છે, જાતજાતનાં પીણાઓ પણ નફ્સને જ સારાં લાગે છે, રૂપાળાં મુખડાંઓ અને સુંદર શરીરો નિહાળવામાં પણ નફ્સને જ લિજ્જત આવે છે. અલ્લાહ તઆલાએ આમાંની દરેક વસ્તુની અને એના જેવી બીજી મનગમતી વસ્તુઓની વ્યવસ્થા જન્નતમાં કરી રાખી છે.

તેણે ફર્માવ્યું છે; وَلَهُمْ فِيهَا مَا اشْتَهَتْ اَنْفُسُهُمْ

**અર્થાત** : "જન્નતી લોકો માટે જન્નતમાં દરેક તે વસ્તુ મૌજૂદ છે જેની ઈચ્છા તેમનાં નફ્સ કરે." એટલા માટે જ કહેવાયું છે કે જન્નત સ્થાન છે નફ્સવાળા લોકોનું. નફ્સવિહોણાં બંદાઓનો મુકામ તો એટલો ઊંચો છે જેના પર તેઓ હજાર જન્નતો કુર્બાન કરી દેવા તૈયાર હોય છે.

નફ્સ વિહોણા બંદાઓનો અર્થ અહીં ફરિશ્તાઓ નહીં પણ તે માનવીઓ છે જેમણે આખી જિંદગી દરમ્યાન પોતાના નફ્સને હુંકારો કરવા દીધો નથી. તેમણે પોતાના નફ્સનું ગળું એ રીતે દબાવી રાખ્યું છે કે તેને ફુંફાડો મારવાની શક્તિ પણ રહેવા દીધી નથી, અને એટલે જ તેઓ નફ્સવાળા હોવા છતાં નફ્સવિહોણાં છે. તેઓ માટે કુર્આનમાં અલ્લાહ તઆલાનું ફર્માન છે : وَلَهُمْ فِيهَا مَزِيْد **અર્થાત** : "એવા બંદાઓ માટે જન્નતમાં "અધિક" છે." એટલે કે જન્નતની નેઅમતો ઉપરાંત અન્ય વધારાની નેઅમત પણ છે. આ વધારાની નેઅમત એટલે અલ્લાહ તઆલાનો દીદાર.

અત્રે એ બાબત પણ ધ્યાનમાં લેવા જેવી છે કે જન્નતમાં અલ્લાહનો દીદાર તો દરેક જન્નતીને થશે તો પછી આ ખાસ બંદાઓની વિશેષતા શું છે ? એનો જવાબ એ છે કે બીજા જન્નતીઓને દીદાર અમુક સમયના ગાળા દરમ્યાન થશે જ્યારે આ બંદાઓની આ નેઅમત દાયમી હશે. દીદારની લિજ્જત તો બધા જ જન્નતીઓ માણશે પણ દીદારમાં ભાન ભૂલી જઈ જલ્વાઓમાં ગુમ થઈ જવાનું અહોભાગ્ય તો આ બંદાઓની જ મહત્વતા હશે. આ એવી પરિસ્થિતિ અને મુકામ છે કે એને શબ્દોમાં વર્ણવવું અશક્ય છે. એ મર્તબો કેટલો ઊંચો હશે તેનો કયાસ આ હિકાયત દ્વારા કાઢી શકાય છે;

એક માણસે સ્વપ્નમાં જોયું કે હશ્રનું મેદાન કાયમ થયું છે. દરેક વ્યક્તિનો હિસાબ લેવામાં આવી રહ્યો છે. છેવટે બધાંનો હિસાબ કિતાબ પૂરો થયો, જન્નતીઓને જન્નતમાં અને દોઝખીઓને દોઝખમાં લઈ જવામાં આવ્યા પણ એક માણસ

પોતાની શુદ્ધ બુદ્ધ ગુમાવીને ત્યાં ઉભો છે. ફરિશ્તાઓએ અલ્લાહ ﷻ ની બારગાહમાં અરજ ગુજારી કે યા અલ્લાહ ! આના વિશે શું હુકમ છે ? તેઓને જવાબ આપ્યો કે એને જન્નતમાં લઈ જાવ. ફરિશ્તાઓ તેને બળજબરીપૂર્વક ઊંચકીને જન્નત તરફ લઈ જવા લાગ્યા. જન્નતના દરવાજા પાસે આવીને પેલા બંદાનું ભાન પાછું આવ્યું, તેણે ફરિશ્તાઓને પૂછયું; તમે મને ક્યાં લઈ જાવ છો ?! ફરિશ્તાઓએ કહ્યું, તમને જન્નતમાં લઈ જવાનો હુકમ થયો છે. પેલો બંદો ફરિશ્તાઓની પકડમાંથી મુક્ત થવા મથામણ કરતાં કરતાં કહેવા લાગ્યો કે, મને છોડી દો, મને જ્યાં હતો ત્યાં જ પાછો જવા દો. ફરિશ્તાઓએ ફરીવાર અલ્લાહ ﷻ ની બારગાહમાં અરજ કરી; યા અલ્લાહ ! હવે આને શું કરીએ ? તેઓને જવાબ મળ્યો, મારા એ બંદાને મારા સાનિધ્યમાં એકલો મૂકી દો. સ્વપ્ન જોનાર વ્યક્તિએ ફરિશ્તાઓને પૂછયું; એ માણસ કોણ છે ?! ફરિશ્તાઓએ જવાબમાં કહ્યું કે; તેઓ જુનૈદ બગદાદી છે.

નફ્સ વિહોણા બંદાઓની હાલતની અદના ઝલક ઉપરોક્ત હિકાયતથી જોવા મળે છે. અલ્લાહની નૂરાની તજલ્લીઓમાં તેઓ એવા મગ્ન બની ગએલા હોય છે કે ઉભય જગતની કોઈ પણ નેઅમત તેઓને ત્યાંથી ડગાવી શક્તી નથી. મૂસા علیہ السلام એ પર્વતના માધ્યમ દ્વારા અલ્લાહ તઆલાના નૂરની અદના તજલ્લી નિહાળી ત્યારે તેઓ ભાન ભૂલી ગયા, ભાન ભૂલી જવાનો મતલબ અહીં બેહોશ થઈ જવાનો નથી પણ મતલબ એ છે કે તેઓ પ્રગતિ કરીને ભાન અને હોશની દુનિયામાંથી ઊંચે પહોંચી ગયા અને જલ્વામાં તલ્લીન બની ગયા. અંતે કંઈક તો લિજ્જત હતી જેને લઈને મન્સૂર હલ્લાજે માથું આપ્યું પણ પોતાની હાલતમાંથી ચલિત ન થયા. ફાંસીના માંચડા પર જલ્લાદને દેખીને તેમણે કહ્યું હતું :–

**અર્થાત** : તું ગમે તેવો લિબાસ ઓઢીને મારી સમક્ષ આવ, હું તારી અદાઓને સારી રીતે ઓળખી ગયો છું.

અલ્લાહ તઆલા મને અને આપણા આકાની બધી ઉમ્મતને આ નફ્સવિહોણા લોકોના સદકામાં નફ્સની ચાલબાજીઓ અને ધોકાઓથી બચાવે. *(આમીન)*

## સોનું ચાંદી અને અઝાબ

કાર્યાલય

હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યો : જેની પાસે સોનુ ચાંદી હોય અને તેની ઝકાત ન આપે તો કિયામતના દિવસે તેની તખ્તીઓ બનાવીને જહન્નમની આગમાં તપાવશે. પછી તેનાથી તે શખ્સની પેશાની તથા પાસાંઓને ડામ દેવામાં આવશે. જ્યારે તે તખ્તીઓ ઠંડી થઈ જશે તો ફરીથી તેને ગરમ કરવામાં આવશે અને ડામ આપવામાં આવશે. કિયામતનો દિવસ પચાસ હજાર વરસનો છે. એમાં એ જ પ્રમાણે કરતા રહેશે, ત્યાં સુધી કે આખી મખ્લૂકનો હિસાબ થઈ જશે. *(મુસ્લિમ શરીફ)*

અને હઝરત અબૂઝર ગફ્ફારી رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવ્યું કે ઝકાત કાઢયા વિના માલને જમા કરનારાઓને ગરમ પથ્થરની બશારત સંભળાવો ! જેના વડે જહન્નમમાં તેમને ડામ દેવામાં આવશે. તેમની છાતી પર એ પથ્થરો રાખશે જે છાતી તોડીને ખભા બાજુ નીકળી જશે અને ખભા પર રાખવામાં આવશે જે ખભા બાજુનાં હાડકાં તોડીને છાતીએથી નીકળી જશે. *(મુસ્લિમ શરીફ)*

મારા પ્યારા આકા ﷺ ના પ્યારા દીવાનાઓ ! માલની ઝકાતની અદાયગી ન કરવાની સજા કેટલી અતિ સખ્ત છે એ વાત આપણને ઉપરોક્ત હદીષ શરીફ પરથી સમજાય છે. આપણામાંનું કોણ છે જે આટલો સખ્ત અઝાબ સહન કરી શકે ? જેથી આપણે જોઈએ કે આપણે આપણા માલોની ઝકાત જરૂર અદા કરીએ. અલ્લાહ ﷻ આપણને ઝકાતની અદાયગીની તૌફીક અતા ફર્માવે. આમીન *(બરકાતે શરીઅત, પેજ–૧૦૨)*

# જાપાનમાં ઈસ્લામ

રજૂકર્તા : અલ્તાફ હુસૈન કુરયનવી
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા, મુબારકપુર)*

ઈસ્લામે ચાલુ સદીના પ્રારંભમાં જાપાનમાં પ્રવેશ કર્યો છે. પરંતુ જાપાનની પ્રજાના ઈસ્લામી દેશો સાથેના સંબંધો ઓગણીસમી સદીથી જ શરૂ થઈ ચૂક્યા હતા. જાપાનના ઈતિહાસમાં સૌથી પ્રથમ એક જાપાની મુસ્લિમ બયતુલ્લાહ શરીફની ઝિયારત અને કા'બાના તવાફ માટે ઈ.સ. ૧૯૦૯માં રવાના થયો હતો યૂરોપના પ્રથમ વિગ્રહ પછી રશિયામાંથી હિજરત કરી નીકળેલા ઘણા મુસ્લિમ મુહાજિરો ભટકતા ભમતા જાપાનમાં પહોંચ્યા આ મુહાજિરોના થકી જાપાની પ્રજા ઈસ્લામ અને મુસલમાનોથી વાકેફ થઈ અને ઘણાએ ઈસ્લામનો સ્વીકાર કર્યો.

જાપાનમાં બહારથી આવનાર મુસ્લિમો પૈકી અબ્દુર્રશીદ ઈબ્રાહીમનું વ્યક્તિત્વ પ્રખ્યાત હતું એમના ઉચ્ચ વર્તન અને સદાચારોના પ્રત્યે ઘણા ખરા જાપાની નવજવાનોએ ઈસ્લામ સ્વીકાર્યો હતો. આ મર્દે મુજાહિદ પંચાણુ વર્ષની વયે આ દુનિયાથી ઉઠી ગયા હતા. હાલ જાપાનમાં બે મસ્જિદો છે, એક મસ્જિદ ટોકિયો (Tokiyo)માં છે અને બીજી મસ્જિદ કોબે(Kobe)માં છે. અને એક ત્રીજી મસ્જિદ નેગોયા (Nagoya)માં હતી પરંતુ યૂરોપના બીજા મહાન વિગ્રહની બર્બાદીમાં સપડાઈને શહીદ થઈ ગઈ છે. હાલ સેંકડો મુસલમાનો આબાદ છે. બીજા દેશોથી આવેલા મુસ્લિમોની સંખ્યા જાપાની મુસ્લિમો કરતાં ત્રણ ઘણી છે.

લાંબા સમય સુધી શિનટોઝન (Shintoisam) જાપાનનો માત્ર એક ધર્મ રહ્યો હતો. આજથી એક હજાર વર્ષ પહેલાં હિંદુસ્તાની બૌદ્ધ ધર્મીઓ ચીન અને કોરીઓના માર્ગે જાપાનમાં આવ્યા હતા. ત્યારથી બોદ્ધ ધર્મ ફેલાવા લાગ્યો હતો. થોડા વર્ષોમાં જાપાનમાં બૌદ્ધ ધર્મના અનુયાયીઓનું પ્રમાણ ઘણુ જ વધી ગયું હતું એ સમયમાં જ સોળમી સદીમાં ખ્રિસ્તી મઝહબે પણ જાપાનમાં પ્રથમ કદમ મૂક્યો હતો.

હાલ જાપાનમાં ચોર્યાશી લાખ લોકો શિનટોઝમ અને બૌદ્ધ ધર્મને માનનારા છે. ખ્રિસ્તીની પણ હજારોની સંખ્યામાં છે. મુસલમાનોની સંખ્યા ઘણી થોડી છે. પરંતુ આ પ્રદેશ ઈસ્લામ માટે ઘણો ફળદ્રુપ છે. કારણ કે આ દેશમાં ધર્મ માટે સંપૂર્ણ સ્વતંત્રતા છે. જાપાનીઓની એ ખાસ વિશિષ્ટતા છે કે તેઓ કોઈપણ બીજા ધર્મમાં ડખલ કરતા નથી, દરેક મઝહબને ફેલવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે. અત્રે ત્યાંની પ્રજા દીર્ઘદષ્ટિ અને મોટા દિલની સાબિત થઈ છે. જેથી મુસલમાનો શાંતિપૂર્વક જીવન ગુજારી રહ્યા છે. એમના ઉપર કોઈ પ્રકારનો જુલ્મ નથી.

જાપાનીસ મુસલમાનોની એક સંસ્થા છે જેની સાથે જાપાનમાં સર્વ મુસલમાનો સંબંધ ધરાવે છે. જે લોકો ઈસ્લામને સમજવા માંગે છે તેઓ પણ આ ઈસ્લામી ઈન્સ્ટીટયુટ સાથે સંબંધ ધરાવે છે. આ સંસ્થાના પ્રમુખ ઉમર કન્તારે (Omura Kentare) છે. આ સંસ્થાનો મુખ્ય હેતુ જાપાનના મુસલમાનોના વ્યવહારિક પ્રશ્નોનો ઉકેલ કરવો તથા ઈસ્લામના સિદ્ધાંતોનું અવલોકન કરવાનો છે. આ સંસ્થા તરફથી લગભગ પચાસ બાહોશ વિદ્યાર્થીઓ ઈસ્લામના વિવિધ પાસાંઓનું અવલોકન કરી રહ્યા છે. આ સંસ્થા દુનિયાના બીજા ઈસ્લામી દેશો સાથે સંબંધ કાયમ કરીને ભાઈચારો વધારવા ઈચ્છે છે. આ સંસ્થા તરફથી એક મોટી લાયબ્રેરી કાયમ કરેલી છે જેમાં ઈસ્લામ અને બીજા ધર્મો તથા ઈલ્મને લગતા પચાસ હજાર પુસ્તકો છે. આ લાયબ્રેરીથી ઘણા લોકો કોઈ પ્રકારના ભેદભાવ વગર લાભ ઉઠાવે છે.

જાપાનના મૂળ વતનીઓનું ઈસ્લામ અને મુસલમાનો પ્રત્યેનું વલણ સારું છે જેથી પરદેશી મુસલમાન મુસાફરોને અહીંયા ખાવા પીવા કે વ્યવહારમાં કોઈ અજાણ્યુ લાગતુ નથી. ઈસ્લામી ઈન્સ્ટીટયુટ બહારથી આવનાર મુસ્લિમોની ઘણી ખરી સગવડો પૂરી કરી આપે છે. જાપાનનું મુસ્લિમ ઈન્સ્ટીટયુટ જાહેર કરે છે કે બહારના દેશથી આવનાર મુસ્લિમોએ પોતે આવ્યાના સમાચાર ઈન્સ્ટીટયુટને પહોંચાડવા તેમજ પોતાની સગવડતાઓ પૂરી કરવાની સેવાનો લાભ ઈન્સ્ટીટયુટને આપવો.

અગાઉ જણાવ્યા મુજબ જાપાનીસો મોટા દિલના, વિવેકી અને ભેદભાવ રહિત છે આ કારણથી પૂરતી ગોઠવણ અને સારા સાધન સાથે કોઈ તબ્લીગી મિશન જાપાનીઓને ઈસ્લામી જીવન બંધારણનું આમંત્રણ આપે તો જાપાનની નવીન અને ભાવિ પ્રજાના ઘણા ખરા નવજવાનો પોતાને ઈસ્લામને ખોળે અર્પણ કરે તેવી સંપૂર્ણ શક્યતા છે.

જાપાન ઘણો નાનો દેશ છે છતાં આબાદી ગીચ છે, જેથી અત્રે મુડદાં દફન કરવાનો બંદોબસ્ત કઠણ છે છતાં મુસલમાનો માટે બે કબ્રસ્તાન ઠેરવ્યાં છે જયાં મુસલમાનો પોતાની ધાર્મિક રીતે મૈયત દફન કરે છે. આ પ્રકારનું એક કબ્રસ્તાન ટોકીયોમાં છે, જયાં જાપાનનો એ મર્દે મુજાહિદ દફન થયેલ છે. જેની નિઃસ્વાર્થ સેવાના પ્રતાપે કોણ જાણે કેટલાએ જાપાનીઓએ ઈસ્લામી સ્વીકાર્યો છે.

જાપાનમાં હાલ દસ હાજીઓ છે. અને જામેઅ અઝહર યુનિવર્સિટિમાં તા'લીમ લીધેલા કેટલાય જાપાની વિદ્યાર્થીઓ છે જેઓ સરળતાથી અરબી બોલી શકે છે. જાપાનના મુસ્લિમ ઈન્સ્ટીટયુટ તરફથી અરબીની મફત તા'લીમ આપવામાં આવે છે. અરબી લિપિ અને જાપાની ભાષામાં તર્જુમા તફસીરવાળાં કુર્આન શરીફ પ્રગટ થયાં છે, તે ઉપરાંત ઈસ્લામના ઉપર ઘણી કિતાબો જાપાની ભાષામાં લખવામાં આવી છે. હાલ દુનિયા જયારે બે વિભાગમાં વહેંચાઈ ચૂકી છે, એક વિભાગ બીજાને દુનિયાના પુષ્ઠ ઉપરથી નાબૂદ કરવાનાં મન્સૂબા ઘડી રહેલ છે એવા સમયે જાપાનની સામાન્ય પ્રજા અને ખાસ કરીને ત્યાંના મુસલમાનો અનેકાએક મુસીબતો વેઠી રહ્યા છે, છતાં દુનિયામાં સાચા અર્થમાં શાંતિ સ્થાપન થાય તેમજ દુનિયામાં શાંત વાતાવરણ પ્રસરે તે અંગે દરેક શક્ય પ્રયાસો પાછળ કુર્બાનીઓ આપી રહ્યા છે. ★★★

## ફરિશ્તાઓને આશ્ચર્ય થયું !

"હઝરત અનસ رضی اللہ عنہ નું બયાન છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું કે જ્યારે અલ્લાહ તઆલાએ જમીનને પેદા કરી તો હાલવા લાગી. અલ્લાહે પહાડોને પેદા કર્યા અને જમીનને એના થકી થીજાવી દીધી. એ જોઈને ફરિશ્તાઓને તેમની શક્તિ પર ઘણુ જ આશ્ચર્ય થયું અને તેમણે અર્ઝ કરી કે હે પરવરદિગાર ! તારી મખ્લૂકમાં પહાડોથી પણ વધીને શક્તિવાન કોઈ ચીજ છે ? અલ્લાહ તઆલાએ ઈર્શાદ ફર્માવ્યો કે, હા ! લોખંડ. ફરિશ્તાઓએ અર્ઝ કરી કે, શું તારી મખ્લૂકમાં લોખંડથી પણ વધુ શક્તિવાન કોઈ છે ? તો ફર્માવ્યું, હા ! આગ છે. ફરિશ્તાઓએ પૂછયું કે આગથી વધીને કોઈ શક્તિવાન છે ? ફર્માવ્યું, પાણી. પછી ફરિશ્તાઓએ પૂછયું કે પાણીથી અધિક શક્તિવાન કોઈ છે ? ફર્માવ્યું, હવા છે. ફરી તેમણે પૂછયું, હવાથી વધીને કોઈ શક્તિવાન છે ? રબ્બે ફર્માવ્યું કે હા ! માનવી, કે તે પોતાના જમણા હાથ વડે સદકો આપે તો ડાબા હાથથી છુપાવે.'' *(મિશ્કાત)*

મતલબ એ છે કે **સદકો એ રીતે છુપાવીને આપે કે જમણા હાથે આપે તો ડાબા હાથને ખબર ન થાય.** આ રીતે સદકો કરવું પહાડ, લોખંડ, આગ, હવા, પાણી તથા અન્ય તમામ ચીજો કરતાં વધીને શક્તિવાળી છે. -*(બરકાતે શરીઅત, પેજ-૧૦૦)*

★ લેખક ★
मौलाना मुहम्मद ईस्हाक रज़वी मिस्बाही
★ અનુવાદક ★
मौलाना मुहम्मद शाकिर पटेल मिस्बाही-दयादरा

# આધુનિક અને ઈસ્લામી કાનૂન (શરીઅત)

ઝુક ગએ સર તેરી દહલીઝ પર આપ સે આપ
કુછ કિસીકી ન ચલી જબ તેરે અહકામ ચલે

આજકાલ ફત્વાઓ પર, ઈસ્લામી કાનૂનો પર અને ઘણી ઈસ્લામી માન્યતાઓ પર ચર્ચા ચાલુ છે. કોઈ રાજકરણી 'સ્ત્રી અધિકાર'ની બૂમો પાડી મુસલમાનોને સતાવી રહ્યો છે, તો કોઈ અંગ્રેજ દિમાગ તથા મોડર્ન વિચારસરણીવાળો અરબોને, ઈરાનીઓને, અફઘાનીઓને જંગલી જૂનાવાણી બતાવી રહ્યો છે. આ મેદાનમાં નાસ્તિક, અધર્મી, અંગ્રેજ, ઈસ્લામ વિરોધી હોય તેવા હિંદુ, મોડર્ન ખયાલ મુસલમાન, આઝાદ ખયાલ સ્ત્રીઓ સૌથી આગળ છે. **આજે હું સંક્ષિપ્ત ચર્ચામાં એક નિર્ણાયક વાત કરવા ચાહું છું, કદાચ કે એના પછી ચર્ચાનો અંત આવે અને એને દરેક મુસલમાનની પાસે એ દીવાનાઓનો જવાબ હોય.** એટલા માટે હું અર્વાચીન કાનૂનો, આધુનિક જીવન શૈલી, ધાર્મિક જીવન શૈલી અને ઈસ્લામી કાનૂનોના ઉગમ સ્થાનોનો પણ ઉલ્લેખ કરીશ.

## ★ જીવન વિશે દષ્ટિકોણ ★

આ જગતનો માનવી જીવનની શરૂઆતથી અંત સુધીના વિશે જે માન્યતા અથવા દષ્ટિકોણ સ્પષ્ટ કરે છે તેને જીવન વિશે દષ્ટિકોણ (માન્યતા) કહેવાય છે. દુનિયામાં જીવન વિશે બે પ્રકારની માન્યતાઓ પ્રવર્તે છે :

**(૧)** મઝહબી માન્યતાઓ **(૨)** ગૈર મઝહબી માન્યતાઓ

મઝહબી (ધાર્મિક) માન્યતાઓ પણ બે પ્રકારની છે : એક તો આસ્માની કિતાબના અકીદા પર અથવા ગૈર ઈલ્હામી માન્યતા, જો કે એ મઝહબના અનુયાયીઓને એ ખબર નથી કે અમારો મઝહબ કયા ખાનામાં છે ! એ મઝહબોમાં બુદ્ધ મઝહબ, જૈન મઝહબ, ઈસાઈ, યહૂદી, પારસી મઝહબ, આર્યાઈ મઝહબ, વૈદક મઝહબ, કન્ફયૂઝિશ ચીની ધર્મો મશ્હૂર છે.

મુકમ્મલ (સંપૂર્ણ) ધર્મ તે છે જે અકીદા (માન્યતાઓ), મામલાઓ તથા કાનૂનોની સંપૂર્ણ સ્પષ્ટતા કરતો હોય. આ મઝહબોની ધાર્મિક વિગતોમાં અમુક ઈતિહાસ, અમુક ઈબાદતના તરીકા, કુર્બાનીઓના નિયમો તથા અમુક અખ્લાકિયાત (સંસ્કારિક્તા)નો ઉલ્લેખ છે અથવા અમુક નિકાહના મામલાઓ વગેરેનું પણ વર્ણન છે.

સૃષ્ટિ (કાઈનાત)ની સવિસ્તાર માહિતી, સમય, આરંભ, અંત, આખેરત, બંધારણ તથા દસ્તૂરની કોઈ જોઈએ તેવી સ્પષ્ટ વિગત નથી. વળી જે ઈલ્હામી મઝહબો છે તેમની ધાર્મિક કિતાબો પર એટલો સમય પસાર થઈ ગયો અને એમાં એટલા સુધારા વધારા થયા કે મૂળ ઈલ્હામી મુસદ્દાનો પતો લગાડવો મુશ્કેલ નહીં પણ અશક્ય છે. દા.ત. "વૈદ" જેને કેવળ બ્રાહ્મણો મૌખિક રીતે યાદ રાખતા હતા અને તેની સ્પષ્ટતા કરવામાં તેઓ કોઈ કાનૂનના પાબંદ ન હતા, ૧૮ મી સદીમાં એ નિશ્ચિત થયા. અને એ જ સ્થિતિ વર્તમાન તૌરાત તથા ઈન્જીલની પણ છે જેના મોટા ભાગના હિસ્સાઓને વિવિધ ભાષાઓમાં લખવામાં આવવાનો સ્વીકાર ખૂદ તેના માનવાવાળાઓને પણ છે.

વળી કુર્આને પાકની સ્પષ્ટતા પ્રમાણે એ

તમામ ધાર્મિક કાનૂનો રદ થઈ ચૂકેલ છે અને તેને લાગુ થવાનો સમય પણ વહી ચૂક્યો છે. વળી એ ધર્મના માનવાવાળાઓને ભાવનાપૂર્ણ લગાવ તો ધર્મ સાથે છે પણ તેઓ તેને એક બંધારણ માનીને તેના પર અમલ નથી કરતા. એટલા માટે કે તેમણે એની વિરૂધ્ધ બગાવત પણ કરી છે ખાસ કરીને તે મઝહબોની વિદ્યા તથા વિજ્ઞાનના વિરોધમાં કરવામાં આવેલા ફેંસલાઓ સામે બગાવત કરી છે. પછી તે ધર્મના અનુયાયીઓને ગવર્નમેન્ટ (રાજસત્તા)ને ચલાવવા માટે દરેક દૌરમાં કાનૂનની જરૂરત પડતી રહી છે અને સંસ્કારિક્તા તથા નાગરિક્તા પછી ખાસ કરીને એ જ મઝહબી કાનૂનના ઘડતરમાં દરેક કૌમે દરેક તબકાએ પોતાના અનુભવો, પોતાના જ્ઞાનના આધાર પર પોતાની પેઢીના માટે નરમ વલણ પર કાયદાનું ઘડતર કર્યું છે. ધાર્મિક નિયમો ઉપરાંત એક જનરલ લોના રૂપે સૌ પ્રથમ રોમન કૌમે (ઈ.સ. ૮૬)થી રોમી કાનૂન ઘડયો. *(ઈસ્લામી તહઝીબો તમદ્દુન)*

એના પર રિવાજ પામેલ ફિલોસોફી તથા યૂનાની કલ્ચરની પણ અસર પડી. ઈ.સ. ૧૯૬૧ની એક મશ્હૂર કાનૂનની કિતાબ જેનું નામ "કન્સ્ટીટયૂટર" છે અને તેનો લેખક ગયૂસ છે. ત્યારબાદ તે કાનૂનને આખરી ઓપ શનેહશાહ જસ્ટીનીન (ઈ.સ. ૫૬૫)ના દૌરમાં સંપૂર્ણ થયો. અને એ જ જમાનો મક્કામાં ઈસ્લામના ઝહૂરની નિકટનો હતો. આજે રૂમી કાનૂન ઈટાલી, સ્પેન, ફ્રાંસ, જર્મની, મન્કીરી, બૂહમા, હોલેન્ડ, સ્કોટલેન્ડ, ક્યૂબા, શ્રીલંકા અને દક્ષિણ આફ્રિકાના કાનૂનની ધરીની હેસિયત ધરાવે છે. ખૂદ અંગ્રેજી કાનૂન જે રૂમી કાનૂનની ટક્કરનું એક બીજુ બંધારણ કહી શકાય છે તે અમુક મહત્વના ખયાલો દા.ત. કયાસ, હાકિમની નિયુક્તિ, વસિયત, બહરિયાના સંબંધે રૂમી કાનૂનથી લીધેલ બતાવવામાં આવે છે. અંગ્રેજી કાનૂન વિવિધ તરીકાઓથી પસાર થતો થતો આજે મોટા ભાગના દેશોનો પાયો છે. ખૂદ હિંદુસ્તાનમાં પણ તેના જ આધારે સમસ્યાઓ હલ કરવામાં આવે છે. આ સર્વ કાનૂનોમાં દિન પ્રતિ દિન ગવર્નમેન્ટો સુધારા વધારા કરતી રહી છે, પણ **આખુ માળખુ આખા જગતમાં રૂમી કે અંગ્રેજી કાનૂનનું જ છે, અને ધાર્મિક કાનૂનને અર્વાચીન યુગમાં કોઈ મહત્વ નથી અને આજે અદાલતનું તંત્ર દુનિયામાં એના પર જ કાયમ છે.**

પણ **મુસલમાનો માટે ઈસ્લામી કાનૂન પર અમલ કરવો એ ઈમાનનો તકાઝો છે.** ભલે, અમે એ ગૈર ઈસ્લામી કાનૂનના નિષ્ણાતોને કેવળ એક પ્રશ્ન કરવા ચાહીએ છીએ અને તે એ કે **શું એ (બંધારણ) સંપૂર્ણ છે ? જો સંપૂર્ણ છે તો દર વર્ષે એમાં વધારો ઘટાડો શા માટે કરવામાં આવે છે ? અને એ કે એ (કાનૂનનું બંધારણ) જો દુનિયામાં ઈન્સાફ તથા હક્કો (ની રક્ષા)નું જામિન છે તો પછી ખૂનીઓ શા માટે રૂઆબથી ફરી રહ્યા છે ? મુજરિમો કેમ વધતા જઈ રહ્યા છે ? વંશનો ખાત્મો કેમ થઈ રહેલ છે ?** જોઈ લો ! આજે ગરીબ વર્ગ ન્યાયથી માયૂસ થતો જઈ રહ્યો છે. આખા જગતમાં આ કાનૂની બંધારણથી ઘણી જ મુશ્કેલીએ ન્યાય મળી શકે છે. આ બંધારણનો તો એ હાલ છે કે અમુક કેસોમાં પેઢીઓ પસાર થઈ જાય છે ! ખૂદ **યૂરોપમાં લાખો સ્ત્રીઓને મારપીટ, બલ્કે દર મિનિટે કોઈ ન કોઈ સ્ત્રીએ દરેક પ્રકારના જુલ્મ, બળાત્કાર, રેપની મંઝિલોએથી પસાર થવું પડે છે.**

સમાજમાં ગેરવ્યવસ્થા, માહોલમાં અફરાતફરી, ગુનાહોની અધિક્તા છેવટે શા માટે ? **આખા જગતમાં થતા ગુનાહોના રિપોર્ટથી**

**જાણવા મળે છે કે આ આઝાદ ખયાલ લોકોના સમાજમાં ગુનાહોનો ગ્રાફ ખૂબ જ ઝડપભેર ઊંચો થતો જઈ રહ્યો છે. છેવટે એ કાનૂનોમાં ક્યાંકને ક્યાંક કોઈ ખામી તો જરૂર છે.**

મુજરિમોને બદલે નિર્દોષોને સજા, ગરીબોનું શોષણ આ બધું એ દેશોમાં ખૂબ થઈ રહ્યું છે જ્યાં એ કાનૂન લાગુ પડેલો છે. તમે આ ઉઘાડી વાતોને, આ અનુભવોને અને રોજ બનતા બનાવોને કઈ રીતે જૂઠલાવી શકો છો ? વર્તમાન ન્યાય વ્યવસ્થા ચાહે તે અમેરિકાનું હોય કે હિંદુસ્તાન કે ઈંગ્લેન્ડનું એ તમામ વર્ગોને ન્યાય અપાવવામાં ૧૦૦% શું ૨૫% પણ કામયાબ નથી.

તો કાનૂન ઘડવાનો અર્થ શું ? કોઈ અનુભવ થતાં કોઈ ખાસ લાભને દૃષ્ટિમાં રાખી તેને ઘડવામાં આવે છે. ગરીબો પર જુલ્મ થયો તો એવા કાનૂન અસ્તિત્વમાં આવ્યા કે માલદાર પરેશાન ! સ્ત્રીઓ પર જુલ્મ થયો તો એવો કાનૂન બનાવવામાં આવ્યા કે મર્દ પરેશાન ! પછી જ્યારે સ્ત્રીઓ તથા ગરીબો હક્કોની હદથી અધિક્તા સુધી આવી પહોંચ્યાં તો તેમને રોકવાના માટે તેમની વિરૂધ્ધ કાનૂનની જરૂરત પડી. સારાંશ કે આ અતિશયોક્તિનો સિલસિલો ન આજ સુધી રોકાયો છે ન રોકાશે. એની સાક્ષી સામ્યવાદના કાયદાઓ, મૂડીવાદી બંધારણના નિયમો, સમાજના બંને પક્ષો (ગરીબ–માલદાર અથવા સ્ત્રી–પુરૂષ)ના બનાવો ભાળ આપી રહેલ છે.

એ કાનૂનોમાં સમૃદ્ધતા, સર્વ વર્ગોને કાયમી રાહત, સંતુલન, બનાવો પર પકડ કરવાની મનોવૈજ્ઞાનિક ક્ષમતા નથી હોતી. એના માટે દલીલ એ છે કે તેમનું દરેક બનાવને સંજોગોને અનુરૂપ તબદીલ કરવું અને અન્ય ઘણા બનાવોનું તેમની પકડથી બહાર હોવું છે.

આજે આંતર રાષ્ટ્રિય ક્ષેત્રે કાનૂનના નિષ્ણાતોને અનુભવ છે કે કઈ રીતે મુજરિમ તે કાનૂનોની ઉણપનો લાભ ઉઠાવીને સજાથી બચી જાય છે.

## ★ ઈસ્લામી કાનૂનનું હાર્દ ★

દુનિયામાં ઈસ્લામ એવો કાનૂન તથા મઝહબ છે જે સૃષ્ટિની શરૂઆત, અંત તથા જીવનના તમામ ક્ષેત્રોની સંપૂર્ણ સ્પષ્ટતા કરે છે. અઝલ, દુનિયા, અબદના દરેક ક્ષેત્રની વિગત રજૂ કરે છે જેથી એ **સંપૂર્ણ જીવન બંધારણ** કહેવડાવવાનો હક્કદાર છે. દુનિયાના કાનૂનો એના સમક્ષ કાંઈ જ નથી ! અને આ દુનિયાવી કાનૂનોની સામે ઈસ્લામી કાનૂન તે છે જેનું ઉદ્‌ભવસ્થાન કેવળ અનુભવો જ નથી, ન તો અપૂર્ણ ધાર્મિક કિતાબો છે, બલ્કે કુર્આન પાક તથા હદીષોનો સમર્થન પામેલ સંગ્રહ છે.

આ કાનૂનમાં કેવળ બે ચીજો પર નજર રહે છે, ભલાઈ તથા બુરાઈ. દરેક દસ્તૂરમાં ભલાઈને આગળ અને બુરાઈને પાછળ કરવામાં આવે છે. હવે આ ભલાઈ તથા બુરાઈની જંગમાં ઈસ્લામી ન્યાય બંધારણ દરેક વખતે અનુભવ સિદ્ધ રીતે સાબિત થયું કે કામયાબ રહ્યું છે. જેથી જે કૌમો તથા વર્ગો બુરાઈની તરફદારી કરે છે તો એ ઈસ્લામી કાનૂન તેમની વિરૂધ્ધ જરૂર હશે, અને જે લોકો ભલાઈ ચાહનારા છે તેમને આ ઈસ્લામી બંધારણ જરૂર ખુશ કરશે.

## ★ ઈસ્લામી કાનૂનના ઘડતરનો તરીકો ★

એનું ઘડતર ક્યાં તો સ્પષ્ટ કુર્આની આયતો તથા મુબારક હદીષોથી છે અથવા તો પછી તેના પરથી પ્રાપ્ત થયેલા નિયમો થકી છે. તેની ગોઠવણી એટલી જબરદસ્ત છે કે ઈસ્લામી તબકાઓની ફિકહી તથા કાનૂની કિતાબોને જો એકત્ર કરવામાં આવે તો તમામ જગતના દસ્તૂરની કિતાબો તેના કેવળ એક લેખકની કિતાબોની સમક્ષ તે સર્વ હલકી

પડી જાય. તેની તફસીલ કરનાર જાલિમ તથા જાબિર કે બાદશાહ અથવા કોઈ ખાસ વંશ કે કૌમ ન હતી બલ્કે એના નિયમોને ઘડનારો કેવળ ખુદા તઆલા છે જે સૌનો રબ અતિ મહેરબાન (કૃપાળુ) તથા રહમ કરનારો છે. તેની ગોઠવણી કરનારી તે હસ્તીઓ છે જેમની માણસાઈની ગવાહી આ સૃષ્ટિનો દરેક ઝર્રો આપે છે, સંસ્કૃતિ જેમના પર નાઝ કરે છે, ઈલ્મ જેમને સલામ કરે છે, જેમની ખુદા તરસી (ખૌફે ખુદા) પર મિમ્બર તથા મેહરાબ ખામોશ ગવાહ બને છે, જેમની જિંદગી પડતાને ઉઠાવવા, બેસહરાઓને સહારો આપવા, ગરીબો, યતીમો, સ્ત્રીઓના હક્કોના માટે વકફ હતી. તેમની ભલાઈ પર ખૂદ કોઈ સભ્ય માનવને શંકા થવી ન જોઈએ.

તેની ગોઠવણી ઈમામે આ'ઝમ, ઈમામ અહમદ ઈબ્ને હંબલ, ઈમામ શાફઈ, ઈમામ માલિક رِضْوَانُ اللّٰہِ تَعَالٰی عَلَیْہِمْ اَجْمَعِیْن જેવી હસ્તીઓએ કરી. જેને દરેક દૌરમાં સૌથી વિશેષ મુત્તકી (ખુદાથી ડરનારા) લોકોએ સમજાવ્યો છે તથા લાગુ પાડયો છે. ઈસ્લામી કાનૂન કોઈ ખાસ સંસ્કૃતિ, ખાસ કૌમ, ખાસ જમાના માટે નથી બલ્કે એમાં એટલી તફસીલ છે એટલી લચક છે કે તેના જુઝઈય્યાત (નિયમો)ની તફસીલથી કોઈ બનાવ નીકળતો જ નથી બલ્કે જરૂર તેનો હુકમ માલૂમ થાય છે અને તેમાં ફેરફાર તથા રદ કરવાનો વારો નથી આવતો.

## ★ ઈસ્લામી કાનૂનની સંપૂર્ણ સમૃદ્ધતા ★

તમામ કાનૂનની કિતાબોને જુઓ તેમાં પ્રથમ એક દસ્તૂરનું વર્ણન થાય છે ત્યારબાદ તેના હેઠળ તેની ખાસ કલમોથી ક્રમસર તેની ગોઠવણી થાય છે, એનાથી અમુક પ્રકારો તો સમજમાં આવે છે પણ ખાસ કાયદો સમજમાં નથી આવતો.

ઈસ્લામી કાનૂનની ગોઠવણી એ પ્રમાણે નથી. તેમાં કુર્આની આયતનું વર્ણન થાય છે, પછી હદીષોનું, ત્યારબાદ એક એવા સર્વાંગી કાનૂનનું વર્ણન થાય છે જે કિયામત સુધીના જુઝઈય્યાત (નિયમો)ને પોતાની અંદર સમાવવાની ક્ષમતા ધરાવે છે અને પછી તેની દલીલનો ઉલ્લેખ થાય છે. ત્યારબાદ તેના સામાજિક કાયદાકિય પાસા પર ચર્ચા થાય છે પછી તે કાયદાથી અલિપ્ત બાબતોનું વર્ણન થાય છે. ઈસ્લામી ફિકહી કાનૂની ગોઠવણમાં ફકીહોએ એવી મહેનત કરી છે કે તેનું દષ્ટાંત દુનિયામાં મળતુ જ નથી.

## ★ ઈસ્લામી કાનૂનની પવિત્રતા ★

ઈસાઈ ધાર્મિક કાનૂનથી નવી સંસ્કૃતિને (પેઢીને) ફરિયાદ છે. મૂડીધારીઓના નિયમોથી સમાજવાદીઓને ફરિયાદ છે.

સારાંશ કે આ દૌરમાં પણ પૂરી દુનિયા કોઈ એક કાનૂનના માટે દસ્તૂર હોવાની હૈસિયતથી સંપૂર્ણપણે એકમત નથી.

આ તમામ કાનૂનોને કેવળ કાનૂનની હૈસિયતથી રાખવામાં આવે છે, પણ ઈસ્લામી કાનૂનો કેવળ કાનૂનો જ નથી.

એક રૂહાની (આધ્યાત્મિક) તથા બીજુ આયોજનાત્મક પાસુ પણ એમાં છે. એમાં કાનૂનને કેવળ કાનૂન નથી સમજવામાં આવતો બલ્કે સંપૂર્ણ બંધારણને એક પવિત્ર માર્ગ બતાવવામાં આવે છે. **આખા જગતમાં માનવી દુનિયાવી કાનૂનથી બચવાનો માર્ગ શોધે છે પણ એક સાચો મુસલમાન ઈસ્લામી કાનૂનથી બચવાનો માર્ગ નથી શોધતો** બલ્કે તેના અકીદામાં કાનૂનને એક પવિત્ર બંધારણ માનીને અમલ કરવાનું કહેવામાં આવે છે. તે ગુનાહોથી કેવળ એટલા માટે નથી બચતો કે તેમાં દુનિયાવી સજા થશે, બલ્કે તે એનાથી એટલા માટે બચે છે કે તેના અકીદાના તકાઝાની વિરૂધ્ધ છે.

ઈસ્લામી કાનૂનની આ તે અજોડ વિશિષ્ટતા છે

જે કોઈ કાનૂનને નસીબ નથી થઈ. આ જ સુધી કાનૂન કાનૂન રહ્યા છે, પણ ઈસ્લામી કાનૂન કેવળ કાનૂન નહીં બલ્કે એક પવિત્ર અકીદાનો તકાઝો, જિંદગીનો માર્ગ, પવિત્ર તથા સ્વચ્છ માર્ગ છે.

## ★ ઈસ્લામી કાનૂનની વિશિષ્ટતા ★

ઈસ્લામી કાનૂનમાં તે વર્ગોને પણ સામેલ કરવામાં આવ્યા છે જેમને કદી કોઈ કાનૂને મહત્વ નથી આપ્યું હતું. એમાં સ્ત્રીઓ, બાળકો, નોકરો, યતીમો, ઉસ્તાદો, વિદ્યાર્થીઓના હક્કોની રક્ષાનો એવો કાયદો બનાવવામાં આવ્યો છે કે તેમની પ્રકૃતિ તથા હક્કોના તદ્દન મુતાબિક છે. **ઈસ્લામી કાનૂનમાં ગુનાહોની સજા કડક છે તો ગુનોહ સાબિત કરવાની શરતો પણ એટલી જ જબરદસ્ત છે.** અમુક વર્ગો પર અમુક પાબંદીઓ જો આ કાનૂનમાં લગાડવામાં આવી છે તો એમાં કેટલીક વ્યવસ્થાત્મક ખૂબીઓ છે જેના સુધી પહોંચવું ખૂબ જ ઊંડો અભ્યાસ ચાહે છે. રોમન લો તથા અંગ્રેજી લો માં આ ચીજો પછીથી સામેલ કરવામાં આવી હતી.

## ★ ભલાઈ તથા બુરાઈનો કાનૂન ★

દુનિયાના દરેક કાનૂનમાં એક નિયમ છે કે અમુક બુરાઈ અઢળક ભલાઈ પ્રાપ્ત કરવા માટે લેવામાં આવી શકે છે. તમે એક મુજરિમને મૌતની સજા આપો છો, તો તેની પત્ની, માં માપ, નાના નાના બાળકો છે. એક બાજુ તો તેનો ગુનોહ મૌતની સજા ચાહે છે કે બીજા લોકોને બોધ પાઠ મળે, બીજી બાજુ તે મુજરિમનાં બાળકોને, પત્નીને જે પીડા થનાર છે તેનો તકાઝો છે કે તે મુક્ત થાય. પણ તમે તેનાં બાળકોની પરવા કર્યા વગર, તેની પત્નીના હક્કોને ગણકાર્યા વિના તેને ફાંસીના માંચડે લઈ આવો છો. જો કોઈ તમને પૂછે કે, છેવટે ગુનો તે માણસે કર્યો હતો તો તેની પત્નીએ તેનાથી અલગ શા માટે થવું પડયું ? છેવટે તેની મૌતની સજાને તેની પત્નીના મૃત્યુ સુધી કેમ લંબાવવામાં ન આવી ? તો તમે એ જ જવાબ આપશો કે આ થોડુક બુરાઈનું કામ બોધપાઠ આપવાના માટે અઢળક ભલાઈના માટે અપનાવવામાં આવ્યું છે. **તો ઈસ્લામી કાનૂનોમાં પણ ઘણા મોકાઓ પર એવું કરવાની જરૂરત પડે છે તો તમે આખા જગતને કેમ માથે લઈ લો છો ?!**

## ★ હુર્મતે મુસાહરતનો કાનૂન પણ એ જ નિયમાનુસાર છે ★

કોઈ સ્ત્રી સાથે કોઈએ નિકાહ કર્યો તેના પર તેના ઉસૂલ (મૂળ સગાં એટલે માં બાપ, દાદા, દાદી, નાના નાની તેમની ઔલાદ) હરામ થાય છે અને તેની ફુરૂઅ પણ એટલે તેની પુત્રી અને નીચે સુધી હુર્મત (હરામ હોવું) એ નિકાહ કરનાર માટે સાબિત થઈ જાય છે.

એ જ પ્રમાણે જો કોઈએ કોઈ સ્ત્રી સાથે નિકાહ કર્યો છે તો તે સ્ત્રીની હુર્મત (હરામ હોવું) તે વ્યક્તિની ફુરૂઅ પર પણ સાબિત થઈ જાય છે. એટલે કે તેનો પુત્ર અને તે તેના પુત્ર પર હરામ છે.

હનફી ફિકહમાં આ હુર્મત (હરામ હોવું) ઝિનાથી પણ સાબિત થઈ જાય છે, એટલે કે જો ઈસ્લામી ઉસૂલથી એ સાબિત થઈ જાય કે બાપે વહૂ સાથે ઝિના કર્યો છે તો એ વહૂ હવે પુત્ર પર હરામ થઈ ગઈ. આ કાનૂનને હુર્મતે મુસાહરત કહે છે, પરંતુ ઝિનાનું શરીઅતના નિયમો પ્રમાણે સાબિત થવું જોઈએ. અહીં કેવળ સસરાનો કે સ્ત્રીનો દાવો નહીં ચાલે, જ્યાં સુધી ગવાહો અથવા પતિ તેને સમર્થન ન કરી આપે. એ પ્રકારના ઘણા બનાવો હિંદુસ્તાનમાં બન્યા છે. એના પર અમુક વાંધો ઉઠાવનારાઓનું કહેવું હતું કે, "એક તો વહૂ પર ઝિનાનો જુલ્મ થયો વળી પાછળ તેને પતિથી અલગ કરવામાં આવી રહી છે અને તેણીની પાસે સાબિતી માંગવામાં આવી રહી છે." જુઓ ! ઈસ્લામમાં

ઝિનાની સજા, સજાએ મૌત છે, અને તે પણ પરણિત માટે સંગસાર કરવાની તકલીફદાયક એવી આકરી સજા કોઈને કોઈના કેવળ દાવો કરવાથી કઈ રીતે આપી શકાય છે. આજથી હજાર વરસ પહેલાં મેડિકલ ટેસ્ટની વ્યવસ્થા ન હતી જેથી ગવાહી વિના કોઈને મૌતની સજા કેવળ કોઈના દાવો કરી દેવાથી કઈ રીતે આપી શકાય છે ? શું કોઈ કાનૂનમાં એનું દષ્ટાંત છે ? એ સરાસર જુલ્મ નહીં ગણાય ?

બીજુ એ કે જો હુર્મત (હરામ હોવું) સાબિત રાખવામાં ન આવે તો તેના લીધે સ્ત્રીઓ સસરા માટે નરમ વલણ અપનાવતી જશે અને પછી સસરો પુત્ર માટે એવી પત્ની પસંદ કરશે કે તેનું પણ કામ ચાલે. એના લીધે પુત્રો તથા પિતાઓ વચ્ચે ખૂનરેજી સુધીની નોબત આવશે અને ઘરેલુ વ્યવસ્થા વેરવિખેર થઈ જશે. અને જ્યારે હુર્મત (હરામ હોવું) સાબિત રાખવામાં આવશે તો એટલું તો છે કે કોઈ સ્ત્રીએ પોતાનાં બાળકોને, પતિને છોડવો પડશે પણ તેનાથી અઢળક ભલાઈ હાંસલ થશે અને કરોડો ખાનદાનોની વ્યવસ્થા તથા અદબ સચવાઈ રહેશે.
*(ફતાવા રઝવિય્યહ્, ભાગ–૫, રઝા એકેડમી)*

### ★ અર્વાચીન સંસ્કૃતિ તથા કાનૂનમાં સ્ત્રીઓ પર જબરદસ્ત જુલ્મ થઈ રહ્યો છે ! ★

આજની અર્વાચીન સંસ્કૃતિ સ્વેચ્છીક વ્યભિચારના સંબંધોને કોઈ સ્ત્રી તથા પુરૂષના માટે ગુનો નથી માનતી, ચાહે તે બંનેવ પરિણત હોય કે અપરણિત. એ છૂટથી યૂરોપમાં સ્ત્રીઓ રોજ બ રોજ પોતાના બિસ્તરો પર પોતાના પતિઓના માટે તરસે છે અને જેવી રીતે તેમના પતિઓ કોઈ અન્યની નરમ બાહોમાં ખોવાઈ જાય છે તો તેણીઓ પણ કોઈની ઐશની ઝીનત બની જાય છે. આનાથી મોટી હક્કતલફી શું હશે ? આપણે આ રીતે યૂરોપના શાહી ખાનદાનો સુદ્ધાંની કૌટુંબિક વ્યવસ્થાને બર્બાદ થતી જોઈ છે. એ જ પ્રમાણે **નાઈટ કલબ, રાત્રી મેહફિલોમાં, ઓફિસોમાં હજારો સ્ત્રીઓનું જાતીય શોષણ થાય છે, એનો રિપોર્ટ વર્તમાનપત્રોમાં દુનિયા વાંચતી રહે છે, છતાં જીભો પર તાળાં કેમ વાગી ગયા છે ! અને અર્વાચીન કાનૂનની કેમ ટીકા કરવામાં નથી આવતી ? આ નગ્ન સંસ્કૃતિ પર ફિટકાર કેમ નથી વરસાવવામાં આવતો ? છેવટે દુનિયા ઈસ્લામી ફત્વાઓ પર આટલી બધી બૂમરાણ કેમ મચાવે છે ?** દુનિયાના આ તમામ બનાવોમાં કેટલા લોકોને સજા મળી છે ? **ખૂદ અમેરિકી પ્રમુખ "બિલ કિલન્ટન" પર કેટલીય અમેરિકન સ્ત્રીઓની સાથે બળપૂર્વક વ્યભિચારનો ધબ્બો લાગેલો છે. શું તે સ્ત્રીઓને એ કાનૂને ન્યાય અપાવ્યો ?** પણ દિલોની વાત જીભો પર આવીને જ રહે છે, એ દીવાનાઓને ઈસ્લામી કાનૂનથી, ફત્વાઓથી એટલા માટે ચીઢ છે કે ઈસ્લામી જીવન બંધારણને તેઓ દુશ્મન રાખે છે ! ગૈર મુસ્લિમો એવું કરે તો કોઈ ગમ ન હતો પણ અફસોસ તો એનો છે કે ઘણાયે તે લોકો જેઓ પોતાને મુસલમાન કહે છે તેઓ આ હકીકતને નથી સમજતા અને પોતાની નાદાનીથી, કમ ઈલ્મીથી અથવા તો પછી અધર્મીઓના પ્રોપેગન્ડાઓથી પ્રભાવિત થઈને તેમની હા માં હા મિલાવે છે અને દુનિયા તેમજ આખેરતમાં નુકસાન ઉઠાવે છે.

### ★ ઝિના (વ્યભિચાર)ની કાનૂની સાબિતી સરળ નથી ! ★

અમે વર્ણન કર્યું કે ઝિનાની સજા મૌત છે જેથી એમાં સામાન્ય ગવાહીથી હટીને ચાર ગવાહોની શર્ત છે. ખાસ કરીને હુર્મતે મુસાહરતમાં સસરા તથા વહૂના સ્વીકારી લેવાથી પણ કામ ચાલશે નહીં, જ્યાં સુધી કે પતિ સમર્થન ન કરે. એવું સમર્થન નહીં કે

કેવળ પત્નીના કહેવા પર (કહી આપે) ! બલ્કે ખૂદ તેને અન્ય ઝરીયાઓ થકી માલૂમ થઈ જાય. એ જ પ્રમાણે હુર્મતે મુસાહરતમાં સગી સાસુ સાથે ઝિના કરવાથી પણ પત્ની હરામ થઈ જાય છે.

### ★ દેવબંદી મુફ્તી શરીઅતને બદ્‌નામ કરે છે ! ★

શરીઅતનો ઈલ્મ અને ખાસ કરીને ફત્વો આપવો કોઈ મામૂલી કામ નથી. દેવબંદમાં મોટા ભાગે અજબ અજબ ફત્વા બહાર પડતા રહે છે ! અને મુસ્લિમોની બદ્‌નામીનો સબબ બને છે. **એક શખ્સને જે પાકિસ્તાની જેલમાં કેદ હતો તેને ગુમ થયેલ જાહેર કરીને તેની પત્ની બીજાને હવાલે કરી દેવામાં આવી ! તે જનાબ બે ત્રણ વરસમાં આવી પહોંચ્યો, તો જોયું કે પત્ની બીજાને સોંપી દેવામાં આવી છે. જ્યારે કે હનફી ફિકહમાં નિયમ એ છે કે ગુમ થયેલાની પત્ની અન્યના નિકાહમાં એક લાંબાકાળ સુધી આવી શક્શે નહીં. અને ઈમામ માલિકની નજીક દાવો કરવાના સમયથી ચાર વરસો પસાર કર્યા બાદ પછી ઈદ્દત પસાર કરીને નિકાહ કરી શકે છે. (આ બધુ ઈદારા શરઈય્યહ થકી થાય છે. -*અનુવાદક*) ગુમ થયેલાના બારામાં છે કે તેના મૃત્યુ તથા જીવનનું પાસુ જાહેર ન હોય. પણ અહીં દેવબંદી મુફ્તી બધું જ હડપ કરી ગયા !** એ જ પ્રમાણે એક સ્ત્રી "ઈમરાના" કે તેણીએ સસરા સાથે ઝિનાનો ઈકરાર કર્યો એના પર ફત્વો ઝિંકી દીધો કે ઝિના સાબિત ! અને તુરત હુર્મત લાગી ગઈ ! જ્યારે કે ઝિનાની શરઈ સાબિતી બાદ જ હુર્મત સાબિત થશે. હવે શું હતું ! હિંદુસ્તાન અને અન્ય દેશોના સમાજ સુધારકો ઉભા થઈ ગયા ! અને શરીઅતને ખામીયુક્ત ઠરાવવા માંડયા ! **શરીઅત ખામીયુક્ત નથી બલ્કે દેવબંદ ખામીયુક્ત છે. આ લોકો આજથી નહીં એક સદીથી શરીઅતની સાથે આવું જ બધું કરતા આવ્યા છે.** તેમના એક પેશ્વાએ ક્યાંક ઝાગ (زاغ) અરબી કિતાબોમાં જોયું કે હલાલ છે, અને તે સમજી ન શક્યા કે ઝાગ એ પક્ષીઓની એક જાતી છે તેના હેઠળ કેટલાક પ્રકારો છે જેમાં લક્‌લક્‌ નાનુ બગલુ, કલૂબા પક્ષીઓ વગેરે આવે છે, તેના કેટલાય પ્રકારો છે. ઝાગ અસ્વદ, ઝાગ અબીઝ. પણ **આં જનાબે "ઝાગ"નો તર્જુમો "કાગડો" કરી નાખ્યો ! અને ફત્વો આપી દીધો કે હિંદુસ્તાનની ભૂમિમાં પ્રખ્યાત કાગડો એટલે કાળો કાગડો જાઈઝ છે !** તમામ ઉલમાએ કિરામ દંગ રહી ગયા કે નાપાકી ખાનાર, ગોશ્ત ખાનાર કાળો કાગડો કેવી રીતે હલાલ થઈ ગયો ?! **પણ દેવબંદી આજ સુધી એના પર અડેલા છે.** વાત એવી બની કે મશ્હૂર હાસ્ય નોવેલ ખોજીમાં એક જગાએ છે કે ઓધના નવાબના નુસ્ખામાં "રોગને ગુલ બરાએ ખયસાન્દહ" (ગુલાબજળ ભેળવવા માટે) દવા માટે તજવીઝ થયું. ખોજી સાહબ નુસ્ખો (પ્રિસ્ક્રીપ્સન) અત્તાર પાસે લઈ ગયા. નુસ્ખો પોતાના હાથમાં રાખ્યો અને ગુલનો તર્જુમો ગિલ (માટી) કરીને બોલ્યા કે એમાં મિટ્ટીનું તેલ (કેરોસીન) પણ છે. સવારે નવાબ સાહબને દવા કે જે કેરોસીનમાં ભેળવેલી હતી પીવા માટે આપવામાં આવી. તો નવાબ સાહબે હકીમને બોલાવ્યો અને યોગ્ય સજા કરવાનો ઈરાદો કર્યો. તો **ભાઈઓ ! આવું છે ! ઈસ્લામી કાનૂનમાં કોઈ ખામી નથી, હા ! ખામી જો હોઈ શકે છે તો કોઈ મુફ્તીમાં હોઈ શકે છે** અથવા **કોઈ કાઝી કે જજમાં હોઈ શકે છે.**

### ★ અર્વાચીન કાનૂન વિરોધભાસનો શિકાર છે ! ★

અર્વાચીન કાનૂનના સ્થાપકો ગુનાહોને ઓછા

દેખાડવા ચાહે છે પણ તેમની પાસે તેના માટે સજાઓ તો છે કોઈ ચિંતનાત્મક માળખુ નથી. કોઈ સચોટ પ્રોગ્રામ નથી. **તેઓ ચાહે છે કે ઈન્સાન ઉચ્ચ સ્થાને રહે, દયા કરે, ન્યાય કરે, અન્ય લોકોનું સન્માન કરે, સ્ત્રીઓ સાથે માનપૂર્વક વર્તે, સ્ત્રીઓની સાથે સદ્વર્તન કરે, બળાત્કારથી દૂર રહે.. પણ એની સાથોસાથ તે ખૂદ એવી ઢીલ પણ આપે છે કે જેનાથી કોઈ પણ માણસ એ ગુનાહો પ્રતિ વળી જાય છે. સેક્સની આઝાદી આપે છે, સ્ત્રીઓ તથા પુરૂષોને અંગ પ્રદર્શનની ઈજાઝત આપે છે, બંને જાતીઓને દરેક પ્રકારની મુલાકાતની ઈજાઝત આપે છે, સડકો પર ઉઘાડે છોગે હુસ્નના પ્રદર્શનની છૂટ આપે છે. ડ્રામાઓ, ફિલ્મો, થિયેટરો, નૃત્યાલયોમાં વાસના ઉત્તેજીત કરે તેવા દશ્યો તેમને ત્યાં મુબાહ છે, દરેક પ્રકારનો પોઝ આપવાની ટેલીવિઝન વગેરે પર તેમને ત્યાં રજા છે, તેનો પાયો કોઈ અકીદા પર નથી, તેમાં આખેરતમાં જવાબ આપવા વિશેનો કોઈ ખયાલ જ નથી.**

તેમને ત્યાં أَنْ هِيَ أَلَّا حَيتنا الدنيا نموتُ و نحيا *(સૂરએ અન્આમ, આયત-૨૯)* **તર્જુમો** : "તે તો આ જ આપણી દુનિયાની જિંદગી છે."નો ખયાલ તે أَنَّ الدَّارَ الآخرةَ لَهِى الحيوانُ *(સૂરએ અન્કબૂત, આયત-૬૪)* **તર્જુમો** : "બેશક ! આખેરતનું ઘર જરૂર જ સાચી જિંદગી."ને નથી જાણતો.

એટલા જ કારણે **વર્તમાનકાળમાં માનવ એટલો વાસનામાં અંધ બની ગયો છે કે તે પોતાની પુત્રીઓ, બહેનો, ભત્રીજીઓ સુદ્ધાંની સાથે કુકર્મમાં સપડાઈ જાય છે, આ સર્વ કાંઈ પશ્ચિમની બેહયાઈના તોફાનનું ફળ અને અમુક માથા ફરેલાઓના કુકર્મોનું પરિણામ છે જેને આખુ વિ□ ભોગવી રહ્યું છે.**

એનાથી ઉલ્ટુ ઈસ્લામી કાનૂન પ્રથમ એક વૈચારિક ક્રાંતિ લાવે છે. તે સૌ પ્રથમ માનવીને ખાલિકે જબ્બાર અને માલિકે કહ્હારની સમક્ષ જવાબ આપવા વિશેનો ખયાલ અપાવે છે.

يَومَ تشهدُ عليهم ألسنتهم وأيديهم وأرجلهم بما كانُوا يَعْمَلُون- *(સૂરએ નૂર, આયત-૨૪)*

**તર્જુમો** : "જે દિવસે એના પર ગવાહી આપશે તેમની જીભો અને તેમના હાથ અને તેમના પગો જે કાંઈ કરતા હતા." *(કન્ઝુલ ઈમાન)*

તે સૌ પ્રથમ પુરૂષો તથા સ્ત્રીઓની ભારપૂર્વક ભેળસેળ (મેળમિલાપ) રોકે છે. પોતાના પતિઓ સિવાય હુસ્નના પ્રદર્શન પર પાબંદી લગાડે છે, તે કાનૂનની પાબંદીને જન્નતનો સબબ બતાવે છે, અને ગુનાહોને જુર્મોને ગંદકી અને ફવાહિશ (કુકર્મો)નું નામ આપવામાં આવે છે. તે એ તમામ ઝરીયાઓને પણ હરામ ઠરાવે છે જે કોઈ હરામ કામનો સબબ થઈ શકે.

વળી તેની સાથોસાથ એ પોતાના અહકામ (હુકમો)માં એટલી લચક ધરાવે છે કે જમાનાના ચક્રની સાથે સાથે ફિકહ તથા કાનૂનની મૂળ રૂહને મેહફૂઝ રાખીને ફેંસલાઓને તે દૌરના મુજબ કરી લેવામાં આવે છે, અને મસાઈલ (પ્રશ્નો, સમસ્યાઓ)ને હલ કરવાનું કામ ચાલુ રાખે છે. ઈસ્લામી કાનૂન ઈસ્લામી ફિકહ એક અજીબ અસીમ સમુદ્ર છે એમાં જેટલી ચાહો ડૂબકીઓ મારો અને દરેક પળે નવા નવા અમૂલ્ય મોતીઓ પામતા રહો !

તમામ ઈસ્લામી હુકમોનું કારણ જાણવું (સમજવું) માણસના વશની વાત નથી. અલ્લાહે જે હુકમો બંદાઓને આપ્યા છે તો જરૂરી નથી કે તેનું

કારણ માણસ સમજી લે, બલ્કે તેના માટે તો પાલન જરૂરી છે, પછી હુકમનું સમર્થન બુદ્ધિ કરે કે ન કરે.

વાત હવે મૂળ સુધી આવી છે કે અમારો અકીદો એ છે કે ચીજનું સારું કે નરસુ બુદ્ધિ નથી, અલ્લાહનું ઉતારેલ કુર્આન, તેના હુકમો હક્ક છે, તેના સિવાયના અન્ય અહકામ (હુકમો)ને ચાહવું, તેની રદ કરવી ઉઘાડુ કુફ્ર છે. વર્તમાનકાળના તે લોકો જેઓ "સમાન સિવિલ કોડ" લાવવા ચાહે છે અથવા તે લોકો જેઓ કોઈપણ રીતે ઈસ્લામી તથા કુર્આની હુકમોને લાગુ થવા નથી દેતા અથવા તેને ગલત બતાવે છે એમની સાથે અમારો મતભેદ એક બે મસાઈલનો નથી બલ્કે **એ મતભેદ ઈમાન તથા કુફ્રનો છે. જેથી મુસલમાનોએ જાણવું જોઈએ કે મુસ્લિમ પર્સનલ લૉની વિરૂધ્ધ આ સાજિશો એ ઈમાનની વિરૂધ્ધ છે.** અને ઈસ્લામી અહકામ (હુકમો)નો ઈન્કાર ઈસ્લામથી દૂર રાખવાનો ઝરીયો છે.

હા ! કોઈ મસ્અલા પર કોઈ પરેશાની છે તો એના માટે તમામ ઉલમાના હવાલે એ મસ્અલાને કરવામાં આવી શકે છે, તેની ફિકહી તથા ઈસ્લામી હૈસિયત પર વિચારણા કરવામાં આવી શકે છે. તમને ખબર હોવી જોઈએ કે **જામિઆ અશ્રફિયા–મુબારકપુરની મજલિસે શરઈ** એક અત્યંત વિ□સનીય ઈદારો છે અને તેમાં નવા ઉપસ્થિત થતા મસાઈલ પર ઈસ્લામી જગતના મહાન આલિમો વિચારણા કરે છે, કાનૂનોના નિષ્ણાતો પણ હોય છે. તમામ એવા કેસોમાં જ્યાં કોઈ ઈસ્લામી હુકમ સમજવામાં મુશ્કેલી થઈ રહી છે તો ગવર્નમેન્ટે જોઈએ કે આ વિ□સનીય ઈદારાને એ મામલામાં શરીક કરે અને તેના નિષ્ણાતો સાથે મશ્વરા કરે. પણ અહીં તો મીડિયા તથા ગવર્નમેન્ટમાં એવા બુરાઈ ચાહનારાઓની બહુમતી છે કે જેમણે વાત વાતમાં ઈસ્લામને બદ્‌નામ કરવો છે. પણ તેઓને જાણ હોવી જોઈએ કે **ઈસ્લામ એક રિવાજ નથી બલ્કે એક કાનૂન, એક વૈચારિક ક્રાંતિ, એક બરકતવંત ચળવળ, એક પરિપૂર્ણ જીવન બંધારણ છે, જેની બરકતો જોઈને દર વર્ષે લાખો સમજદાર લોકો તેની રહમતના સાયામાં શરણ લે છે.** આજે કેટલાયે લોકો એટલા માટે કે તેઓ અદાલતની ખુરશી પર બેઠેલા છે તેઓ એક બે ફૈસલો બદલી શકે છે પણ આ જીવન બંધારણને બદલવું કોઈના વશની વાત નથી જે માનવજાત માટે રહમત છે અને **તેના દરેક કાનૂનમાં સંપૂર્ણ સુકૂન છે.** આજે માણસ જાણીબુજીને કે અજાણપણે કે મજબૂર થઈને ઈસ્લામી અહકામની પ્રતિ આવી રહ્યો છે. જે વખતે ઈસ્લામી કાનૂન ઘડાયો, તેની ગોઠવણ થઈ તે વખતે દુનિયા અમુક મોટા મોટા ફૈસલાઓ સિવાય અન્ય કાનૂની વિગતોથી વાકેફ ન હતી. ઈસ્લામી ફિકહ ખાસ કરીને હનફી ફિકહની ગોઠવણીનો મોટા ભાગનો હિસ્સો અર્વાચીન કાનૂને પણ અપનાવ્યો છે. આ જ તે કાનૂન છે જેણે દુનિયાને આધુનિક જ્યુડિશિયલ (કોર્ટને લગતી) સિસ્ટમ શીખવાડી. આ ફિકહની વિગતોના આધારે આખા વિ□ના કાનૂનોના નિષ્ણાતોએ લાભ ઉઠાવ્યો છે. મુહર્રમાત એટલે તે સ્ત્રીઓ જેમનાથી નિકાહ હરામ છે તેની વિગત જે હનફી ફિકહમાં છે તેને અત્યાર સુધીમાં પૂરી દુનિયા સ્વીકારી ચૂકી છે. એ જ પ્રમાણે ગવાહી, વકાલત, હાકિમ બનાવવું, ખરીદ વેચાણ અથવા વેપારના મસાઈલ, ટ્રેડિંગ સિસ્ટમનો મોટા ભાગનો હિસ્સો આજે પણ હનફી ફિકહનો જ અર્વાચીન કાનૂનમાં મૌજૂદ છે. આ જ તે હનફી ફિકહ છે જેણે અર્વાચીન માનવને કાનૂનનો જાણકાર બનાવ્યો છે. આજે તે જાડી બુદ્ધિવાળા સમાજ સુધારક ! અથવા એક બે કાનૂનની ચોપડીઓને પઢનારાને શું હક્ક પ્રાપ્ય છે કે ઈસ્લામી અહકામ પર વાંધો ઉઠાવે ! *(અશ્રફિયા ઉર્દૂ માસિક, મુબારકપુર, સપ્ટે.–૨૦૦૫)*

# દારુલ કઝાની વિરૂધ્ધ દંગલખોરોનો બળવો હિંદના બંધારણનું અપમાન છે !

લેખક : જનાબ ખુશ્તર નૂરાની, તંત્રી : જામે નૂર (દિલ્હી)
અનુવાદક : મુહમ્મદ ઈમરાન રઝા, મુતઅલ્લિમ જામિઆ અશરફિયા-મુબારકપુર

**હિં**દની આઝાદીથી પહેલાં ઈ.સ. ૧૯૩૭માં શરીઅત એપ્લીકેશન એક્ટ હેઠળ મુસ્લિમ પર્સનલ લોને રક્ષણ પૂરું પાડવામાં આવ્યું હતું. એ એક્ટમાં એ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે નિકાહ તથા તલાક, ફસ્ખ (નિકાહ તોડવા) તથા ખુલઅ (સ્ત્રી તરફથી છૂટી પડવું), વારસોને લગતા, ભેટ આપવા વિશેના તથા વકફ વગેરેના મસાઈલમાં જો બંને પક્ષો મુસલમાન હોય તો તેમના કેસોનો ફેંસલો અનિવાર્યપણે મુસ્લિમ પર્સનલ લોના હેઠળ કરવામાં આવશે અને એવા તમામ કાનૂનો તથા ઉસૂલ સ્વીકારવામાં નહીં આવે જે શરીઅતે મુહમ્મદીથી ટકરાતા હોય. હિંદની આઝાદી પછી જયારે બંધારણના ઘડતરનું કામ શરૂ થયું તો હિંદના દસ્તૂરની કલમ ૨૫, ૧૨૬ તથા ૨૯ના હેઠળ મુસ્લિમ પર્સનલ લોને પણ કાનૂની રક્ષણ આપવામાં આવ્યું. પણ બંધારણના પાયાના ઉસૂલ કલમ ૪૪માં એવું કહીને કે, "રાજ્ય સરકારો કોશિશ કરે કે પૂરા દેશમાં વતનવાસીઓ માટે સમાન સિવિલ કોડ લાગુ થાય" મુસ્લિમ પર્સનલ લોના ખાત્માનું બીજ રોપી દીધું.

ઈ.સ. ૧૯૫૬માં જ્યારે હિંદુ પર્સનલ લોમાં ફેરફાર કરવામાં આવ્યો અને હિંદુ કોડ પાસ થયો તો એ સમયે કાયદા પ્રધાન મિ. પાટસકરે એવું નિવેદન આપ્યું હતું કે, "હિંદુ કાયદામાં જે સુધારણા કરવામાં આવી રહી છે તે નજીકના ભવિષ્યમાં હિંદુસ્તાનની સમગ્ર વસ્તી પર લાગુ કરવામાં આવશે."

આઝાદ હિંદનો પાયો લોકશાહી પર રાખવામાં આવ્યો હતો એટલા માટે અહીં દરેક મઝહબ અને તેના કાયદાઓને કાનૂની હેસિયત આપવામાં આવી, પણ ભાગલા પછી આ દેશમાં એક એવો દંગલખોર વર્ગ ઉભો થયો જેણે બિનસાંપ્રદાયિક્તાની કાંચળી ઉતારીને આખા હિંદુસ્તાનને કેસરીયા રંગમાં રંગવાના ખ્વાબ જોવા માંડયા. એ તબકાના લોકો લોકશાહીતંત્રમાં શું ઘુસ્યા ગવર્નમેન્ટમાં પણ સામેલ કરી લેવામાં આવ્યા અને તેના પછીથી જ ગવર્નમેન્ટી કક્ષાએથી પબ્લિકની કક્ષા સુધી મુસ્લિમ પર્સનલ લોને ખતમ કરીને પૂરા જગતમાં સમાન સિવિલ કોડ લાગુ કરવાની કોશિશો થવા લાગી, કદી કોઈ દસ્તૂર (કાયદા) થકી, કદી કોઈ બિલના થકી તો કદીક મુસ્લિમ પર્સનલ લો પર અસંતોષ દર્શાવીને. પરંતુ એવી સર્વ ટીકાપાત્ર કોશિશોને હમેશાં દેશના ધાર્મિક વડાઓએ અને સભાન મુસલમાનોએ નિષ્ફળ બનાવીને તેમના ખ્વાબોને તાબીરથી મેહરૂમ રાખ્યા.

## ★ સમાન સિવિલ કોડ લાગુ કરવાની એક ઓર કોશિશ ! ★

હમણા હાલમાં દિલ્હીના એક વકીલ વિષ્ણુલોચન મદાને મુઝફ્ફરનગરની ઈમરાના, ગિળગાંવની રુખસાના તથા આસામની રોશનઆરાની પોતાના સસરા થકી ઈજ્જત લૂટવાના તથા તેના પર દારુલ કઝાના ફૈંસલાના વિરોધમાં સુપ્રિમ કોર્ટમાં એક અરજી દાખલ કરી કે, "દારુલ કઝા તથા દારુલ ઈફતા મુસ્લિમ ઔરતોના હક્કોને હડપ કરી રહેલ છે, તેમની સાથે અન્યાય કરી રહેલ છે અને આ ઈદારાના જિમ્મેદારો હિંદુસ્તાનની

અદાલતોના સમાંતરે પોતાની શરઈ અદાલતો ચલાવી રહ્યા છે. આ ઈદારાઓ દેશની ન્યાય વ્યવસ્થા માટે ચેલેંજ છે, એટલા માટે દેશના ખૂણે ખૂણે ફેલાયેલા હજારો દારુલ ઈફતા તથા દારુલ કઝાને સત્વરે બંધ કરવામાં આવે."

તેણે પોતાની આ અરજી (Writ Petition)માં રાજ્ય સરકારોથી પણ એ માંગણી કરી છે કે, "તેઓ પોતાનાં રાજ્યોમાં કાઝીઓ તથા મુફતીઓની તકરીરો પર તૂરત જ પાબંદી લગાડે, અને તેમની કેળવણી પર પણ પ્રતિબંધ મૂકવો જોઈએ." આશ્ચર્ય તો એ છે કે માનનીય અદાલતે લોચનની જાહેર હિતની આ બકવાસને કેવળ સાંભળવા માટે કબૂલ કરી બલ્કે તેના પર કાર્યવાહી કરતાં જસ્ટિસ વાય કે. સભ્રવાલ અને જસ્ટિસ સી. કે. ઠક્કરની બેંચે ૧૬ ઓગસ્ટે મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, દારુલ ઉલૂમ દેવબંદ, મહારાષ્ટ્રની મુસ્લિમ સેક્યુલર સોસાયટી, કેન્દ્રીય ગવર્નમેન્ટ તથા આઠ રાજ્યોને નોટિસ જારી કરી દીધી. એના હેઠળ દિલ્હી રાજ્ય, યુ.પી. હરિયાણા, આસામ, મધ્યપ્રદેશ તથા રાજસ્થાનને પૂછ્યું કે, "શરઈ અદાલતો તથા દારુલ કઝાને દેશની (ન્યાય) વ્યવસ્થાને સમાંતર સમજીને શા માટે ગૈર કાનૂની ન ઠરાવવામાં આવે?" આ નોટિસ પર મુસ્લિમ પર્સનલ લો બોર્ડ, દેવબંદ તથા અન્ય મુસ્લિમ લીડરોનો શો પ્રતિભાવ સામે આવ્યો એ તો આપણે આગળ જોઈશું, પણ સિતમ તો એ છે કે નોટિસ જારી થયાના થોડાક કલાકો બાદ જ કાયદાપ્રધાન મિ. હંસરાજ ભારદ્વાજે દારુલ કઝાની બંધારણિય જોગવાઈની આંખ આડા કાન કરીને ખૂબ જ દુઃખદાયક નિવેદન આપ્યું જે તેમની દેશના બંધારણથી અજ્ઞાનતાનો પતો આપે છે અથવા તો પછી કેસરીયા વિચારધારાની ચુગલી ખાય છે. તેમણે કહ્યું કે :–

"દેશમાં કોઈપણ સમાંતર ન્યાયી વ્યવસ્થા સ્વીકારને પાત્ર થશે નહીં, એ જ મુસ્લિમોનું બંધારણ રહેશે જે ચાલે છે અને જે ચીફ જસ્ટિસ ઓફ ઈન્ડિયાની સરદારી હેઠળ આખા દેશમાં સ્થાપિત છે. હિંદુસ્તાનનું બંધારણ કોઈ ઈસ્લામી અથવા શરઈ અદાલતને માનતુ નથી અને દેશમાં એવા દારુલ કઝાને માનવાનો સવાલ જ ઉપસ્થિત નથી થતો."

આ દેશમાં જુલ્મ તથા અત્યાચાર સામે અવાજ બુંલદ કરવામાં બંધારણિય અધિકાર દરેકને પ્રાપ્ય છે, પણ દેશની કોર્ટોનો એ ઈતિહાસ પણ રહ્યો છે કે અમુક સમસ્યાની ગંભીરતાને જોતાં અરજી દાખલ કરનાર પાસેથી મામલાના સંબંધે તેની દિલચસ્પીનો સબબ પણ વિધ્વાન જજો તથા અદાલતોએ પૂછેલો છે જેથી કાર્યવાહી થતાં ન તો જાહેર હિતને નુકસાન પહોંચે ન તો બે પક્ષોમાં ખેંચતાણની નોબત આવે. પણ વિદ્વાન જજોએ આટલા ગંભીર મસ્અલા પર રિટ દાખલ કરનારની કોઈ છાનબિનની જરૂરત ન અનુભવી. તેમના આ અમલે જાગૃત મુસલમાનોના દિમાગમાં કેટલાયે પ્રશ્નોને ખડા કરી દીધા. કેમ કે ઈન્સાફની ખુરશી પર બેસીને હજારો કેસોના ફેંસલા કરવાવાળા પણ છેવટે આપણી જેમ માણસ જ છે, તેઓ પણ કોઈ ધર્મના માનવાવાળા છે. કુદરતની વ્યવસ્થાના તાબા હેઠળ અને નફ્સના બંધાયેલા પણ છે. જો સર્વોચ્ચ અદાલતે લોચનની આ મસ્અલામાં દિલચસ્પી તલાશ કરવાની કોશિશ કરી હોત તો એ કાવત્રુ ખુલીને સામે આવી જાત કે જાહેર હિતની તડપમાં ઉઠનારો આ કદમ ભગવા કેમ્પનું પ્રતિનિધિત્વ કરી રહ્યો છે જે દેશનું લોકશાહી માળખુ વિખેરીને હિંદુ રાષ્ટનું ઘડતર કરવા ચાહે છે અને દરખાસ્ત કરનારાઓનો સંબંધ પણ એ જ ગૃપથી છે જેણે ક્યારેક કલકત્તાની હાઈકોર્ટમાં એ અરજી દાખલ કરી હતી કે, "મુસલમાન હિંદુઓને કાફિર કહે છે અને કુર્આનમાં કાફિરોને ઘણા જ બુરા કહેવામાં આવ્યા છે એટલા માટે હિંદુસ્તાનમાં કુર્આન પર પાબંદી લાગુ પાડવામાં આવે." આ કેસનો શો હાલ થયો? દુનિયાને ખબર છે. સંશોધન પછી આ અરજીનો પણ ઈન્શાઅલ્લાહ ! એ જ હાલ થશે. કેમ કે જે આધારો પર દારુલ કઝાને ચેલેંજ કરવામાં આવેલ છે તે હકીકત સાથે તેને દૂરનો પણ સંબંધ નથી.

## ★ દેશની અદાલતો અને દારુલ કઝામાં બંધારણીય તથા ઈખ્તેયારી ફર્ક ★

અત્યારે આખા હિંદુસ્તાનમાં વિવિધ મસ્લકોના દારુલ ઈફતા તથા દારુલ કઝા કાયમ છે અને દેશની અદાલતો પણ મૌજૂદ છે જે પોત પોતાની મર્યાદામાં બંધારણીય હક્કોના આધારે કાર્યરત છે. દેશના બંધારણ હેઠળ દારુલ કઝામાં ફોજદારીના કેસો નથી રજૂ થતા બલ્કે તે મસાઈલ જેનો સંબંધ વ્યક્તિગત તથા કૌટુંબિક (નિકાહ, તલાક વગેરે) બાબતો સાથે હોય છે, અને લોકો એ મસાઈલમાં શરીઅતની રૂએ શું હુકમો છે તેનાથી માહિતગાર થવાના ઈચ્છુક હોય છે તો દારુલ કઝા અથવા દારુલ ઈફતાનો સંપર્ક કરે છે. જ્યાં કાઝી અથવા મુફતી મસ્અલાના તમામ પાસાંઓની તેહકીક તથા છાનબીન પછી શરીઅત મુજબનું મંતવ્ય (શરઈ મંતવ્ય) રજૂ કરે છે, અથવા બીજા શબ્દોમાં કે શરઈ ફેંસલા સંભળાવે છે.

પણ દારુલ કઝાનો કોઈ પણ ફેંસલો અથવા મંતવ્યનો બળપૂર્વક અમલ લાગુ પાડવામાં નથી આવતો કેમ કે હિંદુસ્તાન ઈસ્લામી દેશ નથી એટલા માટે અહીંનો કાનૂન તેની ઈજાઝત નથી આપતો. હિંદુસ્તાનનું બંધારણ એ શરઈ ઈદારાઓને માન્ય રાખે છે પણ જ્યાંથી કેવળ કૌટુંબિક મસાઈલનો હલ રજૂ કરવામાં આવે છે કોઈ પણ ફેંસલાને લાગુ પાડવામાં નથી આવતો. કેમ કે આ શરઈ ઈદારા અદાલતો નથી. શરઈ અદાલતો ત્યાં હોય છે જ્યાં ઈસ્લામી હુકૂમત ચાલતી હોય, કેમ કે ઈસ્લામી હુકૂમત ચાલતી હોય ત્યાં આ શરઈ અદાલતો અધિકારવાળી હોય છે, જ્યાં દરેક પ્રકારના અંગત કે સામૂહિક મસ્અલા, ચાહે તેનો સંબંધ ફોજદારીથી હોય કે દીવાનીથી હોય તે રજૂ કરવામાં આવે છે અને આ શરઈ અદાલતોનો દરેક ફેંસલો લાગુ થવાને પાત્ર હોય છે પણ હિંદુસ્તાનના દારુલ કઝા અથવા દારુલ ઈફતાની સ્થિતિ એવી નથી. **આઝાદ હિંદના ઈતિહાસમાં એવું કોઈ દષ્ટાંત રજૂ કરી શકાતુ કે દારુલ કઝાના કોઈ પણ ફેંસલાને બળપૂર્વક લાગુ પાડવામાં આવ્યો. જ્યારે દેશની કોર્ટના દરેક ફેંસલાને બળપૂર્વક લાગુ પાડવામાં આવે છે કેમ કે ગવર્નમેન્ટ, મેનેજમેન્ટ અને લશ્કરી શક્તિ તેમના તાબા હેઠળ છે, અને દારુલ કઝા સાથે એવું કાંઈ નથી.** દારુલ કઝા અને દેશની કોર્ટોમાં સૌથી મોટો પાયાનો ફરક તો એ છે કે દેશની કોર્ટોમાં દેશનો નાગરિક રજૂઆત કરી શકે છે અને જરૂરત પડતાં કરે પણ છે, ભલે તે નાગરિક ગમે તે ધર્મ અપનાવતો હોય કે કોઈપણ જ્ઞાતિ–પંથનો હોય. પણ દારુલ કઝા સાથે મુસલમાનો સિવાય કોઈપણ જ્ઞાતિનો કોઈ સંબંધ નથી. એ ઉપરાંત દારુલ કઝાનો ફેંસલો અથવા રાય જાણ્યા બાદ પણ તે કોર્ટમાં જઈ શકે છે. દારુલ કઝાના કોઈ પણ ફેંસલાથી કોર્ટમાં જવાના હક્કને કાંઈ અસર પડતી નથી. કેમ કે દારુલ કઝાના કોઈપણ ફેંસલાને સ્વીકારવા ન સ્વીકરવાનો અધિકાર દેશના બંધારણ મુજબ દરેક મુસલમાન ધરાવે છે. જેમ કે કાયદામંત્રીએ ખૂદ પણ કહ્યું હતું કે, "દારુલ કઝાની કોઈ કાનૂની હૈસિયત નથી, બલ્કે જે ચાહે તે એને સ્વીકારે અને જે ન ચાહે તે અમાન્ય કરી દે."

આશ્ચર્ય છે કે સુપ્રિમ કોર્ટે એ જાણ્યા પછી પણ કે દારુલ કઝાનો સંબંધ કેવળ મુસલમાનો સાથે છે અને અરજી કરનાર લોચનનો સંબંધ મુસ્લિમ જ્ઞાતિ સાથે નથી એટલા માટે એ નથી માન્ય કરી શકાતુ કે તેણે દારુલ કઝાના ફેંસલાઓથી અસર પામીને આ કદમ ઉઠાવ્યું હશે, તેમ છતાં પણ તેની અરજી સાંભળવામાં આવી બલ્કે એના પર કાર્યવાહી પણ થઈ !

## ★ દેશની કોર્ટોની હાલની સ્થિતિ ★

કોર્ટો તથા દારુલ કઝાના આ પાયાના બંધારણીય તથા અધિકારયુક્ત તફાવત ઉપરાંત દેશની કોર્ટોની હાલત ઘણી અકથ્ય છે. દેશની કોર્ટોની

વ્યવસ્થા હાલ એટલી કથળી ચૂકી છે કે હવે કોઈ અદાલતનો દરવાજો ખટખટાવતાં ડરે છે ! ૨૧મી સદીમાં સાયન્સ પ્રગતિ કરીને તારાઓ સુધી આંટા મારી રહી છે, અંદાજો બદલાઈ રહ્યા છે, સાયન્સી ક્રાંતિએ દુનિયાના અંતરોને સમેટીને એક બિંદુ પર કેન્દ્રિત કરી નાખેલ છે અને હવે દિવસોનું કામ મિનિટોમાં થઈ રહ્યું છે. પણ આપણા દેશની કોર્ટ વ્યવસ્થા ખૂબ જ સુસ્ત તથા પૂરાણી છે. એ જ કારણે એક સત્તાવાર અંદાજા પ્રમાણે સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટમાં પેન્ડિગ કેસોની સંખ્યા એકલાખ વીસ હજાર છે જ્યારે કે નીચલી કોર્ટોમાં એની સંખ્યા એક કરોડ પચાસ લાખ દર્શાવવામાં આવે છે. એ ઉપરાંત ઈ.સ. ૨૦૦૪માં હાઈકોર્ટમાં જજોની ૨૦૮ જગાઓ પણ ખાલી હતી જે આજ સુધી પૂરી શકાયી નથી. આ વ્યવસ્થાને ઝડપી બનાવવાના માટે કેટલીયે વાર કોશિશો કરવામાં આવી અને આ કથળી ચૂકેલી વ્યવસ્થાને ઝડપી બનાવવાના માટે કેટલીયેવાર કોશિશો કરવામાં આવી. આ કથળી ચૂકેલી વ્યવસ્થા પર કાનૂનના નિષ્ણાતોએ ચિંતા દર્શાવીને યોજનાઓ પણ રજૂ કરી પણ તેઓ ખરાબ રીતે નિષ્ફળ ગયા. ભૂતકાળમાં **All India United Front**એ કોર્ટોનો બોજ ઘટાડવાના માટે કેસોને જલ્દી પતાવવા અને કોર્ટ વ્યવસ્થાને બદલવાના માટે દીવાની કાયદાઓમાં તબદીલી લાવવાનું એલાન પણ કર્યું હતું જેના કારણે કેસોને એક નિશ્ચિત મુદતથી અધિક ટાળી શકાતો ન હતો, પણ એ યોજના પણ સફળ ન થઈ શકી અને આજે સ્થિતિ એ છે કે કરોડો કેસો કોર્ટોમાં પડેલા છે જ્યાં ઈન્સાફની જગાએ કેવળ તારીખો મળે છે ! અને **બાપનો કેસ પુત્રોએ જ નહીં બલ્કે પૌત્રો તથા નવાસાઓએ લડવો પડે છે !** રાષ્ટ્રપતિ પણ કોર્ટોના ફેંસલાઓના મોડા થવા પર પોતાની ચિંતા પ્રદર્શિત કરી ચૂક્યા છે અને થોડા દિવસો અગાઉ જ એક સેમીનારમાં માજી ન્યાયાધીશ વાય. કે. સુભ્રવાલે પોતાની ચિંતા પ્રદર્શિત કરતાં જજોને એ સલાહ આપી હતી કે :–

"પેન્ડિગમાં પડેલા કેસોને તેના અંજામ એટલે ફેંસલા સુધી પહોંચાડવાના માટે જજોએ જોઈએ કે તેઓ દિવસ રાત એક કરી દે અને કેસોને નિપટાવવાને માટે ઘરોનો પણ ઉપયોગ કરે."

કોર્ટોનો બોજ કમ કરવા અને કેસોના જલ્દી ફેંસલા માટે ગોલ્ડન ફાઉન્ડેશન નામની એક સંસ્થાએ પણ ઉકેલ રજૂ કર્યો હતો કે :–

"૫૦ હજાર નવા તથા કામચલાઉ જજોની નિમણૂંક કરવામાં આવે અને એક જજને એક વરસમાં ૧૦૦ કેસોને પતાવવાનો કવોટો આપવામાં આવે, આ રીતે ત્રણ વરસમાં તમામ કેસોનો નિકાલ થઈ જશે."

આ સંસ્થાએ એવો દાવો કર્યો હતો કે જો તેમની આ યોજના પર અમલ કરી લેવામાં આવ્યો તો હિંદુસ્તાની કોર્ટો તથા કરોડો લોકો ચૈનનો □સ લઈ શકશે. પણ પચાસ હજાર જજોની કામચલાઉ નિયુક્તિ અને ત્રણ વરસના અરસામાં કરોડો કેસોના ફેંસલાઓ પર ગવર્નમેન્ટના માટે કેટલો આર્થિક બોજ આવી પડશે એનો અંદાઝો નથી કરી શકાતો. કદાચ એટલા માટે પણ વર્ણવેલ સંસ્થાની આ યોજના કેન્સલ કરી દેવામાં આવી હશે. કેસોમાં થતી ઢીલનું જો કારણ શોધવામાં આવે તો એ વાત ખુલીને સામે આવી જાય છે કે હિંદુસ્તાનની વસ્તીના વધારાની સાથે દેશની કોર્ટોના કેસોમાં વધારો થવો એ કેસોના પેન્ડિલ થવાનું સૌથી મોટુ કારણ છે અત્યારે હિંદુસ્તાનમાં એક સુપ્રિમ કોર્ટ અને અઢાર હાઈકોર્ટો છે જ્યારે કે ડિસ્ટ્રીક તથા સેશન કોર્ટની પણ સંખ્યા વસ્તીની સરખામણીએ મર્યાદિત છે અને એમાં પણ વધારો નથી થઈ રહ્યો. કદાચ એને લક્ષમાં રાખીને જસ્ટિસ સુભ્રવાલે કોર્ટોમાં વધારો કરવાની વાત કરી હતી. સારાંશ એ કે આઝાદી પછી દેશની કોર્ટ વ્યવસ્થા સતત અધોગતિનો શિકાર છે અને આ બીમારી પર આજ સુધી કાબૂ મેળવી શકાયો નથી.

## ★ દારુલ કઝાની જરૂરત શા માટે ? ★

એક પૂરાણી તથા મશહૂર કહેવત છે કે, **"ન્યાયમાં મોડુ થવું ન્યાય ન મળવા સમાન છે."** દેશની વર્તમાન કોર્ટ વ્યવસ્થાની જણાવેલ પરિસ્થિતિથી આપણા વતની ભાઈઓ એના બુરી રીતે શિકાર થયેલા છે. પરંતુ મુસલમાનોના કૌટુંબિક (નિકાહ, તલાક વગેરે) મસાઈલના હલને માટે વસ્તીની સરખામણીમાં દેશના ખૂણે ખૂણે ફેલાયેલા હજારો દારુલ કઝા એવા શરઈ ઈદારાઓ છે જ્યાં કેસોના ફેંસલા થોડાક કલાકોમાં કે થોડાક જ દિવસોમાં આપી દેવામાં આવે છે અને જ્યાંના ફેંસલાઓ થકી વાદી કે પ્રતિવાદીની વચ્ચે આપસમાં બગાડ કે દુશ્મની પણ નથી થતી. જ્યારે કે એથી ઉલ્ટુ પોતાના કેસોને કોર્ટમાં લઈ જનારાઓને સામાન્યતઃ જોવામાં આવ્યા છે કે તેઓ વચ્ચે ખાનદાની દુશ્મનીનો એક ન ખત્મ થનાર ક્રમ પણ શરૂ થઈ જાય છે.

કોર્ટ વ્યવસ્થાની કથળેલી હાલત જોતાં કહેવામાં આવે છે કે, "મુકદમાબાજી (સામ સામે કેસો લડવા) ઘરોની ખુશહાલીને બદ્‌હાલીમાં બદલી નાખે છે." આજે જે કોર્ટની સ્થિતિ છે ત્યાં એક ગરીબની પહોંચ આસાન નથી. કેસોની અસંખ્ય ભરતી અને ફેંસલાઓમાં ઢીલાશ તેની આર્થિક હાલતને કમજોર કરી દે છે. જ્યારે કે દારુલ કઝાના દરવાજા અમીર હોય કે ગરીબ સૌના માટે સમાન રીતે ખુલ્લા છે, જ્યાં કશાય ખર્ચ વિના મુસલમાનોના ફેંસલા સંભળાવવામાં આવે છે. મુસ્લિમ સમાજમાં દારુલ કઝાની એ જ મહત્વતાઓ તથા જરૂરતોને લક્ષમાં લઈને ૧૮–ઓગસ્ટના અંગ્રેજી વર્તમાનપત્ર "ટાઈમ્સ ઓફ ઈન્ડિયા"માં એક લેખ હતો **Poor Muslims are flocking to Sharia Court ?** (છેવટે શા માટે ગરીબ મુસ્લિમ દારુલ કઝા પ્રતિ જાય છે ?)

આ લેખકમાં એક છોકરીની આત્મકથા પણ પ્રસિદ્ધ થઈ છે. જેની શાદી ઈ.સ. ૨૦૦૨માં થઈ હતી, પણ થોડાક દિવસો બાદ તેના પર એ જાહેર થયું કે તેના પતિને વાઈની બીમારી છે જેના વિશે શાદી પહેલાં તેણે બતાવ્યું ન હતું. બીજુ એ કે તે તેના પર ત્રાસ પણ કરતો હતો અને અધિક દહેજની માંગણી કરતો હતો. આવા સંજોગોમાં છોકરીએ કોર્ટની દિશા પકડી. પોતાના કેસને કોર્ટમાં લઈ ગયા બાદ તેના પર શું વિત્યું તે નીચેના લખાણમાં વાંચો ! :–

"ઈ.સ. ૨૦૦૨માં છોકરીએ પોતાના સિવિલ પોલિસની સમાજી સર્વિસ બ્રાન્ચમાં કેસ દાખલ કર્યો જ્યાંથી તેને ફેમેલી કોર્ટમાં મોકલી દેવામાં આવ્યો. તે હાઈકોર્ટમાં જાય તે પહેલાં તેનો કેસ બે વરસ સુધી ચાલતો રહ્યો. ત્યારબાદ કેસની કેટકેટલીયે સુનાવણીઓ થઈ ચૂકી હતી પણ ફેંસલો ન થઈ શક્યો."

ત્યારબાદ તે છોકરી કહે છે કે, "હું કોર્ટના ધક્કા ખાઈ ખાઈને તંગ આવી ચૂકી હતી અને હવે હું ખુલઅ (છુટાછેડા) ચાહતી હતી એટલા માટે છેવટે મેં દારુલ કઝાની વાટ પકડી જ્યાંથી મને થોડાક જ દિવસોમાં ન્યાય મળી ગયો અને હવે હું બે વરસ પછી ચૈનની જિંદગી જીવી રહી છું."

આ કેવળ એક દૃષ્ટાંત નથી બલ્કે આવાં હજારો દૃષ્ટાંતો મૌજૂદ છે કે દારુલ કઝાએ હજારો બલ્કે લાખો હિંદુસ્તાની મુસલમાનોને રાહત પહોંચાડી છે. અને સૌથી મહત્વની વાત એ છે કે કોર્ટોનો બોજ કમ કર્યો છે. એ જ કારણ છે કે અમારતે શરઈય્યહના તમામ ફેંસલાઓને બિહાર હાઈકોર્ટે યથાવત રાખ્યા છે. જો આજે સુપ્રિમ કોર્ટ હિંદુસ્તાનના તમામ દારુલ કઝાને બંધ કરવાનો હુકમ લાગુ કરે તો **તે લાખો કેસો જે આ શરઈ ઈદારાઓમાં પહોંચે છે તે કોર્ટોમાં જશે, તો કોર્ટોની વ્યવસ્થાની શું હાલત થશે ?! તેની કલ્પનાથી પરસેવો આવી જાય છે !** કોર્ટ વ્યવસ્થાની આવી કઠળેલી સ્થિતિમાં આજે દારુલ કઝાની મહત્વતા પણ છે અને જરૂરત પણ છે. **દેશની કોર્ટોએ તો દારુલ**

**કઝાનો આભાર માનવો જોઈએ કે જ્યાં કેસોનો ભરાવો અને ફેંસલામાં મોડુ એમના માટે ચિંતાનો સવાલ બનેલો છે, એવામાં આ દારુલ કઝા પોતાના બંધારણીય અધિકારોની હદોમાં રહીને તેમને ભરપુર સહકાર કરી રહેલ છે.**

## ★ દારુલ કઝાને બંધારણીય રક્ષણ પ્રાપ્ય છે ★

હિંદુસ્તાનમાં કઝા (શરઈ અદાલત)ની વ્યવસ્થા પૂરાણાકાળથી ચાલી આવી છે. આઠમી સદી ઈસ્વીમાં જ્યારે હિંદુસ્તાનના મુસ્લિમો આવીને વિવિધ હિંદુ બાદશાહોના વિસ્તારોમાં વસી ગયા તો તેમણે તેમની ધાર્મિક જરૂરતોની પૂર્ણતા તથા અંગત મામલાઓના નિકાલ માટે એક ખાસ હોદ્દો સ્થાપિત કર્યો, જે હોદ્દેદાર મુસલમાનોના કૌટુંબિક કેસોનો નિકાલ શરીઅતની રોશનીમાં કરતો હતો. ૧૬મી સદીમાં જ્યારે હિંદુસ્તાનની હુકૂમત મોગલોના હાથોમાં આવી તો તેમણે આ કામને માટે બાકાયદા શરીઅતના નિષ્ણાતોને વિવિધ વિસ્તારોમાં નિયુક્ત કર્યા જેઓ કાઝી (ઈસ્લામી જજ) કહેવાયા. પછી જ્યારે ૧૯મી સદીમાં જ્યારે અંગ્રેજોએ દેશ પર કબ્જો જમાવ્યો અને સત્તાની લગામ પોતાના હાથોમાં લીધી તો ઈ.સ. ૧૮૮૦માં "કાઝી એક્ટ"ના નામથી એક કાનૂન પાસ થયો જેના હેઠળ રાજ્ય ગવર્નમેન્ટોને કાઝી નિયુક્ત કરવાનો અધિકાર આપવામાં આવ્યો. પણ આઝાદી પછી આ ક્રમ વેરવિખેર થઈ ગયો.

આઝાદી પછી જ્યારે દેશનું બંધારણ બન્યું તો એમાં પણ બે પ્રકારના કાનૂનો લાગુ કરવામાં આવ્યા, પ્રથમ પ્રકાર Criminal Code જેમાં જુર્મોની સજાઓ તથા અમુક વ્યવસ્થાને લગતી બાબતો આવી. એ પ્રકારમાં આવનાર તમામ કાનૂનો દેશના તમામ લોકોને માટે સમાન રાખવામાં આવ્યા. એમાં ધર્મ, વંશ અને નાતજાતના નામ પર કોઈ તફાવત રાખવામાં ન આવ્યો. બીજા પ્રકાર Civil Code (સિવિલ કોડ) છે જેના વર્તુળમાં તે તમામ કાનૂન આવ્યા જેનો સંબંધ અંગત તથા કૌટુંબિક મામલાઓ સાથે હોય છે, આ પ્રકારમાં આવનારા મોટા ભાગના કાનૂનો પણ તમામ લોકોને માટે સમાન રાખવામાં આવ્યા. હા ! સિવિલ કોડના એક હિસ્સાને જેને "પર્સનલ લો" કહેવામાં આવે છે તેમાં અમુક લઘુમતીઓ ખાસ કરીને મુસલમાનોને તેમના મઝહબના તરીકાઓ અને ઉસૂલોથી અમુક પાસાંઓમાં અલગ મઝહબી કાનૂનો પર અમલ કરવાનો અધિકાર આપવામાં આવ્યો, જેને "પર્સનલ લોની આઝાદી" કહેવામાં આવે છે. તેના હેઠળ મુસલમાનોને પણ શરીઅત એપ્લીકેશન એક્ટમાં એ અધિકાર આપવામાં આવ્યો કે નિકાહ તથા તલાક, વારસો, ભેટ, વકફ, વસિયત, ઈલા, ઝેહાર, લુઆન તથા અન્ય તમામ કૌટુંબિક મસાઈલમાં બંને પક્ષે મુસલમાન હોય તો અદાલતો શરીઅતની રોશનીમાં ફેંસલા આપશે.

આઝાદી પછી સરકારી ધોરણે કાઝી નિયુક્ત કરવાની વ્યવસ્થા પડી ભાગી, પણ બીજી બાજુ લઘુમતીઓ, ખાસ કરીને મુસલમાનોની ધાર્મિક, સામાજિક તથા કૌટુંબિક હક્કોની કરતાં **દેશના બંધારણની કલમ ૨૬(અ)માં કહેવામાં આવ્યું કે, ''દરેક ધાર્મિક સંપ્રદાયને અથવા તેના કોઈ તબકાને હક્ક હશે કે ધાર્મિક તથા ખૈરાતી હેતુઓના માટે ઈદારા સ્થાપવા તથા ચલાવવાનો અને (બ) પોતાની ધાર્મિક બાબતોની વ્યવસ્થા ખૂદ કરવાનો.''** *(ભારતીય બંધારણ, પેજ-૫૧, ૫૨, પ્રેસ : કૌમી કાઉન્સિલ-દિલ્હી)*

આ બંધારણીય હક્કો તથા અધિકારોને લક્ષમાં રાખતાં મુસલમાનોએ પોતાની મઝહબી જરૂરતોના માટે મોટા પાયા પર દારુલ કઝા સ્થાપ્યાં જેથી સરળતાપૂર્વક તેમના કૌટુંબિક મસાઈલના ફેંસલા થઈ શકે. **બંધારણે પોતાની ઉપરોક્ત કલમ હેઠળ એ હક્કોનો સ્વીકાર કર્યો છે કે વિવિધ ધર્મોના માનવાવાળા પોતાના પર્સનલ લોના**

**પ્રમાણે ઈદારા સ્થાપી શકે છે. એટલા માટે ભૂતકાળમાં વિવિધ કોર્ટોએ એવા ઈદારા તથા દારુલ કઝાને ડઝનબંધી કેસોમાં પણ માન્ય કરી લીધા, બલ્કે મોટાભાગના કૌટુંબિક મસાઈલમાં કેસો દાખલ કરનારાઓને એ વાત માટે પ્રોત્સાહિત કર્યા કે તેઓ પોતાના પ્રશ્નો શરઈ ઈદારાઓમાં લઈ જાય.** તેમ છતાં પણ લોચન કે જેને લોકશાહી, બંધારણ તથા કાયદાઓનું ઈલ્મ નથી કે ઘરેલુ તથા કૌટુંબિક મસાઈલમાં દરેક વ્યક્તિને પોતાના ધર્મની તા'લીમાતની રોશનીમાં અમલ કરવાની સંપૂર્ણ આઝાદી છે, અને શરઈ ઈદારાઓ વિરૂધ્ધ કેસ દાખલ કર્યો !

## ★ એક પાયાનો પ્રશ્ન ★

આ સંજોગોમાં એક સવાલ દિમાગમાં વારંવાર ઉઠે છે કે લોચને દારુલ કઝાને જ શા માટે ચેલેંજ કરી ? તેણે શરઈ ઈદારાઓને જ શા માટે કોર્ટોના સમાંતર ઠરાવી ? તેની અદાવતભરી તથા પૂર્વગ્રહી નજરો સિખોના "અકાલ તખ્ત", હિંદુઓના "વિ□ધર્મ સંસદ" અને ઈસાઈઓના "ફેમિલી ટ્રિબ્યૂનલ" પર કેમ ન ગઈ? કે જે આજે ડાયરેક્ટ દેશની કોર્ટો તથા પાર્લામેન્ટી વ્યવસ્થાતંત્ર માટે ચેલેંજ બનેલ છે, જેના ફેંસલાઓ શક્તિના બળે લાગુ કરવામાં આવે છે અને જ્યાં કેવળ કૌટુંબિક (નિકાહ, તલાક વગેરેને લગતા) કેસો જ દાખલ નથી થતા બલ્કે ફોજદારીના કેસો પણ રજૂ થાય છે. "અકાલ તખ્ત" પ્રમાણે જે એના ફેંસલાઓને નથી માનતો તેને સિખ સંપ્રદાયથી જ બહાર કરી દેવામાં આવે છે. જેમ કે હિંદના માજી રાષ્ટ્રપતિ જ્ઞાની ઝૈલસિંઘ અને બિહારના વર્તમાન ગવર્નર બુટાસિંઘની વિરૂધ્ધ સિખોના બે ધાર્મિક ફેંસલાઓ રાજકીય જગતમાં ખૂબ જ મશહૂર થયા. તેમની ધાર્મિક લીડરશીપે તેમને સિખ સંપ્રદાયની વિરૂધ્ધ સરકારી એજન્ટ ઠરાવ્યા હતા અને ગુનાની સજા રૂપે તે બંનેવને જ ગુરૂદ્વારામાં આમ શ્રદ્ધાળુઓના જોડા સાફ કરવાની સજા સંભળાવવામાં આવી. છેવટે તેમને મઝહબમાં પાછા લેવા માટે તે બંનેવે આ નામોશીભરી સજા સ્વીકારી અને ગુરૂદ્વારા સીસગંજના પગથિયે બેસીને ઝૈલસિંઘે શ્રદ્ધાળુઓનાં પગરખાં સાફ કર્યાં.

વર્તમાનનાં વર્તમાન પત્રો મુજબ શીવ સેનાના એમ.પી. શ્રી તાંગડેની નિગરાની હેઠળ મુંબઈ, પૂના તથા નાગપુરમાં કેટલીયે ડોમેસ્ટિક અદાલતો સ્થાપવામાં આવી જે દેશની કોર્ટોની સમાંતરે છે, એ અદાલતોમાં પતિ પત્નીને લગતા, કારોબારી તથા મિલ્કતોને લગતા કેસો રજૂ થાય છે અને આ અદાલતો પોતાના ફેંસલાઓ "પ્રાઈવેટ સેના" થકી લાગુ પણ કરાવે છે અને બાકાયદા કોર્ટની ફી પણ વસૂલ કરે છે. અને આ જ હાલ લગભગ "ઈસાઈ ફેમેલી ટ્રિબ્યૂનલ"નો છે જેની કોઈ પણ બંધારણીય હૈસિયત નથી, અને જે ખરેખર દેશની કોર્ટોની સમાંતરે કામ કરી રહી છે. પણ કૌમવાદી ઝહેર ફેલાવનારા લોચન જેવા લોકોની નજરો એ ઈદારાઓ પર નથી જતી !

## ★ અંતિમ વાત ★

આ વિગતો પછી હવે એ સ્પષ્ટ થઈ જાય છે કે દેશના સર્વ દારુલ કઝાની બંધારણીય હૈસિયત હોવા પછી પણ લોચને તેમના અસ્તિત્વને ગૈર કાનૂની ઠરાવતાં તેમના પર પ્રશ્નાર્થ ચિન્હ ઉભુ કરવાની કોશિશ કરી છે અને એ કેવળ એક લોચનની વાત નથી બલ્કે **આપણા દેશમાં ભૂખ્યા વરૂઓનો એક મોટો તબકો મૌજૂદ છે જેઓ પોતાના દાંતોને તેજ કરીને ઈસ્લામ તથા દીની માન્યતાઓ તથા રિવાજો પ્રતિ ઘાટ લગાડીને બેઠો છે કે ક્યારે તેમને મોકો મળે અને તેઓ તેને ફાડી પીંખીને કોળિયો કરી જાય.** પરંતુ હવે આપણી જિમ્મેદારી છે કે આપણે દેશની હાલતોને લક્ષમાં રાખીને જઝબાત તથા વિરોધ પ્રદર્શિત કરવા પર બુદ્ધિ તથા સમજને અગ્રતા આપીને તેમનો શિકાર થવાથી બચીએ અને ફરીવાર આ મસ્અલાને શાહબાનુ કેસ ન બનવા દઈએ. *(જામેનૂર, ઓક્ટો–૨૦૦૫, દિલ્હી)*

કાર્યાલય

# બાળકોનો તર્બિયતી ગુલશન

## જિન્નાતની વફાદારી

મક્કા શહેરમાં એક કાફિરનું નામ વલીદ હતું એની પાસે સોનાની એક મૂર્તિ હતી. જેને એ પોતાનો દેવતા માનતો હતો, અને સવાર સાંજ એની પૂજા કર્યા કરતો હતો. એક દિવસ એ મૂર્તિ બોલવા લાગી! વલીદે આ સાંભળી તેના તરફ ધ્યાન આપ્યું તો મૂર્તિ કહી રહી હતી કે, અય લોકો! મુહમ્મદ (ﷺ) અલ્લાહના રસૂલ નથી એમની વાત ન માનશો.

આ સાંભળી, વલીદ ઘણો જ ખુશ થયો. ઘરેથી નીકળીને પોતાના દોસ્તોને મળ્યો અને કહ્યું, મુબારક હજો! આજે અમારો દેવતા બોલ્યો છે અને સાફ સાફ એણે કહ્યું છે કે મુહમ્મદ (ﷺ) અલ્લાહના રસૂલ નથી. આ સાંભળીને ઘણા બધા લોકો વલીદના ઘરે આવ્યા અને દરેકે પોતાના કાનથી સાંભળ્યું કે મૂર્તિ સરકારે મુસ્તફા ﷺ ના વિરૂદ્ધ એ જ બોલી રહી છે. બધા કાફિર આ નવા બનાવથી ઘણા જ ખુશ થયા. વલીદે આખા મક્કામાં એલાન કરી દીધું કે અમારો દેવતા બોલી રહ્યો છે.

બીજા દિવસે મક્કાના નાના મોટા અને બધા નવજવાનો બધા લોકો જમા થઈ ગયા. કાફિરોએ પ્યારા મુસ્તફા ﷺ ની પાસે ખબર મોકલી કે આપ આવીને અમારા દેવતાનું બયાન સાંભળી લો! જેથી સરકારે મુસ્તફા ﷺ તશરીફ લઈ ગયા. જ્યારે આપ ત્યાં પહોંચ્યા તો મૂર્તિ એવી રીતે બોલવા લાગી, અય મક્કાના કાફિરો! મુસ્તફા ﷺ અલ્લાહના સાચા રસૂલ છે. એમની દરેક વાત સાચી છે અને એમનો દીન સાચો છે, તમે અને તમારી મૂર્તિ જૂઠાં છે. જો તમે એ સાચા રસૂલ પર ઈમાન નહીં લાવશો તો દોઝખમાં જશો! જેથી અક્કલથી કામ લો અને એ સાચા રસૂલના ગુલામ બની જાવ!

મૂર્તિનું આ બયાન સાંભળીને વલીદ ગુસ્સામાં આવી ગયો અને પોતાના દેવતાને ઉઠાવીને જમીન પર પટકાવી એના ટુકડે ટુકડા કરી દીધા. હુઝૂર અકદસ ﷺ જ્યારે પાછા તશરીફ લાવ્યા તો રસ્તામાં એક લીલો ઘોડેસવાર હુઝૂર ﷺ ની સામે આવ્યો. એના હાથમાં તલ્વાર હતી જેનામાંથી લોહી ટપકી રહ્યું હતું. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, તમે કોણ છો ?! તો બોલ્યો, હુઝૂર! હું જિન્નાતની કોમમાંથી એક જિન્નાત છું અને હું સરકારનો ગુલામ અને મુસલમાન છું, તૂર પહાડ પર રહું છું, મારું નામ મહીન બિન અબહર છે, હું થોડાક દિવસોના માટે ઘરેથી બહરા ગયો હતો. આજે જ્યારે હું મારા ઘરે પાછો આવ્યો તો જોયું કે ઘરવાળાં રડી રહ્યાં હતાં. મેં પૂછયું, તમે લોકો કેમ રડી રહ્યાં છો ? એમણે જણાવ્યું કે એક કાફિર જિન્નાત જેનું નામ મુસફિર છે, તે કાલે મક્કા ગયો હતો, એણે વલીદની મૂર્તિમાં પ્રવેશીને પ્યારા મુસ્તફા ﷺ ના વિરુદ્ધ બકવાસ કર્યો હતો અને આજે પાછો ગયો છે જેથી મૂર્તિમાં પ્રવેશીને પાછો હુઝૂરના વિરુદ્ધ બકવાસ કરે. ઘરવાળાંઓથી આ વાત જાણીને મને એ કાફિર જિન્નાત પર ખૂબ જ ગુસ્સો આવ્યો એટલા માટે હું તલ્વાર લઈને એની પાછળ દોડયો અને એને રસ્તામાં જ કતલ કરી દીધો. પછી આગળ વધીને હું વલીદની મૂર્તિની અંદર પ્રવેશી ગયો. યા રસૂલલ્લાહ! આજે મૂર્તિથી જે અવાજ નીકળ્યો છે તે મારો જ અવાજ હતો.

હુઝૂર ﷺ એ આ બનાવ સાંભળીને ખુશી અનુભવી અને પોતાના આ ગુલામ જિન્નાતના માટે ખૂબ ખૂબ દુઆઓ આપી.

**ફાયદો :** આનાથી ખબર પડી કે રસૂલુલ્લાહ ﷺ ની ઈજ્જતનો સવાલ હોય ત્યારે જો કોઈ વફાદાર પોતાના રસૂલની વફાદારીમાં લડે તો આ લડવું એ એના રસૂલની રઝાનું કારણ અને ખુશનુદીનું કારણ છે, કેમ કે મુસલમાન જિન્નાતે કાફિર જિન્નાતને માત્ર પોતાના આકા વ મૌલા ﷺની મહોબ્બત તથા વફાદારીમાં કત્લ કરી નાખ્યો તો હુઝૂરે ખુશી જાહેર કરી અને ખૂબ ખૂબ દુઆઓ આપી.

# બરકાતે ખ્વાજાની ટપાલ

## ★ અમારા પેટ્રન થયા છે ! ★

જનાબ અબ્દુલ લતીફ અન્સારી (કોન્ટ્રાકટર), મુસ્લિમ સોસાયટી ભરૂચ રૂા. ૧,૦૦૦/– ભરીને બરકાતે ખ્વાજા (માસિક)ના પેટ્રન બન્યા છે. જઝાકલ્લાહ !

## ★ બાળકોની તા'લીમ માટે એડમિશન મેળવો ★

**પેટલાદ** : રઝા મુસ્લિમ વેલ્ફેર ટ્રસ્ટ સંચાલિત દારુલ ઉલૂમ કાદરિયા રઝવિય્યા–પેટલાદ (જિ. આણંદ)માં આપનાં બાળકોને દીની દુનિયાવી તા'લીમ આપવા માટે સંપર્ક કરો. અમારા ઈદારામાં હાફિઝ, કારી, આલિમ, ઉર્દૂ, અરબી, ફારસી વગેરેની તા'લીમ આપવામાં આવે છે. ૧૫ શવ્વાલ સુધી એડમિશન ચાલુ રહેશે એવું સંસ્થાની યાદીમાં જણાવાયું છે. (મો. ૯૪૨૬૦ ૭૫૯૨૮)

## ★ મદ્રસા અન્વારે મુસ્તફા હિફઝુલ કુર્આનની સ્થાપ્ના ★

**જૂનાગઢ** : ખાનકાહે રઝવિય્યહ નૂરિય્યહના સજ્જાદા પીરે તરીકત મૌલાના ગુલઝાર અહમદ સાહબ નૂરી રઝવી જણાવે છે કે તા. ૧–૧૨–૦૩ના રોજ મુફતીએ આ'ઝમ ફાઉન્ડેશન ટ્રસ્ટની સ્થાપ્ના થઈ હતી ત્યારથી કૌમની સેવા માટે એક એમ્બ્યુલન્સ ચાલુ કરી હતી હવે રમઝાન બાદ ''નૂરી ક્લીનીક'' તેમજ ''મદ્રસા અન્વારે મુસ્તફા હિફઝુલ કુર્આન'' શરૂ થશે, ઈન્શાઅલ્લાહ ! મદ્રસામાં હિફઝો કિરાઅતનો કોર્સ શરૂ થશે જેમાં દાખલ થનાર તલબાને ખાવા, પીવા, રહેવા, કપડાં, દવા ઈલાજ વગેરે સગવડો મફતમાં મળશે. દાખલ થવા ઈચ્છનાર વહેલી તકે સંપર્ક કરે. (રજૂ. ખાનકાહે રઝવિય્યહ, મસ્જિદે રઝા, ઉધીવાડા, જૂનાગઢ, ફોન : ૦૨૮૫–૨૬૨૫૮૧૬, મો. ૯૮૨૫૦ ૬૧૫૧૭)

## ★ ઈમદાદની અપીલ ★

**જંબુસર** : ''હુસૈની કમિટી, જુમ્મા મસ્જિદ, જંબુસર–૩૯૨૧૫૦ જિ. ભરૂચ'' કૌમે મુસ્લિમની દીની દુનિયવી ઉન્નતિ કાજે વિવિધ પ્રવૃતિઓ થકી બેહતરીન ખિદમત કરી રહી છે જેથી તેને મજબૂત બનાવવા લિલ્લાહ, ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત વગેરે આપી અપાવી સહકાર કરશો. સંપર્ક નંબર : મો. ૯૮૨૪૫ ૫૩૫૦૫ (**રજૂ.** ઝાકિર હુસૈન શૈખ–જંબુસર તથા કે. એમ. રાઝ બુવાવાળા)

**જંબુસર** : નગરના મેઈન બજાર ''એક ટોડા મસ્જિદ''નું બાંધકામ નાણાના અભાવે અધુરું છે, અંદાજે રૂા. બે લાખનું કામ બાકી છે તો સખી દાતાઓ પોતાના તેમજ મર્હૂમોના સવાબ અર્થે આ ગરીબ એરિયા તરફ ધ્યાન કરે એવી અરજ છે.

**સંપર્ક સરનામુ** : હાજી હફીઝુદ્દીન સોદાગર બાપુ, મેઈન બજાર, એકટોડા મસ્જિદ સામે–જંબુસર, મો. ૯૮૨૪૫ ૫૩૪૯૯

**વાગરા** : જુમ્આ મસ્જિદ ઘણી પૂરાણી જર્જરિત હોવાથી શહીદ કરીને ફરી બંધાઈ રહી છે. આર્થિક સ્થિતિ નબળી હોવાથી કામ મંદ ગતિએ ચાલે છે તો સખી દાતા જરૂરથી સહકાર કરે એવી અપીલ છે.

**સંપર્ક સરનામુ** : જુમ્આ મસ્જિદ, ઠે. વાંટામાં, મુા.પો.તા. વાગરા, જિ. ભરૂચ

**ટુંડજ** : ખાતે ૨૫ વરસો બાદ સુન્ની ભાઈઓના હાથમાં મસ્જિદનું સંચાલન આવ્યું છે પણ મદ્રસાનું મકાન ન હોવાથી ૪૦ બાળકોને પઢવા માટે તાત્કાલિક મદ્રસાની વ્યવસ્થા તેમજ મસ્જિદના ઈમામ માટે રૂમ બાંધવાની જરૂરત છે તેમજ મસ્જિદમાં ભેજ ફૂટી નીકળે છે જેના માટે રિપેરિંગની જરૂરત છે તો સખીદાતાઓ મર્હૂમોના સવાબ અર્થે આ ગરીબ ગામ પ્રતિ ધ્યાન કરે એવી અપીલ છે.

**સંપર્ક સરનામુ** : મુતવલ્લી અજીત ભારતસંગ રાણા, મસ્જિદે ગૌષિયા, મુ.પો. ટુંડજ, તા. જંબુસર, જિ. ભરૂચ, ફોન : ૦૨૬૪૪–૨૩૫૨૦૫, ૨૩૫૨૫૧

**બાજીપુરા** : (તા. જિ. આણંદ) મુતવલ્લી ઐયૂબમિયાં છોટુમિયાં મલેક જણાવે છે કે ૪૦ ઘરની વસ્તીમાં મસ્જિદ નીચાણમાં હોવાથી પાણી ભરાઈ જાય છે. ૫ લાખનો ખર્ચ કરી ફરી બનાવવી પડે તેમ છે તો સહાય કરવા અપીલ છે.

### ★ જશ્ને ગરીબ નવાઝ મનાવાયો ★

**જંબુસર** : મસ્જિદે નૂર રઝા–પંચશીલ ખાતે તા. ૧૨–૮–૦૫ જુમ્આના રોજ સૈયદ અમીરુદ્દીન સાહબ માસ્તરની સદારતમાં જશ્ને ગરીબ નવાઝ મનાવાયો જેમાં હઝરત મૌલાના હાજી મુહમ્મદ સાદિક સાબરી દહેગામીએ શાને ખ્વાજામાં વલવલાઅંગેઝ ખિતાબ ફર્માવ્યો. (રજૂ. અલ્લારખા ફુટવાલા)

### ★ જશ્ને દસ્તારબંદી ★

**કુરચણ** : થી હાફેઝ યૂસુફ આદમ કુરચણવી જણાવે છે કે મદ્રસાએ શમ્એ હિદાયતુલ ઈસ્લામિયા કુરચણમાં જનાબ હાફેઝ અબ્દુલમજીદ સાહબ પાસે પાંચ હાફિઝો તૈયાર થતાં તેમની દસ્તારબંદી તા. ૨૬–૯–૦૫ના રાત્રે ઈશા બાદ શેરે સૌરાષ્ટ્ર ખલીફાએ તાજુશ્શરીઆ હઝરત મૌલાના સૈયદ સલીમબાવા બેડીવાળા (જામનગર)ના મુબારક હસ્તે કરવામાં આવી. આપે ખૂબ જ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. નિઝામતમાં મૌલાના મોહસિન મક્કી (સેગવા) હતા. ઘણા બધા મકામી તેમજ બહારના ઉલમા, હુફ્ફાઝ, મુબલ્લિગો તથા અવામે હાજરી આપી જશ્નને કામયાબ કર્યો હતો.

**દયાદરા** : ખાતે પણ મદ્રસા મઝાહેરુલ ઉલૂમમાં ફારિગ થનાર પાંચ હાફિઝોની દસ્તારબંદી તા. ૨૧–૧૦–૦૫ના રોજ રાત્રે ઈશા બાદ મોટા ચકલા પર શાનો શૌકત સાથે પીરે તરીકત હઝરત મૌલાના સૈયદ બડા સાહબની સદારતમાં કરવામાં આવી. હઝરત મૌલાના સૈયદ સલીમબાવા બેડીવાળા સાહબે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

**હિંમતનગર** : મદ્રસા ફાતિમાતુઝ્ઝોહરા મુલહેકા દારુલ ઉલૂમ હસનીયા ટ્રસ્ટ–હિંમતગર ખાતે દરજએ કિરાઅતમાં ફારિગ થનારી ૧૦ તાલિબાતને સનદ અર્પણ વિધિનો પ્રોગ્રામ તા. ૧૭–૯–૨૦૦૫ શનિવારે ઝહોર બાદ (ઔરતો માટે) મદ્રસા હાઈસ્કૂલ કંપાઉન્ડ ખાતે રાખવામાં આવ્યો જેમાં આલિમા ફાઝિલા અનીસા પટેલ તથા રૂબીના પટેલ (પાલેજવાલા)એ નઅત તથા ઔરતોની ઈસ્લાહ માટે બયાન કર્યું હતું. હિંમતનગરની મુબલ્લિગા બહેનો તથા આમ ઔરતોએ હાજરી આપી હતી. નિઝામત આલિમા ફિરદોસ બાનુ રાજેભાઈએ સંભાળી હતી.

**ઉમલ્લા** : ખાતે હઝરત મુશ્તાક અલીબાવાના શાહઝાદા સૈયદ વાહિદઅલી બાવાની સદારતમાં મદ્રસા નૂરુલ ઈસ્લામના બાળકોનો જલ્સો તા. ૨૭–૯–૨૦૦૫ના રોજ યોજાયો. હાફિઝ રિયાઝ સાહબે તિલાવત કરી બાદમાં મૌલાના યાસીન અશરફી દેહગામીએ નિઝામત સંભાળી હતી. મદ્રસાના તલબા–તાલિબાતે નઅત શરીફ–તકરીર–મુકાલેમા પેશ કરી હાજરજનોને મુગ્ધ કરી દીધા હતા. અંતમાં વાહિદ બાપુએ બયાન કર્યું હતું. *(રજૂ. બિલાલ ખત્રી)*

**સીસોદરા** : થી ઈસ્માઈલભાઈ સોલંકી ઉપ પ્રમુખ ગુલશને મદીના ટ્રસ્ટ જણાવે છે કે તેમના મર્હૂમ ચાચા નૂરખાં બાજીખાંના ચેહલૂમ પર તા. ૧૦–૯–૦૫ના રોજ શાનદાર તકરીરી જલસો થયો જેમાં જનાબ સુલ્તાન રઝા મુબલ્લિગે સુન્ની દા'વતે ઈસ્લામીએ નઅતે પાકના ગુલદસ્તા પેશ કર્યા હતા તથા પેશઈમામ શિનોર જામા મસ્જિદ જનાબ મૌલાના ઉમર સાહબે નિરાલા અંદાઝમાં નમાઝ વિશે બયાન કર્યું હતું. ઘણા આસપાસના મૌલાના હાજર રહ્યા હતા.

**વડોદ (જિ. આણંદ)** : ખાતે હઝરત ધારીશા બાબા رحمۃ اللہ علیہ નો ઉર્સ મુબારક તા. ૪–૯–૨૦૦૫ના રોજ મનાવયો જે પ્રસંગે સુન્ની દા'વતે ઈસ્લામીનો શાનદાર રૂહપરવર સુન્ની ઈજતેમા યોજાયો. જેમાં મુબલ્લિગ સુલ્તાન રઝા (વડોદરા), જનાબ સૈયદ મુહમ્મદ દસ્તગીર (હાડગુડ) તથા જનાબ સૈયદ મુહમ્મદ ઈકરામ (વડોદરા)એ નઅતિયા મેહફિલ

યોજી, બાદમાં હાફેઝ અબ્દુર્રહીમ ભરૂચીએ વલીઓની પાકીઝા જિંદગી પરથી બોધ લઈ તેમના તરીકા પર ચાલવા સંબંધે ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.

*(રજૂ. સૈયદ અમજદઅલી–હાડગુડ)*

## ★ ઈન્તેકાલ પુર મલાલ ! ★

**જંબુસર** : થી સૈયદ હસ્મતબાપુ જણાવે છે કે હાજી ઉમરભાઈ મેમણ મોભાવાળાનાં અહલિયા હજીયાણી જેનાબાઈ વડોદરા ખાતે તા. ૨૩–૮–૦૫ ના રોજ ઈન્તેકાલ કરી ગયાં. હઝરત સૈયદ મોઈનુદ્દીનબાવા (ખાનકાહે અહલે સુન્નત વડોદરા)એ નમાઝે જનાઝા પઢાવી હતી. રબ તઆલા મગફેરત ફર્માવે. (આમીન)

**દયાદરા** : ખાતે જનાબ ઈસ્માઈલભાઈ આડીયાના અહલિયા ફાતિમા તા. ૧૬–૮–૦૫ના રોજ ઈન્તેકાલ કરી ગયાં. મૌલા તઆલા મર્હૂમાની મગફિરત ફર્માવે અને જન્નતમાં આ'લા મકામ અતા કરે અને કુટુંબીજનોને સબ્રે જમીલ આપે. (આમીન)

*–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

## એક જરૂરી ખુલાસો

**"બરકાતે ખ્વાજા (માસિક)** ઓકટો–૦૫ના પેજ નં. ૪૭ ઉપર "એક સમાચાર" ઈકરા કોલોની બાસ્કાના રહેવાસીઓ લિખિત પત્ર થકી જે પ્રસિદ્ધ થયા હતા તેના સંબંધે અંજુમને ઈમ્દાદુલ મુસ્લિમીન–ભરૂચના સેક્રેટરી મૌલાના હબીબુર્રહમાન મતાદારે અબ્દુલકાદર ગુલામરસૂલ સુજનીવાળા (ભરૂચ)ના મારફત વિનંતિ સાથે ખુલાસો લખી મોકલ્યો જેનો ટૂંકસાર અત્રે રજૂ છે :–

★ આ કોલોની રમખાણગ્રસ્તો માટે બનાવી હતી. અરજી કરનારઓમાંથી જે લોકોને ફાળવવામાં આવી તેઓને હંગામી ધોરણે વહેલી તકે પોતાની F.I.R. પંચનામુ, અસરગ્રસ્ત હોવા વિશેનો દાખલો....વગેરે સંસ્થાને જમા કરાવવાનું હતું જે આજ સુધી એ ઈકરા કોલોનીમાં વસતી બે વ્યક્તિઓ રજૂ કરી શકેલ નથી. તે બે વ્યક્તિઓ તથા કોલોની બહારની બીજી બે વ્યક્તિઓએ તમને જે પત્ર મોકલ્યો હતો તેમાં ખોટી તથા જૂઠી વિગતો રજૂ કરી હતી.

★ હૈદ્રાબાદની સંસ્થા યુનાઈટેડ ઈકોનોમિક ફોરમે આ કોલોની બનાવવામાં અમને મદદ કરી એ વાત મનઘડત છે. એ સંસ્થાનો એક પૈસો અમને મળ્યો નથી.

★ કોલોનીની વ્યવસ્થા તથા નિભાવખર્ચ રૂપે લીધેલી રકમની સંપૂર્ણ રસીદો બની છે અને અમારા રિપોર્ટમાં એનો વિગતે ઉલ્લેખ કરેલો છે.

★ બાસ્કા ગામના કોઈ વ્યક્તિએ તબ્લીગી જમાઅત મોકલી હોય અને ઈકરા કોલોનીમાં મારપીટ થઈ હોય એવું અમારી જાણમાં નથી. તેઓ પણ એ વાતનો કે એવા બનાવનો ઈન્કાર કરે છે.

★ મસ્જિદ દરેક મુસલમાન માટે બની છે તેમાં સંપ્રદાયનો ભેદભાવ નથી અને વહિવટ અને ખર્ચ અમારો છે એના માટે કોઈ વ્યવસ્થા કે નિભાવ ખર્ચ લેવામાં આવ્યો નથી જેનું ઉદ્‌ઘાટન થાય એ પહેલાં કોર્ટ થકી મનાઈ લઈ હાલ તાળાં તોડી એનો નાજાઈઝ કબ્જો તેમણે લીધો છે....

**તંત્રીની નોંધ :** મસ્જિદ જ્યારે તે કોલોનીવાળા માટે જ છે અને તમે સંપ્રદાયનો ભેદ રાખતા નથી તો શા માટે તેમને તાળાં ન ખોલી આપ્યાં કે તેમને કોર્ટે ચઢવું પડયું ? અને તમે કહ્યું કે દરેકના માટે મસ્જિદ છે જે નમાઝ પઢવાના માટે વપરાશે તો નાજાઈઝ કબ્જો કઈ રીતે થયો ? એ વાત તેમજ તબ્લીગી ઈમામ (પાલનપૂરી) અગાઉ શાથી રહેવા દીધો હતો તે સમજમાં ન આવ્યું ! ઝઘડાવાળી વાત પણ અધ્યાહન જ રહી છે, સ્પષ્ટ નથી. કેમ કે ગમે તેમ પણ ઝઘડો થયાના કેસો થયેલા છે એની તો તમને જાણ હશે જ. કુછ તો હૈ જિસ્કી પર્દાદારી હૈ !